જોઈ ઠગાવું નહીં પણ અંદરનો સાર જોઈને લેવી.

શ્રી નવીન

# ભર્તૃહરી નાટક મોટું

## ત્રિઅંકી.

રચનાર.

**H. M.**

છપાવી પ્રસિદ્ધ કરનાર.

**શા. છોટાલાલ છગનલાલ બુકસેલર.**

અમદાવાદ—રીચીરોડ.

આવૃતી ૧ લી.     પ્રત. ૨૦૦૦.



અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ. દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૬૦     સને ૧૯૦૪.

કીંમત રૂ ૦-૮-૦

નામ જોઈ ઠગાવું નહીં પણ અંદરનો સાર જોઇને લેવી.

શ્રી નવીન

# ભર્તૃહરી નાટક મોટું

## ત્રિઅંકી.

રચનાર.

H. M.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. છોટાલાલ છગનલાલ બુકસેલર.

અમદાવાદ—રીચી રોડ.

આવૃતી ૧ લી. પ્રત. ૨૦૦૦.



અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ. દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૫૦ સને ૧૯૦૪.

કીંમત રૂ ૦-૮-૦.

# નાટક પાત્રો.

## પુરૂષવર્ગ.

સુત્રધાર...........નાટકનો મુખ્ય અધિકારી.

વિદુષક..... ......મશ્કરો અધિકારીનો મદદગાર.

ભર્તૃહરી...........માળવાનો રાજા.

વિક્રમ.............ભર્તૃહરીનો નાનો ભાઈ.

હયપાળ..........અશ્વોનો રખવાળ.

દારિદ્રદાસ .......ભિક્ષુક બ્રાહ્મણ.

( પ્રધાન, સૈન્યાધીપતી, કોટવાળ, બ્રાહ્મણનો છોકરો, યોગીઓ, પ્રજાવર્ગ, છડીદાર વીગેરે ).

## સ્ત્રી વર્ગ.

નટી...............સુત્રધારની સ્ત્રી.

પિંગળા.... ......ભર્તૃહરીની મુખ્ય પટરાણી.

કામલતા........ પિંગળાની દાશી.

અનંગસેના......ગુણકા.

( સખિઓ, ભર્તૃહરીની બીજી રાણીઓ તથા તેમની દાશીઓ, બ્રાહ્મણની સ્ત્રી વીગેરે ).

ભસ્મિભુત કરે છે. અરે નિચવૃતિની ! મારા પ્યારા બંધુનો પણ વિયોગ કરાવામાં ચુકી નહીં અરે હાય !

( રડતો રડતો ) સહીયર શું દુઃખ દાખવું એ રાહ.

હાય બંધુ હાય હાયરે, કીધો દેશ નીકાલ;
ભાવ દોડીને આંહી તું, મળવા મુંને હાલ.
કટુ વચનનો માર દઇ, કાઢયો હાલ બેહાલ;
માફ કરજે તું ભ્રાતને, તારો સમાવી કાળ. હાય
પાપી પીંગળાના પ્રબોધથી, મુકયો માથે આરોપ;
એહ દુષ્ટાએ બહુ કર્યો, ભાઇ મારારે કોપ. હાય
આવીને રાજ સંભાળજે, પ્રજા પુત્ર સમાન;
અદલે ન્યાય તું તોળજે, રાખી દીલમાં ભાન હાય
પીંગળાના દુષ્ટ કૃત્યથી, તજુ ભ્રાત આરાજ;
કરશોન વિશ્વાસ ત્રિયાનો, કહું આર્ય સમાજ હાય

(ગદ્ય). બંધુ બંધુ ! મે મારી અજ્ઞાનતાએ તને દેશવટાનું ભારે દુઃખદઇ મોટી ભુલ કરી છે તારા તે વખતના માર્મિક વચનો છો સાર નહીં સમજ્યો તેથી આવો વખત આવ્યો છે. તને દેશ નિકાલ કરતી વખતના વાકયો તે વખતે મને પ્રહાર સમજણાતાં હતાં તે આ સમયે દરેકે દરેક બોલ અમૃતમય લાગે છે, અરે ભ્રાતા! હું કેવો અધીક કે તારો મારો ઉપર કરેલો સઘળો ઉપકાર ભુલી જઇ વિષયમાં અંધ થઇ તને નાહક દુઃખ સાગરમાં ઝંપલાવી દીધો અરે વિક્રમા! તેનો બદલો આ સમયે આવી તે તારી સમશેરથી વાલ. કુલટાની પ્રપંચ જાળથી ફસાઇ તારા સુખનું સત્યાનાશ વાળનારને એકદમ રેંશી નાખ અરે વાહાલા બંધુ! તારી શી દશા હશે? તેં કોઇ દીવસ તાપ તડકો નહીં જોયેલો અને નહીં અનુભવેલો તેનું અસહ્ય સંકટ કેવી રીતે સહન કરતો હશે ? જ્યાં ફાડી ખાનારા અને જીવ લેહણુ પશુ પક્ષિઓ આમ તેમ ઘુમી આનંદમાં ફરનારા એવા નિરજન વનને તેં શી રીતે પ્રસાર કર્યાં હશે. શું તને કોઇ દુષ્ટ પ્રાણીએ તારા આતમાને દેહથી જુદો તો નહીં કર્યો હોય ? ધિક્કાર છે તારા વિષયાંધભાઇ ભાઇને કે કામને વશ થઇ કમજાત કામનિના કહેણુની તને કટુ વચનનો પ્રહાર દઇ રખડતો રઝળતો કર્યો. જો આ સમયે તારા સુખદ સમાચાર આપનારના દળિદ્ર દુર કરી નાંખું. અસ્તિના સુખદ સમાચાર

સાંભળવાનું આકર્ણના ભાગ્યમાં ક્યાંથી હોય ! અહો મારા પ્યારા બંધુ ! આ વખત તું ક્યાં હઇશ ? હું તને હવે મારી ચર્મ ચક્ષુથી ક્યારે જોઇશ ? અરે વાહાલા ! તને થોડીજ ખબર છે કે તારી દુર્દશા કરનાર ભાઈની શી અવસ્થા થઇ છે ? જે અપાર સુખનો ભોક્તા હતો તે અત્યારે અનંત દુઃખના દાવાનળમાં બળ્યાં કરેછે. તું આવ, ભેટ અને તારા પર કરેલા અપકારનો બદલો લે આ માળવાની પાયમાલ થતી ગાદીને સાંભળ, ને નધણિયાતી પ્રજાનો સ્વામિ થા. હવે આ તારો કામાંધ ભાઇ કાંઇ પણ કામને લાયક રહ્યો નથી.

વિષય તારાં પંજામાં અનેક જનોને સપડાવી તેઓના જાન માલનું, તેઓની કીર્તિનું, ધનનુ, અને સર્વ રાજ્ય રીદ્ધિનું નિકંદન કર્યું છે. તારામાં લુબધ થયેલા નરો, માત, બેન, કે દીકરીની ખાટને જોઇ શકયા નથી. મોટા મોટા દેવો પણ તારી અપાર શક્તિને તાબે થઇ ગયા છે તો પછી પામરનું શું ગજું. અરે દુષ્ટ કામ ! તારૂં નામ સાંભળતાંજ મને કંપારી છુટે છે. મારૂં નિકંદન કરનાર તથા મારા ભ્રાતથી જુદો પડાવનાર પણ તુંજ છે. અરે મેં તારૂં શું બગાડ્યું હતું ? કે મારા ઉપર પણ ત્રાપ મારવા મુકયો નહીં. જે તારૂં સેવન કરે તેનું આ ફળ ! બીજા દેવોનું સેવન અને સમરણ કરવાથી અસહ્ય સંકટ નિવારી અપાર સુખને આપે છે ને તું તો તેથી વિપરીત ચાલે છે. આતે તારો કેવો જુલમ ! તને દેવ તરીકે માનનારનીજ મોટી ભુલ છે. તારૂં સમરણજ માત્ર દુઃખ દાઈ છે તો શેવન કર્યાથી શુ ન કરી શકે ? પંડીત પુરૂષોએ તને ધિઃકાર્યો છે તથા શિવજીએ તને ભસ્મ કર્યોછે, તે શિક્ષાને તું ગોણજ નથી. તારો આભાસ ફકત આટલો જુલમ કરે છે. તો તું પોતે સાક્ષાત હોય તો કોણ જાણે કેવો દાટ વાળે ? ધિઃક્કાર છે પાપિ તને ! તું દેવ નહી પણ દાનવ છું ! ચોર છું ! ચંડાળ છું ! લુટારો છું ! હિસંક છું, મદીરાવત છું એવી એવી રીતે અનેક અવગુણથી ભરેલો, દુઃખનો દેનારો અને અનેક રીતે સંતાપનારો છું. તને જે પુરૂષ પોસે છે તેને પણ ધિઃક્કાર છે તથા. તને જે જડ માન આપે છે તેને પણ ધિઃક્કારછે કારણકે તું તો નર્કમાં લઇ જનાર સથવારો છું. સ્વર્ગ સુખને અટકાવનારો એવા હે દુષ્ટ કામ તને છેલ્લા પ્રણામ છે જેઓ એકેક ઇંદ્રીના વશ થવાથી મહા દુઃ-

# પ્રવેશ ૫ મો.

## સ્થળ પીંગળાનો મહેલ.

**પાત્ર**—પિંગળા અને દાશી પાછળથી ભતૃહરીને માણેકનાથ

**પિંગળા**—(રૂદન કરતી) જનુનિ જીવોને ગોપીચંદની એરાહ.

અરરર કૃત્ય આ શું મેં કીધુ, કીધો નાહ વિચારજી,
સ્વામિ તજી ગયા મુજને, તરછોડી આવારજી.
અરરદશા શી મારી થશે.
લાજ ધરી નહીં કોઇની, સુખે સેવ્યો વ્યભિચારજી;
અંધ બની ફંદ બહુ રચ્યા, ફટકામ વિકારજી અરરર

**માલતી**—બાઇ સાહેબ ! આમ રૂદના લાપ કયાં સુધી કરશો ? મહારાજા સાહેબ ગયા છે તે દીવસથી આપ અન્ન પાણી પણ લેતાં નથી તેથી પ્રથમ કરતાં અડધી કાયા પણ નથી રહી જે કામ વિણસ્યું તે ફરી સુધરવાનુ છે ? કાર્ય કરતાં પહેલાંજ વિચાંરવાનું હતું હવે પસ્તાવો કરે શું થાય ? જો રૂદનાલાપ આમ જારી રાખશો તો આંખો ખોશો તો પણ મહારાજાનું મોહ નહી જોશો અન્ન તજશો તેની સાથે પ્રાણ પણ તજશો એમાં શું સાર અન્નપાણીનો આધાર રાખી ધર્મ ધ્યાન અને પ્રભુપર પ્રિની રાખશો તો સ્વર્ગનું સુખ જોશો ખાલી મરણ થશેતો નર્કનુંજ શરણ છે પછી જેમ આપને રૂચે તે ખરૂં.

**પીંગળા**—બળી આ દેહ ! દેહેજ બધો દાટ વાળ્યો છે તે ! હવે હું જીવતી મુવા સમાન છું. ઝટ મોત આવે તો ઘણું કે આ કાળું મુખ કોઇને બતાવવું નપડે.

**માલતી**—બાઇ સાહેબ ! એ કાંઇ દોરી નથી તે તોડી નાંખીએ. એતો ઇશ્વરનું ધાર્યું હશે તે થશે. માટે શોક મુકી દ્યો કે જેથી શરીર સારૂં રહે અને ધર્મ કાર્ય થાય, ધર્મ ધ્યાન કરો. પ્રભુને સમરો ને આ ભવસાગરથી તરો. આમ કરેથી તો કાંઇએ દી નહીં વળે. (એટલામાં ભરતુહરી માણેકનાથ સાથે આવી મહેલ નીચે અલેખ જગાવે છે તે સાંભળી.)

**પિંગળા**—જા દાશી. બહાર આવલા યોગીને બીક્ષા આપ. (દાશી બીક્ષા આપવા જાય છે. ત્યાં ભરતુહરીને દેખવાથી પિંગળા પાસે પાછીજ દોડી જાય,

**માલતી**—બાઇ ! બાઇ ! ! મહારાજા જયોગી વેષે પધારેલાછે.

**પિંગળા**— જા. જુઠી જા. આ વખતે મશ્કરી ન કર. મહારાજા સાહેબ તે ક્યાંથી આવે. ચારે બાજુ તપાસ કરાવતાં એ મનો તો પત્તોએ નથી,

**માલતી**—ખોટું બોલતી હઉં તો આવો માંરી સાથે. (બંન્ને બહાર આવે તે ને ભરતુહરીને જોગીવેશે જોઈ પિંગળા મુર્છીત થાય છે તે થોડીવારમાં દાશીના ઉપચારથી સાવધ થાય છે. એટલે)

**પિંગળા**—આંખમાં આશું સહિત) પ્રાણનાથ ! આપે આ શું કર્યું ? હજી સુધી હું મારૂં સ્યામ મુખ આપને બતાવવા કેમ જીવતી રહી છું. મહારાજ ! મારાં કરેલાં કૃત્યની માફી આપી નિરાધારને બચાવો. મારા દુષ્ટના સામું તો નહીં પણ સર્વ પ્રજાના અને બીજી રાણીઓ ના સામું તો જુઓ સ્વામીનાથ ! ( ખુબ રૂદન કરે છે તે જોઇ.

**ભર્તૃહરી**— **રાગ ઉપરનો.**

શોક વૃથા તું સાને કરે, ન કર્યો પ્રથમ વિચારજી;
તુજ કારણ રાજપાટ તજ્યું, તજ્યો સર્વ સંસારજી.
આપ ભિક્ષા માતા મુજને.
તુજ વશ પડી મુજ ભ્રાતને, કીધો દેશ નિકાલજી;
પ્રપંચ પ્રથમ નવ જાણીઓ, તારે દુષ્ટ ચંડાલજી. આપ.

**પિંગળા**—અઘટિત કૃત્ય મેં અતિ કર્યું, કરો કટારથી ઠારજી;
પણ કરજોડી કહું આપને, મારો ન વચન પ્રહારજી.
ભખ તજો આ માલવપતી.
વાંક કરો માફ માહરો, અરજ ઉર ધરી આજજી;
કરૂં નહીં ફરી આવું હું, નક્કી જાણો મહારાજજી, ભેખ.

**ભર્તૃહરી**—ઝટ કર બીક્ષા તું દે મુને છોડી સર્વ વ્યાપારજી;
વાટ થયે ગુરૂ કોપશે, તવ ખોટી કરનારજી. આપ.

**પિંગળા**—માતા કહો ન સ્વામી મુજને, હું છું તમારી નારજી;
રહો સ્વામી રશોઇ કરૂં, રાધું ખીર કંસાર. ભેખ.
જમીએ ભોજન સાથે બેસીને, હીંચીએ હીંચોળા ખાટજી;
રહીયે સદા ઉછરંગમાં, વળી રમીએ ચોપાટજી. ભેખ,

**ભર્તુહરી**—કંસારમાં કોળી મુકતું, ખીર વિષ્ઠા સમાનજી;
હીંચોળે આગ લગાડ ને, ચોપાટ રમે જાએજાનજી આપ
જોગ લાગ્યો મને બહુ પ્યારો, ખુરે મારે સંસારજી;
સગુ નથી કોઇ કોઇ નું, એક પ્રભુ આધારજી આપ.

**પિંગળા**–માનો કહ્યું સ્વામી માહારૂં, કરો ક્રોધનો નાશજી
ધ્યાન ધરો તમે ઇશનું, રહી એકાંત વાસજી ભેખ.
એક વખત અલ્યા જાનકી, કુન્તા સતિમાં સરદારજી;
વિધિ ક્યાં જ્યાં તેહનો, ચડયું કલંક એકવારજી ભેખ.

**ભર્તૃહરી**–ભૂડામાં ભૂડું કહ્યું, વ્યભિચારને વ્યસનજી;
એમાં અંધો જે બને, ગુમાવેલાજ ધનજી. આપ.
દુનિઆની દરમ્યાનમાં વ્યભિચાર છે નાગજી;
ચુડ ભરાવી એને જેહને, તેનુ જાણવું અભાગજી. આપ.

**પિંગળા**–તમ વિના સુની સેજઆ, દીસે છે સ્વામીનાથજી;
કૃપા કરી આવો મહેલમાં, કહું જોડી એ હાથજી ભેખ.

**ભર્તૃહરી**–નારી કાજળ કોટડી, તારી નરકની ખાણજી;
ઉપરની તો સારી બની, અંદરની જાણે રામજી આપ.

**પિંગળા**–અવળો દઇ ઉપદેશ તમ, કોને ભુલાવ્યું ભાનજી;
ભગવદમાં શું ભગવાન છે, એતો ખાલી તોફાનજી ભેખ.

**ભર્તૃહરી**–બસ ! વધુ નવ બોલીને, નહીં મુને સંતાપજી;
વૃથા વિલંબ શાને કરે, ઝટ ભિક્ષા તું આપજી આપ.
ઇચ્છા ન ભિક્ષા દેવા તણી, તો જઇએ અમધામજી.

**ભર્તુહરી**—તથા તેની સાથે આવેલો સાધુ બંને જણા પિંગળાના દ્વારથી જવામાંડે છે, થોડે દુર જાય છે એટલે પિંગળા પાછા બોલાવી ભિક્ષા આપે છે લઇને ચંદ્રિકાના મહેલે જાય છે પિંગળા એ શુદ્ધ થઇ જમીન પર પડે છે તેને દાશી સાવધ કરે છે એટલે.

**પિંગળા**—(રૂદન કરતી) પિયુને તજાવનાર વેરી અલંકાર એરાલ.

અરર ગતિ શીમારી, થાશે હવે પ્રાણ;
તમ વિના રહેશે કેમ, દિલમાં આ જાન.
વિયોગ વેઠાસે મુને, કેમરે હવે;
દુઃખિ થઇ હું તો ધ્યાન, તમારે જવે.
ઉતારૂ શંગાર સ્વામી, શરીરેથી આજ;
આપ વિના સોભે નહીં, અંગે તે મહારાજ.
લાવ દાશી ધોણે વસ્ત્ર, દેહે તે ધરૂં;
આજથી સવાદ મિષ્ટ, દુર હું કરૂં.
દુઃખ માંહી દીન કેમ, મારારે જશે;
હાય હાય દાશી મારી, ગતિ શીથશે.

દાશીના ખભા ઉપર માથુ નાંખી ચોધારે રૂએ છે તે જોઇ નિસ્તેજ મુખે.

**માલતી**—બાઇ સાહેબ ! આપ રૂદના વિલાપ ક્યાં સુધી કરશો?

શોક સમુદ્રમાં હુંએ શું મળવાનું છે? હવે તો ધર્મધ્યાન કરીને પ્રભુજીને એક ચિતે સમરી જેથી આ દેહનું કલ્યાણ થાય; અને આવા સંસારના દુઃખથી મુક્ત થવા શોક કરે કાંઈ સુખ થવાનું નથી આંખમાંથી આંસુ કાઢી કાઢી સરિતા વહેવરાવશો તો પણ આપવાનો ગયેલો આધાર, શરીરનું સર્વ ભુષણ, શીરનું ઢાંકણ અને સુખ દુઃખનો સાથી હવે ફરી મળનાર નથી માટે વૃથા શોક તજી કરેલાં પાપનો પશ્ચાતાપ કરી વ્રત નિયમ ધરી પ્રભુની ભક્તિ કરો.

**પિંગળા**—મારી વહાલી દાસી ! તારી આ શિખ મારા કર્ણને અમૃતમય લાગે છે પણ મન વાર્યુ રહેતું નથી શું સ્વામિનાથનો મારાપર પ્રેમ ? કેવી કૃપા દ્રષ્ટી ! અને કેવો ભરૂંસો ! એક શબ્દ નિકળતાં પહેલાં સર્વ તૈયારજ ! અહો હો હો ! ! શું તેમના ગુણની ગણ્યુ કરૂં ! હું કેવી દયા હીન ? નિર્લજ, પાપિણી, સ્વામિ દ્રોહી કે તેં આવા ભોળા ભદ્રીક અને શુદ્ધ સ્નેહ વાળા સ્વામિને છેતરવા) ઠગવા અને પ્રપંચ જાળમાં ફસાવવા ચુકી નહી અરે આ બધું સંભારતાં મારી છાતી ભરાઇ આવે છે ( ખુબ રૂએ છે ) અરે આ કરતાં મુએલીજ જન્મી હોત તો વધારે સારૂં થાત ! અને આવાં અવસર ન આવત અરે હવે રાજાનું તથા પ્રજાનું શું થશે ? મેં વ્યભિચારને વશ થઇ વિક્રમરાયનો વિયોગ કરાવ્યો અરે ધિઃકાર પોતે મને કે એક રતી ભર રતિ સુખને માટે સર્પને અસલ સંકટની સાંકળમાં સકડી દીધા હાય અફસોસ ! ! પ્રભુના ન્યાયાસન આગળ શું જવાબ દઇશ ? અરે હવે મારી શી ગતિ થશે ( પાછી મુર્છીત થઇ જમીનપર પડે છે. )

# પ્રવેશ ૬ ઠો.

## સ્થળ ચંદ્રિકાનો મહેલ.

**પાત્ર**—ચંદ્રિકા અને દાશી પાછળથી ભર્તૃહરી અને માણેકનાથ,

( **ભર્તૃહરી**—અને માણેકનાથ આવી મહેલ નિચે અલેખ જગવે છે તે સાંભળી દાશી અટારીમાં આવે છે. ભર્તૃહરીને જોઇ ચંદ્રિકાને તેડી લાવે છે. ચંદ્રીકાને ઉભેલી જોઇ )

**ભર્તહરી**—મૈયાં, ભિક્ષા દે દે ચંદ્રીકા મહારાજનો શબ્દ ઓળખવાથી ચેતાવે છે )

**ચંદ્રિકા**—ઓધવજી સંદેશો કહેજો સ્યામને એ રાહ.
કેમ કહો માતારે, તે કંથજી,
નારીને માતા તે નહીં કહેવાયજો;
શો અપરાધ પડયો રે મારા વાલમા,

ભેખ આ જોઇને કંપે મારી કાયજો. કેમ કહો.
એકને કારણ સઘળી રે શાને તજો.
આવો સ્વામિ મારા મે'લની માંહી જો;
નહી મુને હે એના જેવી જાણતા,
આપણ સુખ ભોગવીએ રહાને આંઇ તે. કેમ કહો.

સુખ સ્વપ્નામાં આપનું મેં દીઠું નથી,
માટે નહીં જાવા દઉં લગને ક્યાંય જો;
દઇ દીલાસો આપે ઉતારી કુપમાં
વરત વાદીને નાંખી કુપની માંયજો. કેમ કહો;

અઘટીત આ કહેવાયે મારા છત્રજી,
સ્વિકારો મુજ અરજી સ્વામિનાથજો;
દાશીની દયારે લાવા દીલમાં,
કહું છું આપને જોડીને હું હાથ તો કેમ કહો.

ભર્તૃહરી—— સોરઠ ગજલની રાહ.

નથી વાંક નારી તાહરે, છે વાંક મુજ નશિબનો
કિધો મેં વિશ્વાસ ત્રિયાનો, તેથિ દુઃખ પામ્યો માતાઓ;
સપડાયો તેની સંગમાં, તેથી વીમાસવું પડ્યું બહુ નથી.
ભીક્ષા દેતું ઝટમુને, સત્ય કહું છું હું માતા તુને
નવ મારા ગમતું માહરી, હઠ કરત ખાલી માની કહ્યું નથી.
નથી સાર કાંઇ સંસારમાં, તેમાં ધરો તમે પ્યારના;
ચેતો ચિતમાંતો ચેતાવું હું, દુર રહી ભજો ભગવાને. નથી.

દાસી પાસે ઝળી મંગાવી ચંદ્રિકા પોતાને હાથે ભીક્ષા આપેછે તે લઇ ભતુરહરી કુસુમમાળાના મેહેલે જાય છે. ચંદ્રિકા અફશોશ કરતી મહેલની અંદર જાય છે.

## પ્રવેશ ૭ મો.

### સ્થળ કુસુમમાળાનો મહેલ.

**પાત્ર**—કુસુમમાળા દાશી ભતુહરી અને માણેકનાથ.

ભરથરી મહેલ નીચે આવી અલેખ જગાવે છે તે સાંભળી દાશી ઝરૂખે આવે છે. ભર્તૃહરીને જોઇને અંદર દોડી જઇ કુસુમમાળા પ્રતે

**દાશી**—(ગભરાયલા ચેહેરે) બાઇ બાઇ! આ જોગી માનો એકતો મને મહારાજ ન હોય?

**કુસુમમાળા**—(જરા રક્ત નેત્રે) જા જા રાંડ ગાંડી! આવું બોલતાં શરમાતી નથી? ક્યાં મહારાજાની સુરતને ક્યાં એ જોગીની સુરત.

**દાશી**—લ્યો આવો તારે જરૂખે બાઇ સાહેબ! (બંને

જુએ આવી જોગીઓને નિહાળે છે એવામાં ભર્તૃહરી)

**ભર્તૃહરી**—મૈયા ભિક્ષા દેદે ( શબ્દ ઓળખવાથી કુસુમમાળા ત્યાં દાશી નીચે આવે છે એટલે )

**દાશી**—( કુસુમમાળ પ્રત્યે ) કેમ બાઇ ? ખરી વાતકે નહોતા માનતાને ? !

**કુસુમમાળા**–( ભર્તૃહરી પ્રત્યે ) રાગ ગોપીચંદનો.

પ્રાણેશ પતિ મારા, આવાવેશેરે આવ્યા કયાં થકી ?
ઝટ ભિક્ષા તું દે મુજને ખોટીના કર માઇ;
ગુરૂજી મુજપર બહુ ચીડશે. જો ખોટી થઉં આંહી ભિક્ષા

**કુસુમમાળા**–માતા માતા શિદને કરોછો. હું છું તમારી નાર:
વાંક પડયો શો પ્રિતમ મારા, પ્રાણજીવન ભરથાર પ્રાણેશ

**ભર્તૃહરી**–નથી વાંક કાંઇ માતા તારો, છે મુજ કર્મનો વાંક;
મુજ કૃતિથી પામ્યો દુઃખ હું, એમાં શું કરે કોકરે. ભિક્ષા

**કુસુમમાળા**–અવર તણા ગુનાને લીધે, શાને કરો મને શિક્ષા;
કાંતો મારો કે સંગે લ્યો, જાઓ નહીં દઉ ભીક્ષા. પ્રાણેશ

**ભર્તૃહરી**—જેવી તમારી મરજી માતા ! અમારે જોગિઓને ભિક્ષાની શી ખોટ આનંદ રહો ! ! (જવા માંડે છે એટલે )

**કુશમમાળા**—અરે હાય ! આવાં કઠણ હૃદયના નાથ કયારે થયા ? મારી છાતી ફાટી રૂદન ને પણ તેમનું મન જરાએ ના ઓગળ્યું ? એતો ચાલ્યાજ જશે ? (નિરાશ ચહેરે) લાવ છેલ્લી વારે મારા હાથને પવિત્ર કરૂ (જતાં જતાં રોકી)

નાસોછો કેમ નાથ માહરા, ભીક્ષા લ્યો સ્વામી;
દુઃખિકરી જાઓ એ નહીં સારૂં, કહું શીશ નામીરે. પ્રાણેશ

(દાશી પાસેથી થાળ લઇ, ભર્તૃહરીને ભિક્ષા આપેછે તે લઇને અરવલાને મેહેલે જાયછે કુસુમમાળા નિમેષ નેત્રે તેની ત્યાંજ સબવત સ્તબ્ધ ઉભી રહેછે.)

**દાશી**—ચાલો બાઇ સાહેબ ચાલો ! મહારાજતો ગયા. (નહીં બોલવાથી બેભાન અવસ્થામાં દાશી હાથ પકડી મહેલમાં લઇ જાયછે.

## પ્રવેશ ૮ મો.

### સ્થળ—અરવલાનો મહેલ.

**પાત્ર**—અરવલા દાશીને, ભર્તૃહરી અને માણેકનાથ.

**દાશી**—(એકદમ દોડતા આવી હાંફતી હાંફતી) બાઇ સાહેબ ! બાઇ સાહેબ ! બહુજ વિપરીત થયું (ઉંડો નિશ્વાસ નાંખે છે)

**અરવલા**—શું છે ? શું છે ? ! ! આટલી બધી ચિંતાતુર કેમ બની છું ?

**દાશી**—(નીસ્તેજ ચહેરે) ઘણુંજ માઠું થયું! અરે સુર્યનો અસ્ત થયો! દીવો કોક લઇ ગયું! વાદળા છવાઇ ગયાં આખા! માળવામાં ચોગરદમ અંધકાર ફેલાઇ ગયો. ને ઘેર ઘેરને ઉબરે ઉબર વરસાદની ધારા વહે જાય છે.

**અરવળા**—( આ સાંભળી ચકિત ચહેરે ) કેમ કેમ!! શું થયું? શું થયું? આ તારાં મર્મ વાકયમાં મને કાંઇ સમજાતું નથી. તું આટલી બધી ગાભરી કેમ બની ગઇ છું? ખુલે ખુલ્લું કહી દે તને જોઇ ગભરાઉછું. તારા વાકયે તથા તારા ચહેરાએ મારા હોશ કોશ ઉડાડી મુકયા છે.

**દાશી**—(સજણ નેત્રે) નખોદ ગયું! રાજ્ય ઉધું વળ્યું! અને બધી પાયમાલી થઇ ગઇ. નખોદ જાય રે પિંગળા બાઇ તારૂં! તેને કાળો કેર કર્યો.

**અરવળા**—(અધીરાઇથી) કેમ બિચારી પિંગળા બેનને ગાળો દે છે. આજ કાંઇ તારૂં ચિત સ્વસ્વ નથી કે શું? કેમ રૂએ છે? એવું શું છે તે તું ગભરાય છે ને બીજાને ગભરાવે છે!

**દાસી**—(ધુસકે ધુસકે રોતી) પિંગળા બાઇનાજ સર્વને છાંટા લાગ્યા એમના ક્રુ કૃત્યથીજ મહારાજા રાજ્ય છોડી; સંન્યાસ ગૃહણ કરી યોગીવેશે ભિક્ષા માગવા પધારેલા છે. તે હમણાંજ અહીંઆ આવસે એવુ સાંભળ્યુ છે. એવામાં માણેકનાથ સહીત ભર્તૃહરી આવીને અલેક જગાવે છે તે સાંભળી દાશી સહીત નીચે આવીને.

**અરવળા**—(ભતીથો ગઇ હારી, અહો મારા પ્રાણુ એરાહ

સ્વામિજી આવા વેશે, પધાર્યા કેમ હ્યાં?
કરોગૃહવાશ, તુમ બેશો મુજપાસ, આજ ધરીને ઉલ્લાસ,
પ્રિય મારારે, પધાર્યા સ્વામીજી.
જણાય છે કાંક, શો પડયો મુજ વાંક, પ્રિયા તમારી આ રાંક
કહો સ્વામિ મારારે, પધાર્યા. સ્વામીજી.
કેમ કાઢો આવા શબ્દ. સુણી થઉ હું સ્તબ્દ, મૈયા કહો મને મત
સ્વામિજી મારારે, પધાર્યા સ્વામિજી.

**ભર્તૃહરી**-વિમળા નવ કરશો ઉચાટ, વહેલા આવશુંરે. એ રાહ.

મૈયાં લગાડ ન વાર, ખોટી થાઉંછુંરે.
ગુરૂજી મારા કોપશે નારી, ભિક્ષા તું દે ઉલટ ધારી;
નહીંતો અહીંથી હું જાઉંછુંરે. મૈયાં
નહીં રહુંયાં એક ઘડી, કરીશ કદી કાલાવાલા બહુ;
સમજીને દે ભિક્ષા બહુ અકળાઉંછુંરે. મૈયા
જુઠી પુંજી જુઠી કાયા, જુઠી છે આ જગની માયા;
ભુંડી ભામા શાને તું લપટાઉછુંરે. મૈયાં

જે ટરવું તે હાથે કરવું, કાલ ઉપર કદાપિત ધરવું;
કાળ ઓચિંતો આવી કહેશે ખાઉંછુંરે. મૈયા.
પ્રભુ ભકિતમાં પ્રિતજ ધારો, કાર્ય સકળ સંસાર નીવારો;
નથી સાર સંસાર તેથિ ચેતાઉંછુંરે. મૈયા

(ગદ્ય. મૈયા! ભિક્ષા ઝટ દે દે. ( ભીક્ષા નહીં આપતાં બરતુહરીના મુખ સામુ એકી નજરે જોઇ ઉભી રહે છે. તેથી

**માણેકનાથ**—(ભર્તૃહરી પ્રતે) કયું સામી દેખતેહી ખડા રહા હય વોતો ભીક્ષા દેનેવાલી નહી હયે. ચલયાંસે ઝટ! (જવા માંડેછે એટલે અરવલાજી ભર્તૃહરીની કફનીનો છેડો પકડેછે તેથી રક્ત નેત્રે)

**ભર્તૃહરી**—બસ! બસ! છોડ તું છેડો, જરા શરમ કાંઇ ચીત ધારો;
રોકો નહીં હું જંગલ જાતા ચાહું છુંરે મેયાં.
દેવી હોય તો દેતું ભિક્ષા,

**અરવળા**—ઉભા રહો લાવું હું ભિક્ષા,

**માણેકનાથ**—જા લાલા ખોટી ન થવા ચાહુંછુંરે. મેયાં.

આખરે નિરાશ થઇ દાશી પાસે ભીક્ષાનો થાળ મંગાવી ને અરવલા ભરથરીને આપે છે તે લઇ ચંદનાવતીના મહેલે બરતુહરી જાય છે (અરવલા મુર્છિત થઇ ભોંયપર પડે છે)

## પ્રવેશ ૯ મો.

### સ્થળ—ચંદનાવતીનો મહેલ.

**પાત્ર**—ચંદનાવતી. દાશી. ભર્તૃહરી અને માણેકનાથ.

**ચંદનાવતી**—દાશી! મહારાજા, પિંગળા બેનના કૃત્યથી કંટાળી કયાંક નાશી ગયા સંભળાય છે તે ખરીવાત કે? એમજ હોય તો આખી માળવા રંડાઇ અને બહુજ વિપરીત થયું કહેવાય? અને તેમાં વળી મહારાજાની મોટી ભુલ ગણાય? કે એકના ગુનાને લીધે બીજા નીરઅપરાધીને શિક્ષા! અજબ કાયદો!!

**દાશી**—બાઇ સાહેબ! મહારાજા જતા રહ્યાની વાત ખરી છે અને તેઓ યોગી વેશ ધારણ કરી દરેક મહેલે આંસુનો વરસાદ વરસાવતા આ તરફ આવવા નિકળી ચુકયા છે.

**ચંદનાવતી**—( આશ્ચર્યતાથી ) હે? આં શો ગજબ ?! ( એટલામાં માણેકનાથ સહીત ભર્તૃહરી આવી અલેખ જગાવે છે. તે સાંભળી ચંદનાવતી નીચે આવી ભર્તૃહરીને પગે લાગી) આ શું! દાશીપર આશો જુલમ? એકાએક મારી નજરે શું દેખું છુ.

હમકુ છોડ ચલે બનમાધુ એ રાહ.

પ્રાણનાથ મારા સુણો એક વિનતી, જોબનવંતીઅનાર ઝુરેલે;
જુવાની મારી પૂરમાં જાય છે, કે મને હેત્ર નહી આપ ખુલેરે. પ્રાણ

રહી હમેશા રમો મુજ સંગે, ખેલ ખેલો આહી અનેક તનેરે
જોગી બને નર જરા વિનાનો, હોય એ સમર્થ તે આચ કરેરે પ્રાણ
ક્ષત્રિ થઇ શંકાયર થાઓ ? શરમાઓ કાંઇ મનથી જરીરે;
બાહ ! વેરા આવો શું બેશજ વાગે, આપા કોમળને સુંદર શરીરે
એકને કારણ તજો સર્વ શાને, શું અવરને એવી પેખોરે;
નહીં નારી બધી એવી જાણો, વિચારી મનમાં આપ દેખોરે પ્રાણ

**ભર્તૃહરી**—સુણો પ્રજા તમે અવધ પુરની, છો ઉજ્યની તમે વાશી એ
વિષય મદ્યનું પિને નારી, આશું બકે મસ્તાન બની:
વિષય રંગથી મને રંગવા, જીબ્યા કુંચિ ચલાવે ઘણી.
વિષય વિષ છે ભુંડુ ભામિની, અંતરમાં જો વિચાર કરી;
પિંધુ હળાહળ ઝેર એ જેહને, વિના મોતે તે ગયા મરી.
કીધો રંગનો ભંગ વિચારી, નારી અંગ અગ્નિ ભણુ;
જ્વાળાથી બાળો અંગ બધુએ, દોડે સ્પર્શમાં મન શાનું
વણિક બુદ્ધિથી મેય વિચારી, સઘળો આ સંસાર તજ્યો;
નાશવંત આ દેહ જાણીને, ભાવે ભગવો વેશ રજ્યો.
સ્વાર્થ તણી છે સૌ સગાઇ, જુઠો આ સંસાર ભ્યો,
" ચેત ચેતાને ચેતાવું છું. છોડ છોડ હઠવાદ સવો;
વૃથા વિલંબે સાર નથી જો, ખોટી નવ કરતું નારી;
સમજીને ઝટ ભિક્ષા દેદે. આનંદે મૈયાં મારી

**ચંદનાપતિ**—સ્વામિનાથ ? આપ આ શું વદો છો ? આપની પ્રિયપતિને માતા કહો છો એ શું શોભે છે ? આપે મારા ઉપર અપાર પ્રેમ બતાવી મને હરઘડી આનંદમાં રાખતા તેમાં એકાએક આશો ફેરફાર ? ! ત્યારે શું તમે મારા પતંગ રંગ જેવો પ્રેમ રાખતા કે ? નાના સ્વામિનાથ આપને હું નહીં જવા દઉં. (રડે છે) મારા મનથી તો શું પણ તનથી પણ અળગા રહેવા નહીં દઉં ( ખુબ રૂદન કરે છે ) જો પ્રથમજ આપને આવા વિશ્વાસ ઘાતી જાણ્યા હોત તો પ્રેમમાં ન અંજાઇ આપની પાલવ ન પકત ! વિશ્વાસે ઉંડે કુવે-ઉતારી વચમાંથી વરત વાઢી નાંખી ઠેઠ પાતાળમાં પટકી નાંખી હાય ! હવે મારી શી દશા? ખુબ રૂદન કરેછે)

**માણેકનાથ**—મૈયાં ! અ બરડને સે કયા ફાયદા ? કોઉ આદમી બુરે ફંદમેં ફસકે અપની ત્રિયા હું હમેશ કે લીયે દુ:ખી કરજાતા હયે. પન અય તો સમંધ તમાલ દેકર સુકૃત કરને હુ જાતા હયતો ખુશીસે રજા દેની ચાઇએ મન ગભરાઇએ માજી ! ચલો ભિક્ષા દેદો ફેર મન કરો બહોત બખત હુવા ગુરૂજી કયા હોગા મોહજાલમેસે નીકલા હુવા ફીર ઉસમે ફેશાફશેગા બિચારો ? મતગભરાઓ ? જાઓ મૈયાં જાઓ ભિક્ષા લાકે ઝટ દેદો નિરાશબની

દાશી પાસે મહેલમાંથી અહાર મંગાવી પોતાને હાથે આપે છે તે રૂદન કરતી કરતી મહેલમાં જાય છે ભર્તુહરી અને માણેકનાથ ભીક્ષા લઇ પોતાના યોગાશ્રમ ભણી જવા નિકળે છે.

## પ્રવેશ ૧૦ મો.

### સ્થળ રસ્તો.

**પાત્ર**—ભર્તુહરી માણેકનાથ, સુંદરબા અને પાછળથી પ્રધાન વીગેરે નગરજનો તથા નગરનારીઓ.

**ભર્તૃહરી**—તથા માણેકનાથ યોગાશ્રમ તરફ જાય છે તેટલામાં માર્ગમાં ભર્તુહરીની પુત્રી સુંદરબા મળે છે તે ભર્તુહરીને જતાં અટકાવી તેને વળગી વિલાપ કરે છે'

**સુંદરબા**—ચંદ્ર મુખીને એકલી, છોડીને આવ્યો નહીં. રાહ.

કરો પિતાજી કોપશો, આદીન છોકરી પરે;<br>
કરો નહીં નીરાશ આજ, પુત્રિ બાળ તુમારીને કરો.

મરી ગઇ છે માત મારી, મુકો કોના આધારથી;<br>
જોગ લઇ જંગલ જાઓ, પુત્રી નીરાધાર કરી કરો.

હું છું કુંવારી પીતાજી, દયા લાવો કાંઇ મુજ પરે;<br>
રૂવે સૌ આ નગ્રમાં, જાઓ છો આપ તેથી અરે. કરો.

કૃપા કરી આ પુત્રી પર, દયા લાવો કાંઇ મન જરી;<br>
તુમ વિના આશાકરી, શોચકરિ જાશે મારી. કરો.

**ભર્તૃહરી**-રાજાએ પ્રજાને પુત્ર ગણીને પાળવી એરાહ.

નવ ઉદાશ થાતું પ્યારી, પુત્રીરે જરા;<br>
છે સંસારમાં શોસાર, વીચારીજો જરા.

તુજ માટે બંદોબસ્ત, સર્વે મેં કર્યો;<br>
ફિકર ન કરીશ કાંઇ, દીલથી જરા.

કલેશ કર ન બાપુરી મારી, જા સુખેથી ઘેર;<br>
ધર્મ સાધન સાધ જેનું, પ્રેમથી ખરા.

સુંદરબા, ભર્તુહરીને વળગી વળગીને બહુ રડે છે તેથી) બાપુ રડ નહી ! રડ નહી ! આ તારો બાપુ નથી પણ આતો જંગલનો જોગી અને પુરો વૈરાગી છે. ચેતન રહીતને બોલાવવામાં જેમ વૃથા મહેનત કરવી તેમ તારો કલેશ તથા પ્યાર આ સમયે વૃથા છે કલેશ નહી કરને ઘર ભણ સુખે સીધાવ ! જા બાપુ જા ! હવે મને ખોટી ન કર ( સમજાવીને વીદાય કરે છે તે રડતી રડતી જાયે છે એવામાં પ્રજા લોક આવે છે ભર્તુહરીને દેખીને સાનંદાશ્રુથી દુરથી )

**પ્રજા**—અમારા શીર છત્ર ! અમારા માથાના મુગટ ! આપ ઉભા

રહો ઉભા રહો ! અમો અનાથની અરજ સાંભળો (સઘળી પ્રજા ભર્તુહરીની પાસે આવી બંન્ને યોગીઓને વીંટાઇ વળી ભર્તુહરીનેવીનવેછે)

**પ્રધાનજી**—ગોપીચંદ લડકા બાદલ વરસ્યોરે કંચન મહેલમાં એરાહ
મોરાજન મારા, મુજને મુકીને કીયાં જાઓ છે;

**સૈન્યાધિપતિ**-ઓ સ્વામી મારા, કેમ તમેરે અકળાઓ છો.

**પ્રધાનજી**-રાજ તમારૂં કોણ શાચવશે ! કહોને મારા નાથ;
જાઓછો જંગલના વીશે; રાજ લગામ કોના હાથરે ઓ

**સૈન્યાધિપતી**-તુમવીના નવ ગોડે મુજને, માલવપતી રાજન
શેકાચ્રદીશે આતમારૂં, મહારાજા મહાજનરે.

**ભર્તૃહરી**-ઓ સુજ્ઞ વીવેકી, શાને માટેરે ગભરાઓછો.
નથી વાલું કાંઇ રાજ મને આ, નથી વાલો સંસાર;
જરા દુ:ખી થાઓ ભાઇ, સુખે સીધાવો દ્વારરે.

**નગરશેઠ**-ઓ માળવ રાજા. અમને તજીને કીયાં જાઓ છો.
આપવીના આ શહેર મનેતો. લાગે સમશાન જેમ;
કહ્યું મારૂં માનીને રાજા, ચાલો રાખીરે મરે.

**ભર્તૃહરી**-ઓ સુજ્ઞ વીવેકી, શાને માટેરે ગભરાઓછો
ક્રોડ ઉપાય કરો તો પણ નહી, દઉ શહેરમાં પાય;
જે જે વચનો આપ ઉપચારો, અંતર લાગે લાયરે.

**વિદુષક**-ઓ દીલભર પ્યારા, કેમ નમેરા તમે થાઓછો
નથિ વિક્રમા બંધુ તમારો, કરશે કોણ આ રાજ ?;
શૃંગારની શિખ આપ વિના કોણ, દેશે મને મહારાજરે. ઓ.

**પ્રધાન**-એક પિંગળા પાપિ માટે, કરો ન સહુ દીલગીર;
દુ:ખ જંગલના શેહેવા દોહલાં, સુકોમળ આપ શરીરરે. ઓ

**વિદુષક**-જો થઇ ભગવા અંગ ધાર્યાં, શું તેમાં વશે ભગવાન;
એક નારીના દુ:ખથી કાયર, થઇ શું જાઓ રાજરે. ઓ.

**ભર્તૃહરી**-બીજું વદીને દુ:ખિ કરોના. શાણા સહુ સજ્જન;
જાવા દયો રોકો નહીં જરિએ, ગભરાય છે મુજ તનરે. ઓ.

(એવામાં નગર નારીઓ આવે છે તે પણ વિંટાઇ વળીને)

**સ્ત્રીઓ**- રાગ પરજીઓ અગર મરશીઓ
અરી હોય હાયરે માલવ પતિને આશું કર્યું:
માલવ પતીને આશું કર્યું, સુખ સર્વ અમારૂ રે તે હર્યું હરી
શાને તજી ત્રણસે સાઠ નારી, તેમાં હતી તમને પિંગલા પ્યારી;
કેમ મુકીને જાઓ આવારી હરી
નથી ભ્રાત આહે આરે તમારો, વાંક નથી પડ્યો કાંઇ અપારો;
શાને મુકોછો શિર દુ:ખ ભારે હરી

આપ સમુદ્ર તુલ્ય કહેવાઓ, કેમ દોષ બીજાનો મનલાવો;
શાણા સમજી થઇને શું જાઓ હરી.
કુંવરી શુંદરબા છે બહુ નાની, એ તમથી નથીરે અજાણી;
થશે દુખિ તમ વીના એશાણી હરી
કોણ કરશે તમારૂં આરાજ, નથી વિક્રમા બાઇ મા'રાજ
કોણુ કરશે રાજના કામ કાજ હરી.
ભેખ આંખે જોયો નથી જાતો, શોક દિલમાં નથી કાંઇ માતો;
માટે ભેખ ઉતારો આ રાતો હરી
કાંઇ મનમાં દયા તમે લાવો, નહીં તો અમોને સાથે લઇ જાઓ
કાંતો શેહેરમાં પાછા આપ આવો હરી

**ભર્તૃહરી**—બેનનો અને ભાઇઓ ? કલ્પાંત છોડો ? વાટના રોકો ! મિથ્યા ખોટી ન થાઓ અશ્રુપાત ન કરો ! કોઇ ઉપાયે શેહેર ભણી નહી ફરૂ ! આ સંસારનો હવે રંગ નહીં કરૂ ! મારો વૈરાગ પતંગ રંગ નહી સમજતા ! જાઓ બાપુ જાઓ તેમને જવા દયો.

**સર્વપ્રજા**— મરાઠી ચાલની-સાખી.

વિનતી સ્વિકારી દયા ઉરધારી, પુરમાં પધારો મહારાજ
શોકાગ્નિ સર્વમાં વ્યાપી રહયો છે, ચોધારે રૂએ આંશુ આજ.
એક નારીના કાજે અમપર, જુલ્મ કરો છો અપાર:
યોગ્ય નહી એ રાય તમાને, કરવું આવુ આવાર.
મહેર કરી મહારાજા અમપર, આનંદે આગળ થાઓ;

**ભર્તૃહરી**— ઉપલી રાહ.

નહીં કલ્પાંત કરો પ્રજામમ, જાઓ નગરમાં આવાર;
હવે નથી હું આપનો રાજા, દુઃખ નવ ધરો લગાર
જેને છડ્યુ તેને મહ નવ, નથી તેમાં કાંઇ સાર:
કોની રે માતા ને મારે ભ્રાતા, કોનો કુટુંબ પરીવાર.
જુઠુ ધનને જુઠી છે કાયા, જુઠો સર્વ સંસાર;
રાજમને સમશાન સમ લાગે, મેહેલ છે ચીતા સમાન:
વન લાગ્યું રે મને અંતરે વા'લું, ભજવું ત્યાં સુખે ભગવાન.

**સર્વપ્રજા**—( ચોધારે આંશું વર્ષાવતી ) મહારાજા ! આમ છેક નિરાશ ન કરો કોમળ અંતઃકરણ આજ એકાએક કઠોર કેમ ન થયુ ? અમને ન ધણીઆતાં ન કરો અમને દુઃખસાગરમાં ડુબતાં ને જાઓ આપના ધર્મને ધમકાવી ક્યાં કાઢી મુકયો ? અરે પીતા સમાન પ્રજાપતી ? હમારી પીડાને હરનાર ! આજ પીડાને પરાણે વળગાડ્યા કેમ તૈયાર થયા ? દયાને દૂર ન કરો ? અમારી વિનંતી સ્વીકારોને રડતી પ્રજાને હસાવો ચાલો કાંતો લઇ ચાલો.

**માણેકનાથ**—( જરા રક્તનેત્રે ) કાયકું ખાલી સતાતે હો? વોતો સાફ સાફ કહેતા હય કે ચા હવે કરો મગર મેં નહીં આને વાલા તો પન એહીકીએહી બાત ! ચલો ચલે ! ! એ કયા ? ખાલી આદમીનું હલેકાત કરના ? જાઓ સબ અપને મુકામ.

**ભર્તૃહરી**—ભાઇઓ તથા માતાઓ ? તમે ગભરાઓ નહીં રડો નહીં । હવે મને વધારે સતાઓ નહીં હું ફરી માલવ શેહેરમાં પગ મુકનાર નથી. તમે નાહક શું કરવા હેરાન થાઓ છો ? જાઓ બાપુ જાઓ ! સુખે ધરણી સિધાઓન આનંદ કરો. ઇશ્વરી મારૂ સર્વે સારૂજ કરશે (નિરાશ વદને ચોધારે આંસુ વરસાવતી સર્વ પ્રજા નગર ભણી જાયછે અને ભર્તૃહરી તથા માણેકનાથ યોગાશ્રમ તરફ જાય છે )

## પ્રવેશ ૧૧ મો.

### સ્થળ યોગાશ્રમ.

**પાત્ર**—કેટલાક યોગીઓ અને પાછળથી ભર્તૃહરીને માણેકનાથ.

**કંથડનાથ**—(નારણ ભારથી પ્રત્યે) દેખોભારથીજી ! મેંને ઉસવખ્ત નહીં કહાથા કે રાજા લોગસે યોગ નહીં પલશકતા ! જનતક અપની સ્ત્રીકા દર્શન નહીં હોતા હય, અગર પ્યારી ચીજ ધ્યાન નહીં જાતાહે વાં તક મનમેં વૈરાગ ઠહરતા હય. ઇન લોકકા વૈરાગ્ય પતંગ જૈસા જાનના.

**નારણભારથી**—બડે આદમીઓ મન દયાદ્ર રહેતા હય. જો કોઇને જરાસા કાલાવાલા કીયા કે ઉનકા મન પિંગલા ! !

**ગુલાબદાસ**—વોતો ગયા સો ગયા લેકીન માણેકનાથકું બી પિછા નહીં ભેજા.

**કંથડનાથ**—ઉનકુંબી યોગસે ભ્રષ્ટ કીયા હોગા.

**નારણભારથી**—વોતો બિગડે એસા નહીં હય. મેરેકું ઇનકી પક્કી ખાત્રી હયે. પિછેતો રામ જાને.

**કંથડનાથ**—બિગાડનારકે બગડનારકી કયા બિસાત !

**ગુલાબદાસ**—(જરા ગભરાટથી ) દેખો ! દેખો ! ! ગુરૂ મહારાજ આતે હયે (ગોરખનાથ તથા મછેંદ્રનાથ ને આવતો જોઇ સૌ શાંત થઇ પોતપોતાને યોગસ્થાને હાવકા થઇ બેસે છે.)

**ગોરખનાથ**—(મછેન્દ્રનાથ સાથે આવીને) કયું ? હજી બરથરી નહીં આયા ?

**મછેન્દ્રનાથ**—(મુખ જરામરડીને) વો કયા આયા ! ? ? વોતો અપની રાણીઓકા બિલાપ ઔર કાલાવાલા સુનકે લિપટગયાહોગા!

**ગુલાબદાસ**—જીસકું મજીઠકા રંગ લગતાહય વોહ આખર નહ વૈરાગ્યવાન રહેતા હય. પતંગ રંગકા કયા ભરોસા?

**ગોરખનાથ**—મેરે સમજમેતો ઐસા નહી આતા હય. પીછે તો ભગવાન જાને.

**જાનકીદાશ**—(ભર્તૃહરી તથા માણેકનાથને આવતા દેખી આશ્ચર્યતાથી) દેખો ! દેખો !! માણેકનાથકીસાથ હી ભર્તૃહરી આતા હય !! (સર્વ તે તરફ જાઇ જરા નિસ્તેજ બને છે.)

**મછેન્દ્રનાથ**—( જરા આનંદથી ) નહી? નહી? આયા તો ખરા. બડા શ્રધાવાન.

**ગોરખનાથ**—મેરેકુ ઉસકા પક્કા ભરોસા થા. ( માણેકનાથ તથા ભરતુહરી આવી ગોરખનાથને સાષ્ટાંગ દંડવત કરે છે ને બીજા યોગીઓ પ્રણામ કરી લાવેલી ભીક્ષાની જોળી ગોરખનાથની પાસે મુકી સૌથી છેલ્લા બેસે છે તેને ) કયુ બચ્ચા ! ઇતની ડેર કયું લગી !

**માણેનનાથ**—ગુરૂ મહારાજ ! કયા મેં ડેરકી બાત કહું !. ઐસા શ્રધાવાન ઔર ટેકી પુરૂષ આજ તક મેને કોઇ ન દેખા ! કયા ઉનકી રાણીઓકા સ્વરૂપ! ઔર ઉસકા બીલાપ ! ચાય તેસા સમરજીત પુરૂષ હોગા તોભી ઉસકા સ્વરૂપ દેખ સ્તબ્ધ હો જાવે. ઔર ચાય ઐસા કઠણ હૃદયકા પુરૂષ હોવે વોભી બિલાપ સુનકે નમ્ર બન જાય ! કયાં ઉનકી પુત્રિકા બિલાપ ઔર કયા પ્રજા જનોકા બિલાપ ! હદશેં જવા દે. ઐસા બીલાપ સુનકે પથર ભી ફુટ જાય તો આદમીકા તો કહેના કયા ? બશહદ બેહદ ! !

**મછેંદ્રનાથ**—(આશ્ચર્યતાથી) ઐસા ! ! ! તબતો સચ્ચા બૈરાગ વન ! ઐસા બીલાપ સુનકે જરાભી મન નહીં ડગા વાહ ! ધન્ય હે ઉનકો !

**કંથડનાથ**—(માણેકનાથ પ્રત્યે) કયું નાથ ! તુમતો કોરેકે કોરે ચલે આયેને ! કે વહાં તમારા ચીત ભરા રખકે આયેહો !! !

**ગોરખનાથ**—(કંથડનાથને ધમકાવી કાઢે છે ને ભર્તૃહરીને ગુરૂ મંત્ર આપે છે )

**મછેંદ્રનાથ**—ચલો મહારાજ ! અબ સંધ્યા પુજન ઔર આરતીકા બખ્ત હુઆ.

**ગોરખનાથ**—હાં ચલો. (સર્વ જાય છે)

**સમાપ્ત.**

પ્રત્યે નહીં હોય તો પછી મારી કેવી માઠી દશા? પણ જે વખતે બંન્નેની દ્રષ્ટી એક થતાં તેનો ભાવ મારા ઉપર જણાતો હતો તેથી આશા રહે છે કે મારૂં દુઃખ થોડા વખતમાં દુર થવું જોઈએ. ( એવામાં કામલતા આવી હયપાળની આંખો દાબે છે તેથી ગભરાઇને ) કાંટા સરખા હાથ મારી આંખે કોને દાબ્યા? જે હોય તે હાથ ખસેડી લ્યો મને દર્દ થાય છે.

**કામલતા**—શું કમળમાં કાંટા ઉગ્યા કે?

**હયપાળ**—( કામલતાનો શબ્દ સાંભળી ) કોણ પ્રિયા કામલતા, અત્યારે તું કયાંથી? ( મનમાં ) આ પીડા વળી આ વખતે કયાંથી નડી હવે તો જેમ તેમ કરી જલદી બલા કાઢું તો ઠીક (ચાશન ) પ્યારી, આજ તો મારી તબિયત ઠીક નથી, માટે કૃપા કરી પાછી ચાલીજા ( મનમાં અહીયા જેટલો સમય કાઢશે તેટલો વખત મારા દુઃખમાં વધારો થશે પણ હવે જેમ તેમ પટાવ્યા વગર છુટકો છે??

**કામલતા**—( હયપાળ વગર બોલ્યો ઉભો રહે છે તે જોઈ ) કેમ નહી બોલો કે ???હવે અમારૂં શું કામ છે? અમારા કરતાં રૂપાળાં રંગિલા તમને મળવાનાં.

**હયપાળ**—(મનમાં) આ રાંડે કાંઇ વાત સાંભળી હોય એમ લાગે છે. નહીં તો આમ બોલે નહી. હવે તેને હરેક રીતે સમજાવી, મનાવી, પટાવીવિદાય કર્યા શીવાય છુટકો નથી. (ચાશન હસ્તે ચહેરે) વાહ! આટલું કહેતામાં ચીડાઇ ગઇ કે? આવીજ તારી પ્રીતની રીત કે?! આજ જરા મારી તબિયત ઠીક નહીં હોવાથી તને એમ કહ્યું. અરે પ્યારી મારી મધુરી તારા વિના અને તારા કરતાં અધિક બીજી મને કોણ મળવાની છે? ખોટું ખોટું બોલી મારા દુઃખમાં વધારો ન કર.

**કામલતા**—પુરૂષ કેવા ઠગારા હોય છે? પોતાનો કસુર ન ગણતાં બીજાના શિરપર ગુનો મુકે છે? વાહરે તમારા ઢોંગ! મારા કરતાં જે અધિક મળવાની છે તે મળવાનીજ!! શાને છુપાવો મારા દીલદાર! હવે અમારા માન ઉતરવાના! અરે અમારી સામુ જોવાના સોગન લેવાના.!?

ચાળ—(જરાક્રોધથી) મશ્કરી [illegible] ને બીજી વાત કર?

## પ્રવેશ ૩ જો.

### સ્થળ રસ્તો.

પાત્ર—મધુમુખિ એકલી.

**મધુમુખિ—** રાગ આશાગોડીનો.

સમરની વેદના ભારી, અહો ઈશ સમરની વેદના ભારી. એ ટેક.
ઇંદ્ર જેવો મહારાજા ભૃતુંહરી, તે છંડી કરે નિચ સંગ યારી. અહો.
ત્રણુસેને સાઠ મુકી એકને ઇચ્છે,તેના દિલમાં છે જારી છીનારી. અ.
અહો ઇશ્વર તેં આ શું સુજાડયું, શું મતિ ફરી છે તારી. અહો.
ફેરવ બુદ્ધિ તું બાઇ મારીની, એવી વિનંતી છે મારી. અહો.

(ગધ) અહાહા ! ! ! શી કામદેવની પ્રબળતા છે ? મોટા મોટા ચક્રવતિ ને પણ થોડા સમયમાં જીતી લે છે. સતિત્વપણાને ધારણ કરનારી સ્રીનું પણ સત ચુકવવા પાછો હઠતો નથી. યોગીઓ યોગ્ય મુકાવવા હમેશ મથ્યા કરે છે. તેને દેવ ગણુનારને ધિઃકાર છે. દેવને જે પુજેછે તેને દુઃખનું નામ સ્વપ્નમાં પણ આવતું નથી. આને તો જે સમરે છે તેને ઉલટી પિડા ભોગવવી પડે છે; તેમજ થોડું સુખ આપી દુઃખ સાગરમાં ધકેલી દેછે. અનેક નરનારીઓનું મુળમાથી નિકંદન કાઢે છે. તો તેવા ને દેવ ગણુવા અને દેવપણાની બુદ્ધિથી તેની સેવના કરવી એનું કારણ શું ? અરે હવે વિપરીત થવા બેઠું છે. હાય અફ્સોસ (એમ કહી નિસ્તેજ ચહેરે પોતાના ઘર તરફ જાય છે)

## પ્રવેશ ૪ થો.

### સ્થળ હયપાળનું ઘર.

પાત્ર—હયપાળ અને પાછળથી કામલતા દાશી.

**હયપાળ**—(એકલો મનસાથે) જ્યારથી મેં તે મનહર મુર્તિ નીરખી છે ત્યારથી મન એકે વસ્તુ ઉપર લાગતું નથી. જ્યાં જોઉં છું ત્યાં તેનીજ છબી સામી આવીને ઉભી રહે છે. અરે તે ચિત્ત ચોરક ચતુરા મને ક્યાંથી મળે ? કોયલ ને કાગડાનો સ્પર્શ કેમ થાય ? વારાંગના મૃત્યુલોકના મનુષ્ય ને કેમ ઇચ્છે ? તેમ તે મન મોહના મને ક્યાંથી મળે ? હરેક રીતે મારા મનને સમજાવું છું પણ કોઇ પ્રકારે તે સમજતું નથી, રાત તેનુંજ સમરણ થયા કરે છે. કદાચ તેનું

આનંદમાં રહો હમેશાં, આપ પતિ સાથ.
આમ ] રે, કોઈ ન આવે હાથ. બાઇ.
ભૂપ ભાગ્યશાળી મુકી, ચિત ચુકાવો કેમ;
બાણું લક્ષનોછે ધણી, સુખ પામો આપે જેમ. બાઇ.

(ગધ) બાઇ સાહેબ! આપ સમજુ થઇ નિચ કામ કરવા કેમ ઇચ્છા રાખો છો? વળી જો આ કૃત્યની મહારાજાને ખબર પડે તો તમારૂ તથા મારૂ બંનેનું નિકંદન કાઢી નાંખે માટે મારૂં કહેવું માનો તો એ કામ જવા દેવા.

**પિંગળા**—તું પણ મધુમુખિની બેન નીકળી! હું તને આટલી બીહીકણને ના હિમત વાન જાણુતી નહોતી. ખેર! મારા લાગ્યા હું ભોગવીશ! (નિરાશ વદને) જ્યારે માણુસનો અવ ગૃહ થાય છે ત્યારે સર્વ સ્નેહી પરાંગ મુખ થાય છે (એમ કહી ઉંડો નિશાસો મુકે છે.)

**કામલતા**— **માઢનો રાગ.**

શોક નહીં ધરો બાઇરે, મનમાં શાને મુજાઓ.
દીલગિર તમે નવ થાઓરે. મનમાં.
જાઉં છું હું સત્વર અહીંથી, આપનું કરવા કામ;
વેગે લાવું એને હું હમણા, મનમાં ધારો હામરે. મનમાં.
ચાતુરી ચલાવી બાઇ, કરજો આપનું કામ;
જાહેર જગમાં થાયે નહી મન, રાખો એટલી ફામરે. મનમાં

**પીંગલા**—તેની ચિંતા ધરવી ન તારે, જો તું મારૂં ચાતુર્ય,
મહારાજાને કેવો રમાડુ, જાણે શું મગદૂરરે.
મનામાં શાને મુજાય. મનમાં શાને મુજાયરે,
નહીં ચિંતા કરતું કાંય.

(ગધ) અહીઆં મને ઘણો વખત થઈ ગયો છે, માટે હવે અહીંથી સત્વર જવું જોઇએ; મેહેલે માહારાજા વાટ જોઇ રહ્યા હશે ને ચિંતાં કરતા હશે. તું અહીંથી તારા કામે સીધાવ. અને હું મેહેલે જાઉ છું.

**કામલતા**—બહુ સારૂ બાઇ સાહેબ, પધારો. (બંને જણા જાય છે.)

થીજ તારી આગળ મારી વાત પ્રકાશવામાં પાછીપાની કરતી નથી. મને નિશ્ચે ખાતરી છે કે તું મારૂં કામ જરૂર બજાવીશ. મધુમુખિને કહેતાં તે મારા ઉપર ક્રોધ કરી ચાલી ગઇ પણ ફીકર નહીં (રક્તનેત્રે) તેની મને શું પરવા છે? સાંભળ! અમો સઘળી સખિઓ અત્રે ક્રિડા કરતી મોજ માણતી હતી. એટલામાં એક પુરૂષ દેવાંસી જેવો અત્રેથી નિકળ્યો. બંન્નેની દ્રષ્ટિ ભેગી થતાં જાણે મને કોઇએ કટારીનો ઘા માર્યો હોય તેવી થઇ ગઈ; અને પછીથી શી વાત બની તેતો તું સખિઓના મુખથી માહીતગાર થઇ હઇશ. (નિસાસો નાંખી) શું તેના રૂપનું વખાણ કરૂં? જાણે કોઇ દેવ આકાશમાંથી આ પૃથ્વિને વિશે આવ્યો ન હોય!! વળી પહેરવેશ પહેરવાની શી તેની છટા! ચાલ પણ મનને મોહ પમાડે તેવી! માથે મંડીલ બાંધેલી તે જાણે શિરપર સુવર્ણનો મુગટજ ધારણ કર્યો ન હોય! તેનું જો બરાબર વર્ણન કરૂંતો કલાકના કલાક વહી જાય. જો તે પુરૂષને તું મને મેળવી આપે તો હું તને હરેક વાતે સુખી કરીશ, અને તારૂં મુખ માગ્યું ઈનામ આપીશ.

**કામલતા**—(મનમાં) બીજો કોઇ નહીં પણ તે મારો પ્યારો હયપાળજ હોવો જોઇએ. કારણકે તેના શિવાય કોઇ અવર પુરૂષ એવા દમામથી ફરતો નથી. જે સ્ત્રીની નજર તેનાપર પડે તે સ્ત્રીનું મન હરણ કરી લેવાની શક્તિ તેનામાંજ છે. (આસન) પણ બાઇ સાહેબ! તે પુરૂષનું નામ ઠામતો બતાવો? નામ ઠામ વગર ક્યાંથી ને શી રીતે મેળવી આપું.

**પિંગળા**—જો મને તેના નામની ખબર હોતતો તને પહેલાંજ ન બતાવી દેત. મને તારો પક્કો ભરૂસો છે કે તું નામ ઠામ વગરજ તેનો પતો મેળવી શકીશ.

**કામલતા**— **ઇંદર સભાની ગજલ.**

બાઇ કરો વખાણ જેના, એ મુરખ સરદાર;
અક્કલ એમાં કાંઇ નથી, એછે અતિ ગમાર.

**પિંગલા**—જ્યારથી મેં તે છેલ પુરૂષને જોયો છે ત્યારથીજ મારૂં મન તેને મળવા ઉત્સુક થઇ ગયું છે. મારા ચિતડાનો ચોર, મારા મનનો પતિ, મારા હૈયાનોહાર, મારી આંખોની કીકી, મારા શિરનો સરદાર, અને અપાર સુખનો દેનાર, મોજમજા મણાવનાર, એવા તે હું ક્યાંથી મેળવીશ ? હું જો તેનું સ્થાન જાણુતી હોતતો સ્વમેવ જઇ તેજ મળત ? અને મારા કામાગ્નિને તેના વચન સલિલથી સાંત પમાડત પણ લાચાર. (એટલામાં કામલતા પાછી આવે છે તેનો કેમ કામલના ! તેઓ સઘળીને પાછી વિદાય કરી આવી તે ઠીક થયું, હવે આપણે અહીંથી ચાલો. કેમકે મને આ રમણિય ઉધાન ઉજડ વેરાન જેવું લાગે છે. વળી સમિર, અગ્નિની જ્વાળા સમાન દેહ બાળે છે. મારા અંગે અંગ જવરથી બળી રહ્યાં છે. મને અહીંથી એક ડગ ભરવા જેટલી પણ શકિત રહી નથી. વિધુતપ્રભાના તેજથી મારી દરેકે દરેક રગો ખેંચાઈ ગઇ છે. (એમ કહી ઉંડો નિસાસો મુકે છે એ જોઇ)

**કામલતા**—કહુ શું નરીએ દુઃખિઓ કીધો છે એ રાહ.

શોકમાં ગરકાવ છો કેમ બાઇ, શાને માટે આપ છો દુઃખદાઇ. શો.

નિસ્તેજ મુખ શેં આજ થયું છે, શાની ચિંતા તમને મનમાંઇ. શો

આજ શું મા'રાજ તમને ખીજ્યાછે, કહો દુઃખ દાશીને ખરૂં હોય બાઇ. શો

આપ સુખે બાઇ સુખ છે મુજને, આપ દુઃખે થઉ અતિ દુઃખદાઇ. શો

બાઇ સાહેબ ! આપને એકાએક શોક સદનમાં ગુમવાનું શું કારણુ છે ? આપના સુંદર વદને ગુલાબી વસ્ત્ર તજી સફેત વસ્ત્ર ધારણુ કર્યું છે એ શું ! ! વળી જાણે મહાસાગર મથન કરવાને મંડયા હોય એમ જણાય છે. હાથે છાસને વલોવવાથી જો માખ્ખણુ આવતું હોત તો લોક રવૈયાને શું કરવા ઘરમાં રાખત ? અને જો એકજ હાથેજ સઘળું કામ થતું હોત તો બીજો હાથ નકામુજ થઇ પડત ! એકલા દાંતેજ ખવાતું હોતતો જીભની શી જરૂરતી ? માટે બાઈ સાહેબ ! આપના હૃદયની વાત પ્રકાશો અને મનનું દર્દ ઓછું કરો.

**પીં**—મારી વહાલી દાસી, તું બહુ ડાહી અને ચતુર છું તે-

**સુલક્ષણા**—પણ દંપતીના જોડલા ને જરાપણ દુઃખ નહી દેતાં
અપાર સુખને આપે છે.

**પિંગળા**—ચાલો ત્યારે તો આજ તેનાજ વર્ણનનું ગીત ગાઇએ.

( સર્વ સખિઓ ગીત ગાય છે )

**સર્વસખિઓ**— ગરબો.

સખિઓ જુઓ વસંતનો બહારજો, જોઇ આનંદ થાયે;
રમે રાગ રંગે નરનેનાર જો, ધારી શૃંગાર સદાયે.
ખિલે પુષ્પોના બાગ, બહુ ઊડે પરાગ;
મન થાયે સરાગ, લોક બોલે છે ફાગ;
બોલે કોયલ મનહર બોલજો, વિયોગીને તે બાળે.

**સાખ**—નવિન પલ્વ વૃક્ષો ધરે, શીતળ સમિર સુગંધ,
વસંતોત્સવ ઘર ઘર કરે, થઇ બહુ આનંદ. સખિઓ.

(ત્યાં આગળથી હયપાળ બનીઠણીને નીકળે છે, તેને દેખી પિંગળા તેનાપર મોહ પામે છે, બંન્નેની દ્રષ્ટિ એકમેક થતાં બંન્નેના ઉપર મનમથદેવ હુમલો કરે છે. પિંગળા એકદમ મુર્છા ખાઇ પૃથ્વી ઘર પડે છે અને તેની સખિઓ ગભરાય છે. તેને સાવધાન કરવાના સાધન લેવા આમ તેમ દોડી જાય છે. ફક્ત એક સખી તેની પાસે બેશી રહી પોતાના વસ્ત્રના અંચળથી પિંગળાના મુખપર મંદમંદ પવન નાંખે છે, તેથી જરા શુદ્ધામાં આવી આંખ ઉઘાડીને પુછે છે)

**પિંગળા**—બેની મધમુખી ! સર્વ સખિઓ ક્યાં ગઇ ?

**મધુમુખિ**-તમે એકદમ પડી ગયાં અને બે શુદ્ધ થઇ ગયાં તેથી
તમોને શુદ્ધીમાં આણુવા માટે ઉપચાર લેવા ગઈઓછે.

**પિંગળા**—હવે ઉપચાર કરવાની કાંઇ જરૂર નથી, કારણ કે મારા શરિરને હવે ઠીક છે'

**મધુમુખિ**—બેની એકદમ આમ થવાનું કારણ શું ?

**પિંગળા**—(ઉંડા નિશ્વાસ મુખી) કાંઇ નહી બેન, એતો શેજ.

**મધુમુખિ**—તમને કાંઇ મોહું દુ;ખ ઉત્પન થયું હોય એમ ભાસે છે?

**પિંગળા**—ફક્ત માથામાં ચકરી આવવાથી હું પડી ગઈ. બીજું કાંઈ નથી બેન !

**મધુમુખિ**—બેન શા સારૂ વાત છુપાવો છો ? જે વખતે પેલ્લ પુરૂષ જતો હતો, તે વખતે આપે તેની

**સુત્રધાર**—નહીં. તેનો બન્ને આંખોએ શુદ્ધ જોઇ શકે છે.

**વિદુષક**—ત્યારે તેને પ્રાણુનાથ પથશનાથ કહી, દેવ ને નમસ્કાર કરે તેમ બે હાથ જોડી નમન કર્યું; ને આ બંદાના સો સામુંએ જોતી નથી તેનું શું કારણુ?

**સુત્રધાર**—લે ભાઇ લે તને પણુ નમન કરે છે. (નટીને) પ્રીયા તેને પણુ નમન કરો.

**નટી**—જેવી પ્રાણુનાથની આજ્ઞા. (વિદુષકને નમન કરે છે.)

**વિદુષક**—(ખુશી થતો હોય તેમ જરા હશીને) હવે કેવી સમજી!! પહેલાંથી આ બંદાને નમસ્કાર કર્યો હોત તો આટલી મારે તસ્તી લેવી પડત!!!

(પડદાની અંદર પિંગળા—ચાલો સાહેલીઓ ચાલો. હવે, વિલંબ ન કરો. આંહીથી ક્રીડોદ્યાન થોડુંકજ દુર છે.)

**નટી**—(એ સાંભળીને) પ્રાણુનાથ! જુઓ સર્વે પાત્રો તૈયાર થઇ આ તરફ આવતાં લાગે છે; માટે ચાલો અહીં જાજીવાર ન કરો.

**સુત્રધાર**—ચાલો પ્રિયા (બંને જાય છે)

**વિદુષક**—(સુત્રધારને) અલ્યા છેતરીને જતો રહ્યો કે? જોઉછું તું કેટલે દુર જાય છે તે (એમ કહી તે પણુ સુત્રધારની પછવાડે જાય છે.)

## પ્રવેશ ૨ જો.

### સ્થલ ક્રીડોદ્યાન

**પાત્ર**—પિંગળા અને તેની સખિઓ તથા દાશી વીગેરે

**પિંગળા**—સખિ વસંતિ! જોને આજ કાલ વસંતનો કેવો બહારછે?

**વસંતિ**—હા બાઈ. તેની તો હાલ પૂર જુવાની ચાલે છે ને!!

**મધુમુખી**—તેને આ ઉદ્યાન કેવું રમણીય કરી મુક્યું છે?

**પિંગળા**—અને વળી તેનો મીત્ર ગુલાબ પણુ કેવો બેહેકી રહ્યોછે?

**મૃગાનેની**—પણુ સલિલે ક્યાં બાકી મુકી છે તે.

**કૃશોદરી**—સમિર પણુ તેના મિત્રને ઉંઘમાંથી જાગૃત કરવા મંથન કરે છે.

**પિંગળા**—સખિઓ! વસંત, પુષ્પો, સલિલ સમિર અને સમર એ પાંચે મિત્રો આ સમયમાં બહુ મજા મારે છે. પોતાના મન ગમતા સ્થળે વિચરેછે ને વિરહણીને બહુજ દુઃખ દેછે.

ચ્છંદ— રૈવા.

श्री परमात्म नमः

# શ્રી નવિન ભર્તૃહરી નાટક.

## ઇશ્વર સ્તુતિ.

સર્વપાત્રો—નાથ કેસે ગજકો બંધ છુડાયો. એરાહ

જગપતિ સુણ તું અરજ અમારી;
અમે માગીએ સાહ્ય તમારી. જગપતિ.

છે અતિ શક્તિ વિચીક્ષણ સઘળે,
પાર તે તો નવ પામે;
આપ કૃપાથી સૌજન જગતમાં,
આનંદે મોજ મચાવે. જગપતિ.

માત સહોદર ભ્રાતને ભગનિ,
પર લગની અતિ લાગી;
પણએ આખર વ્યર્થ સમજવું,
સ્થિર નથી રતિ સ્થાપી. જગપતિ.

ક્રીડા કૃતિ મતિ પૂર્વક કીધી;
દીધી અતિ મતિ ન્યારી;
ભર્તૃહરી નૃપ સર્વથી શાણો,
તેની લિલા તે વિસ્તારી. જગપતિ.

તેમાં અમને દે મદદ ઇશ્વર
કૃપા અમારી ઊર ધારી;
નાટક પાત્રો તમે છે તમને,
આનંદે જાયે વારી વારી. જગપતિ.

(સર્વપાત્રો જાય છે)

છે. વાંધો ભાગ્યો કે સોદો થયો. બોલ હવે શું કહે છે ?

**કામલતા**—શું કહું ? મે પ્રથમથીજ રહ્યું છે કે હું પૈશાની પ્યાસી નથી,

**હયપાળ**—ત્યારે તારે શું જોઇએ છીએ ? વાડી, ગાડી, બંગલો ઘર સોનું, રૂપુ, હીરા, માણેક, મોતી કે જરીયન વસ્ત્ર ?

**કામલતા**૦—તેને તો હું સ્વપ્નમાં પણ ઇચ્છતી નથી. મારા માલીકની મહેરબાનીથી એ સર્વ વાતે હું સંપુર્ણ છું

**હયપાળ**—ત્યારે એથી તો વધારે હું શું આપી શકું એ કાંઇ સમજાતું નથી એ કરતાં બીજી એવી શી અમુલ્ય ચીજ છે જે તું લેવા ચાહે છે ?

**કામલતા**—એ ચીજ એવી છે કે એના આગળ દુનિઆની દેખીતી તમામ ચીજો નકામી છે જે લેવા ધારે છે તેને કરોડો રૂપૈઆ ખરચતાં પણ મળતી નથી અને જે આપવા ધારે છે તેની પાસેથી વિના મુલ્યે પણ કોઇ ખરીદતું નથી પણ અરસપરસ એક બીજાની મરજી હોય છે તો થોડી મહેનતે અને વિના દામે તે ચીજ મેળવી શકે છે.

**હયપાળ**—એવી શું ચીજ છે કે જેને માટે તું આટલી બધી ભાંજગડ ચલાવી રહી છે.

**કામલતા**—જે છે તે છે બોલે તમે આપી શકશો કે કેમ ?

**હયપાળ**—મારૂં કામ થશે તો જરૂર આપીશ પછી કાંઇ ?

**કામલતા**—તમે આપવા હા કહોકે તમારૂં કામ કૃતેહ.

**હયળાપ**—હા કહું ને પછી મારૂં કામ ન કરે તો.

**કામલતા**—રહેવા દયો ત્યારે તમારી મરજી. વિશ્વાસ આવતો હોય તો હા કહો નહી તો મારે કાંઇ જરૂર નથી. પણ અમો બૈરાં તમારા જેવાં બેવફા નહીં હોકે ! એક થોડી વાતમાં કેટલી માથા કુટ ? વારૂ બેસો ત્યારે (જમાડે છે તેને)

**હયપાળ**—હુ હાર્યો તું જીતી પછી. કાંઇ બોલ શું માગવા ચાહે છે ?

**કામલતા**—જ્યાં વિશ્વાસ નહીં ત્યા વાત શી ? નકામી ભાંજગડ શું કરવા કરો છો ? ખાલી ખોટી કરી માલીકનો ઠપકો ખવરાવશો. જવા દયો ના રોકો. બે વિશ્વાસુ આગળ શબ્દનો ઉચ્ચારશો !

**હયપાળ**—ભુલ્યો, જખમારી, માફકર (બે હાથ જોડી નમસ્કાર કરી પગે લાગવા જાય છે. તેને)

**કામલતા**—જાઓ જાઓ તમે વળી પુરૂષ ચરીત્ર કરવા શીખ્યા કે? સ્ત્રી ચરીત્ર તો બહુજ અને બધે જોયું પણ પુરૂષ ચરીત્રતો આજ ને આંહીજ જોયું. ઠગબાજી કરી ભોળી ભામાને શું કરવા ભમાવો છો આપવા સામર્થ છો તો હા કહો નહીં તો ના કહો એટલે પટયું સૌ સૌને રસ્તે તો લાગે. ખોટી થવા કરવામાં શું સાર છે.

**હયપાળ**--આજ તો તેંમને પુરે પુરો થકવ્યો છે. બોલ તું લેવા ચાહે છે? હું આપવા તૈયારછું. મારૂં કામ થાય ચાય નહી.

**કામલતા**--હાશ? હવે કેવા ઠેકાણે આવ્યા પ્રથમથીજ કબુલ કર્યું હોતતો આટલી ભાંજગડ કરવી પડત?

**હયપાળ**—(હાથથી માથું દાબતો પોતાનું) હશે જે બની તે ખરી હવે ઝટ બોલી દે.

**કામલતા**--હું કહું તે મારૂં વેણ ખાલી જાય તો???

**હયપાળ**—તારો એક અક્ષર પણ ખાલી નહી જાય બોલ.

**કામલતા**—જો જો હો આપો વચન જોઇએ.

**હયપાળ**—લેઆ બાપા દાદાનો કોલ (વચન આપે છે) બોલ તું શું ચાહે છે?

**કામલતા**--તમારો પ્યાર.

**હયપાળ**—(ચક્તિ થઇને) અરે નાદાર? આટલા વાસ્તે આટલી બધી પંચાત બૈરાં બુદ્ધી તે બૈરાં બુદ્ધી. તે તો મેં તને કેટલા દીવસોથી આપેલોજ છે તેમાં વળી તેં નવું શું માગ્યું. બાયડીઓમાં બુદ્ધી આછી હોય છે તેનો અનુભવ મને આજ ખરે ખરો થયો.

**કામલતા**—અમે બૈરાં જાત ઓછી બુદ્ધીના ખરાં પણ પુરૂષ જેવાં નગરાં નહીં હોકે? ગુમડુ પાટે અમે વૈદને વેરી ન ગણીએ. અમારી ગાંઠ સુતરની ન સમજવી. જો રેશમની ગાંઠ જેવાં પુરૂષો હોતતો તમને આટલું કહેવું પડત. તમારો આપેલો પ્યાર જુનો થઇ ગયો બચપણથી યુવાન થતાં હવે વૃધાવસ્થા આવી છે. હવે તેમાં દરેક અવયવો અણગમતાં થવા લાગ્યાં છે હાલ તે મરણ પથારીએ પડેલો છે તે થોડા દીવસ પછી મરણના શરણ

થઇ હતો નહોતો થઇ જશે મારા મહેરબાન માફ કરજો વધુ બોલાયું હોય તો ફરીથી તેને જોવા ને રાખવા ઇચ્છાતા હો તો મને નીભાવવા મરજી હોય તો પુનઃ તેને જન્મ આપી તેનો ઉદ્ધાર કરો કે જે લાંબો વખત સુધી નભી ટકી શકે.

**હયપાળ**—અરે ગાંડી રે ગાંડી જે બીજ રોપી છોડવો થઇ મોટું વૃક્ષ થયું તેને પોતાને હાથે કોણ મુર્ખ નાશ પમાડે ! !

**કામલતા**—તે વાત ખરી પણ માણસનું મન હમેશાં એક સરખું રહેતું નથી તેથી ભય રહે છે કે કદાચ કુહાડીથી તેનું છેદન કરી મુળમાંથી નાશ કરે અગર સંસારનો પવન લાગતાં પડી તે ભાંગી જાય તેની શી ખાત્રી માટે એના નાશનો ભય રહે નહી તેવું થવું જોઇએ. એટલે બસ.

**હયપાળ**—ત્યારે શું તને તે બાબતનું લખત કરી આપુ ?

**કામલતા**—લખત બખતની કાંઇ જરૂર નથી. પોથાં તે થોથાં તે. સાચાં તે સાચાં મન ફરે ત્યારે લખતને શું ધોઇ પીવું? માટે તે હમેશ જન્મ પર્યંત નીભાવવા વચન આપો એટલે બશ.

**હયપાળ**—( મનમાં ) હાલ તો વચન આપવાદે પછી જોઇ લેવાશે. ( આસન ) લે આ વચન ( વચન આપે છે ) પછી કાંઇ.

**કામલતા**—જોજો હો બેવફા ન થતા.

**હયપાળ**—અરે ભોળી આ શું બોલે છે એ તે કદી બને ??

**કામલતા**—ઠીક ત્યારે એક વચની રહેજો ( પાંગળીએ આપે લો હાર કાઢી ) ત્યારે લ્યો મુક્તાહાર પ્યારના સાટાનું પ્રથમ બાનું પણ મારૂં માગેલું મહેનતાણું વિસરતા નહી હો કે ???

**હયપાળ**- વાહરે મારી દીલદાર ? છો તો બહુ હુશિયાર પ્યારનો સાર તો તું જ જાણે છે ને ?

**કામલતા**—હુશિયારી ન રાખું તો આવી જોખમદારી કેમ ઉઠાવું. મહારાજા જાણે તો કાંઇ બાકી રહે કે તમારે પણ ખમદારી રાખવી અને ચાલાકી વાપરી સદા ચેતતા રહેવું કે આ કામ કોઇના કળવામાં ન આવે. મારી બાઇ છે તો બહુ હુશિયાર, તેની ચાતુરીનો કોઇ પામસે નહી પાર, અને કોઇ વાતનો જણાવા દેશે નહી સાર. પણ દૈવ આગળછે લાચાર. (સાડી બતાવીને) પહેરો આ સાડી અને લાજ કાઢી ચાલો મારી સાથે.

**હયપાળ**—હું મરદ થઇ સ્ત્રીનો પોશાક પહેરૂં?

**કામલતા**—હું કયાં કહું છું. તમારી મરજી હોય તો પહેરો! ચાલો ઝટવાર ન કરો થઇછે બહુ વાર માટે મારીબાઇ કરતી હશે વિચાર.

**હયપાળ**—મને પહેરતાં નથી આવડતું તે.

**કામલતા**—તે મારૂં કામ. આવો તમને પહેરાવું (સાડી પહેરાવી આગુ ઓઢાવી હયપાળને લઇ જાય છે.

## પ્રવેશ ૫ મો.

### સ્થળ-દ્રારિદ્રદાશનું ઘર.

**પાત્ર**—દારીદ્રદાસ સુમતી અને તેનો છોકરો.

**છોકરો**—સહીયર દુઃખ શું દાખવું એરાહ.

માતુ મારી ભૂખ લાગી છે, ખાવાનું કાંઇ આપ;<br>
ખાવા આપીને માહરી, માતુતું ભૂખ કાપ. માતું.<br>
આવે અંધારાં ભૂખનાં, લીલાં પીળાં દેખાય;<br>
આવે ચક્કર મુજ ચક્ષુથી; નહીં ઉભું થવાય. માતું.<br>
ઉભો થવા જો જાઉં તો, થાઉં ધરતી શરણ;<br>
નહીં આપે કાંઇ ખાવા તો, પામીશ હું મરણ. માતુ.

**સુમતી**—( સજલ નેત્ર ) રાહ ઉપરનો.

પુત્ર મારા સુણ વાત તું, કહુ છું તને આજ;<br>
પીતા ગયા છે તાહરા, ભક્ષ લેવાને કાજ. પુત્ર.<br>
કરીશ નહીં કલ્પાંત તું, બાપુડા મારા બાળ;<br>
ઘડી બે ઘડીમાં આવશે, સુઇ જા બીજે માળ. પુત્ર.

**છોકરો**—મા;તું સુઈ જવાનું કહે છે પણ મને ભુખે નિંદ્રા કેમ આવે! મારાથી તો એક ડગલું પણ અહીથી ભરાશે નહીં ગમે તેમ કર પણ કાંઇ ખાવા આપ. ખાધા વિના આંહીથી ખસવાનો નથી.

**સુમતી**—પુત્ર! મારા વાહાલા પુત્ર? ( સજલનેત્રે ) તું શું કરવા હઠ કરે છે? તારા પીતાજી કયારના ભીક્ષા લેવા ગયા છે તે હવે આપવવા જોઇએ. તે આવશે. એટલે તને ખાવાનું આપીશ. હાલ મારી પાશે કાંઇ નથી બાપુ ( વધારે આ શું આવે છે ) જા

ભાઇ હમણાં તું મેડા ઉપર જઇ સુઇ જા ને બે ઘડી નિદ્રા લે, એટલામાં તારા બાપુ આવશે.

**છોકરો**—મારા બાપાજી આવશે એટલે મને જરૂર ખાવાનું આપશો ?

**સુમતી**—હાભાઇ જરૂર આપીશ.

**છોકરો**—ત્યારે તો હું જાઉછું ( મેડી ઉપર સુવા જાય છે)

**સુમતી**— લલિત છંદનો રાહ.

અરર ઇશ તેં, કોપ શો કીધો; સુખજ સુર્યનો, ઢાંકી તે દીધો.
અન્ન વિના રડે, બાળ માહરાં, પ્રભુ કીધાં અમે, શા પાપ તહરાં.
સહન કેમ આ, દુઃખ થાયરે, જોઇ વિલાપને, કંપે કાયરે.
કિયાં સુધી ખમું, હું દૂઃખ આહવું, અન્ન લેવા હવે, કયાં અરે જવું.
રૂદન બાળ આ. ભૂખથી કરે, અન્નવિના હવે, નિશ્ચે એ મરે.
કર કૃપા હવે, દીન બંધુ તું; અરજ આપને, આજ હું કરૂ.
અરજ સાંભળી, સુખ આપરે, અરર ઇશ તું દુઃખ કાપરે.

( છેટેથી દારીદ્રદાસને આવતો જોઇ આંસુ લોઇ નાંખી સાવધ થઇ તે બેસે છે. દારિદ્રદાસ ઘરમાં આવી જોળી ભોંયપર પછાડી ઉંડો નિસાસો નાંખી નીચે બેસે છે તેને ) પ્રાણનાથ ? કેમ આજ આમ છેક નિરાશ થયા લાગો છો ?

**દારિદ્રદાસ**—પ્રિયા ! હમણા મારા ભાગ્યનો ઉદય નથી ( સજલનેત્રે ) જ્યાં જાઉછું ત્યાંથી ચપટી ભર પણ અન્ન મળતું નથી. આજ એટલે ઠેકાણે રખડયો છું કે મારા પગ પણ દુઃખવા લાગ્યા છે અને થાકનો થાગ નથી. તો પણ એક જણનું પેટ ભરાય તેટલું અન્ન પણ મળ્યું નથી આવા દીવશો મારા નશિબમાં કયાં ઘાલી મુકયા હશે ? ઇશ્વરનો મેં શો અપરાધ કર્યો હશે ? અને પુરવ જનમમેં કીધાં હશે, જે આવી સ્થિતિમાં ભોગવવાં પડે છે મારા કુર ભાગ્યને લીધે, તમો બંને નિરપરાધી પ્રાણીઓને આવું અસહ્ય સંકટ સહેવું પડે છે. અરે આવા દીવસ મારાથી શીરીતે જશે ? ( અસુપાતે કરે છે. તે જોઇ સુમતી ગળ ગળી થઇ. )

**સુમતી**—પ્રાણનાથ ! આપ આમ શોક ન કરો. એટલે દુઃખથી આવી કાયા થઇ ગઇ છે, ને વળી કલ્પાંત કરશો તો વધારે નિર્બળ કાયા થઇ જશે જે આટલો અમારે આધાર છે તે

પછી અમો નિરાધાર થઈ જઈશું. જ્યાં સુધી આપણા નસિબમાં દુઃખ છે ત્યાં સુધી ક્રોડ ઉપાય કરો તો પણ લેશ માત્ર પણ ભીચ્યા થવાનું નથી. માટે આપ શોક તજી સંતોષ ધરો અમારા નશિબ એવાં તેમાં આપ શું કરો.

**દારિદ્રદાસ**—ક્યાં સુધી સંતોષ ધરૂં ? હવે તો હદ થઇ. ભુખનું દુઃખ ક્યાં સુધી સહન થાય? વસ્ત્ર વિના જેમ તેમ કરી ચલવીએ પણ વખતો વખત તે ચલાવા દેતો નથી. અન્ન એજ જગતનો આધાર છે. તેને માટે એક કવિએ કહ્યું છે કે

જગત અન્ન આધાર, અન્ન દઇવત એ મોટું;
અન્નવણ ન રહે જીવ, અન્ન વણ સરવે ખોટું;
દેવ મનુજ નરનાર, જીવેછે અનને જોરે;
અન્ન વિનાનું સરવ, અતિ અંધારૂં ઘોર.

**સુમતી**—પ્રાણનાથ ! તમારૂ કહેવુ ખરૂં છે, પણ કાંઇ આપણા હાથમાં છે જે કાંઇ તમે લાવ્યા છો તેમાં તમે અને પુત્ર બંન્ને જણા ખાંઓ મારા શરીરે ઠીક નથી તેથી મને કાંઇ ભુખ નથી.

**દારિદ્રદાસ**—શું હું પેટ ભરો છું ને તું ભુખી રહે ને હું મારૂં પેટ ભરૂં? એક દીન બને. પુત્રના ખાતાં વધે તો આપણ બન્ને જણ ખાઇએ.

**સુમતી**—જેવી પ્રાણનાથની મરજી ચાલો હાથ પગ ધોઈ લ્યો હું પુત્રને ઉઠાડી આવું.

**દારિદ્રદાસ**—શું તે અત્યારમાં ઉંઘી ગયો છે ?

**સુમતી**—હા. તે ભુખથી રડતો હતો તેથી મેં તેને સમજાવીને સુવાડયો છે.

**દારિદ્રદાસ**—જાજા ત્યારે તો તેને જલદી ઉઠાડી આવ (સુમતી પુત્રને ઉઠાડી લાવેછે. પુત્ર, દારિદ્રદાસને જોઇ દોડતો દોડતો આવી બાજી પડેછે. દારિદ્રદાસ તેને ખોળામાં લઇ બેટા તને ભુખ બહુ લાગી છે? ચાલ ત્યારે તું ખાઇ લે.

**છોકરો**—મે તમે તથા મારાં માતુશ્રી ?

**સુમતી**—બેટા તું જમી લે, અને વધસે તેમાં હું અને તારા પીતાજી બંન્ને જમીશું.

**છોકરો**—નહીં માતાજી એમ ન બને હું એકલો ખાઉને તમે બંન્ને ભુખ્યા રહો. તે મારાથી કેમ સહન થાય ? માટે આવો આપણે ત્રણે જણા જમી લઇએ. (ત્રણે જણા જમ્યા રહ્યા બાદ)

**હરિદ્રદાસ**—પ્રિયા! માહારી વહાલી પ્રિયા !! મે આંહી રહી મારા ભાગ્યનો ઉદય કરવાને ઘણી મહેનત કરી પણ જરાએ તેનો પ્રકાશ થયો નહીં, માટે હવે પરદેશ જઇ તેને ઉદયમાં આણવા ઉદ્યોગ કરૂં કે જેથી આપણું દારિદ્ર તિમિર નાશ પામે. માટે મને તું વિદેશ જવાની ના પાડીશ નહીં.

**સુમતી**—પ્રાણનાથ ! આપ આ શું બોલોછો? અમો આપની છાયા તળે રહી આનંદ પામીએ છીએ. અને આપના આધારે જીવીએ છીએ. ત્યાં તમો નિરાધાર કરી અમોને શું કરવા દુઃખ સાગરમાં હડશેલી મુકોછો ? આધાર વિના પીડાઇશું મુંજાઇશું ને હરેક વાતે હેરાન થઇશું માટે વિદેશ જવાની વાત કરતાના વળી સ્ત્રીને પતિ વિના એકલું રહેવાના શાસ્ત્રમાં મના કરી છે ને કહ્યુંછે કે

**છપ્પો.**

નાવ વિનાની નાર, કલંકતો પગલે પગલે;
નાવ વિનાની નાર, પાપતે ઢગલે ઢગલે.
નાવ વિનાની નાર, સતી પણ નવ સુજે.
નાવ વિનાની નાર, બુદ્ધિ એકે નવ બુજે;
વળી નાવ વિનાની નારિઓ, તરણ સરખે તોલછે;
શામળ કહે અબળા એકલી, બહુ અવગુણના બોલછે.

**ગદ્ય**—પછી જેવી આપની મરજી આપની આજ્ઞાને અધિન છું. પણ પણ હરકત ન હોયતો સાથે લેવા ના પાડશો નહી.

**હારિદ્રદાસ**--બીજી કાંઇ હરકત નથી, પણ મોટી હરકત એ છે કે તમો પરદેશમાં મને બંધનકારક થાઓછો. અને તમને સાથે લીધાથી હરેક વિટંબણા વેઠવી પડે છે તું સમજું છે માટે વધારે કાંઇ કહેવું યોગ્ય ધારતો નથી. તમો આંહી સુખેથી રહો ફીકર ન કરો; ઇશ્વરેચ્છાએ જલદીથી આપણું દુખ કરી સત્વર આવીને મળીશ તમો મુઝાશો નહી. દીલગીર ન થાઓ અને હવે જલદીથી જવાની રજા આપો.

**સુમતી**--પ્રાણનાથ અમારી શી વલે થશે (રૂદન કરેછે)

**દારિદ્રદાસ—આજે કહ્યું માનુ વનમાં હું જાઉ એ સહુ**

પ્રાણુ પ્યારી અન્ન લેવા હું જાઉ;
કાંઇ કોઇ પાસે માગી હું આવું. પ્રાણુ.
કરીશ કલેશન કાંઇ દીલમાં તું;
જલદી આવું તુજ પાસે લાવી હું. પ્રાણુ.
સમજાવી પુત્રને રાખજે પ્યારી;
નહીં રોવડાવીશ તું શાણી નારી. પ્રાણુ.
આવું જરૂર પાછો અન્ન લઇને;
જાઉછું પ્યારી તને શીખ દઇને. પ્રાણુ.
શોક ન કરતી હવે કાંઇ પ્યારી;
આપો રજા ખુશી થઇને એ નારી. પ્રાણુ.

**સુમતી**—પ્રાણુનાથ ? જાઓ કહેતાં તો જીભ ઉપડતી નથી; પણ આ પાપી પેટને માટે લાચારીથી જવાને આનાકાની કરતી નથી. રસ્તામાં સાચવીને ચાલજો તમારી દેહનું જતન કરજો, અમારી લેશ પણ ચીંતા કરશો નહી, તેમ કોઇ વાતે મનમાં મુઝાશો નહીં. તમારૂં કાર્ય શાધી ઝટ ઘરભણી વળજો, અને અમારી ત્વરાથી ખબર લેજો. ઇશ્વર તમોને સહાય કરશે. અને તમારા મનની આશા પુરશે. (દારિદ્રદાસ શોકાતુર વદને જાયછે. અને આસું ભરી આંખે સુમતી ઘરમાં પાછી જાયછે.

---

## પ્રવેશ ૬ ઠો.

### સ્થળ, રસ્તો.

**પાત્ર**—વિક્રમ એકલો.

**વિક્રમ**—જ્યાં જોઉંછું ત્યાં અંધેર અધેર ને અંધેરજ દેખાયછે. નાનાથી તે છેક મોટા સુધીના સઘળા અમલદારો લાંચીઆ, ને પેટ ભરા બની ગયા છે. દરેક તેમ એક બીજાના દાબમાં નહી રહેતાં સ્વતંત્ર થઇ ગયા છે પ્રજાવર્ગ પોતાનો સ્વાર્થ સાધવામાં પાપ પુન્યને પીછાણુતી નથી. જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં. અને ધણુા વિના ઢોર સોનાં. જ્યાં પુછનાર નહીં ત્યાં પ્રતિ ઉત્તર શાનો સઘળા એક સરખા થયા ત્યાં કહેવું કોને અમલદારોને લાંચ આપી એટલે પોતાનું કામ ફતેહ તેમાં

બિન ગુન્હેગાર માર્યા જાય તેની અમલદારો કાંઇ દરકાર રાખતા નથી. પૈસો મેળવવો એજ મહતકાર્ય સમજ્યા છે. તેમ તાબાના રાજાઓ તથા ઠાકોરો વીગેરે પણ સ્વતંત્ર જેવા થઇ ગયાછે. તેઓ ખંડણી બરાબર આપતા નથી. પ્રજા પોકારની સેંકડો અરજીઓ મારા પર આવીછે, પણ મારે તેનો શી રીતે નીકાલ કરવાને કાંઇ સુઝતું નથી. એકદમ ફેરફાર કરતાં લુચ્ચા તરકટીઓ બંડ ઉઠાવી સામા થયા વિના રહેવાના નથી. તેમ જો કાંઇ ઉપાય લેતો નથી તો બિચારી રાંકડી પ્રજાનો ઘાણ નીકળી જાયછે. વળી ઉપાય લેતાં કાંઇ આડું અવળું થઇ જાયતો માહારાજાનો મોટો ઠપકો મારે શિર રહેછે. માટે શું કરવું તે કાંઇ સુઝતું નથી. (વિચારમાં પડેછે. વિચારીને) ઠીક ! ઠીક ! ાં બરાબર છે ચાલ માહારાજા પાસે જઇ આજ તેમની આંખ, કાન તથા હૃદય ઉઘાડું (એમ કહી વિક્રમ પિંગળાના વિલાસ ભુવન તરફ જાયછે. )

## પ્રવેશ ૭ મો.

### સ્થળ—પિંગળાનું વિલાસ ભુવન.

**પાત્ર**—ભર્તૃહરી, પિંગળા, દાશી અને વિક્રમ.

**સુશીલા**—બાઇસાહેબ ? આપની પાસે યોગ્ય માળી છતાં આપનો યૌવન બાગ દરરોજ કરમાતો જાય છે એ શું ?

**પિંગળા**—દાશી, માળી તો મહેનત ઘણી કરે છે, પણ કીડા મુળમાં પેસી સઘળો રસ ચુશી લે છે. તેથી પત્ર અને ફળ ફુલ નહીં વધતાં સુકાતાં જાય છે.

**સુશીલા**—બાઇ સાહેબ ! (ગભરાટથી) ત્યારે તે કીડા દુર કરવા ઉપાય યોજવો જોઈએ ? ઉપાય નહીં થાય તો દીવસમાં બાગ વેરાન થઇ જશે.

**પિંગળા**—સખીસુશીલા ! તારૂ કેવું સત્ય છે ( એટલામાં મહારાજ આવવની નકી પોકરાય છે તે સાંભળી )

**સુશીલા**—બાઇ સાહેબ ! મહારાજ પધારે છે. તેમને તમારા સિવાય ઘડીભર પણ જંપ વળતો નથી.* જતાં તો વાર થઇ નથી એટલામાં પાછા પધાર્યા આપે એવી મોહની લગાની છે કે માહારાજા પળ પણ આપનાથી અલગ રહી શક્તા નથી. ( એટલામાં ભરથરી પ્રવેશ કરે છે. અને દાશી બહાર જાય છે. )

**ભરથરી**—પ્રિયા ! તારા વિના મને બધી દીશાઓ શુન્ય ભાસે છે. ચંદ્ર વિના રાત્રી ઘોર અંધારમય લાગે છે અને તેથી કરી કાંઇ પણ ચીજ દેખાતી નથી, તેમ મને તારા વિના કાંઈ સુઝતું નથી અને ભર પણ કોઇ ઠેકાણે કળ વળતી નથી. વાહાલી તમારૂં મુખ કેમ આજ ગ્લાન પામ્યું છે ?

**પિંગળા**— દક્ષણી રાહની લાવણી

ચેન ના પડે, તુમવિના ઓ પ્યારારે;
મન મુઝાઉં, દુઃખી થાઉં, ગમેત ખાઉં, કયાં હું જાઉં,
રહો છો જેથી ન્યારા. ચેન ના પડે.
એકલી રહે, તુમ વિના આ નારીરે;
પામે દુઃખ, ઘડી ન સુખ, ઉતરે મુખ, પ્રેમની રૂખ,
રહો દીલે વિચારીરે. ચેન ના પડે.
હમેશ આપનાં, દર્શ દિયો સ્વામિરે;
રાખો હજુર, વાધે નુર, ઘડી સબુર, કરો ન દુર,
કોઇ દિન પ્યારા સ્વામિરે. ચેન ના પડે.
આપ વિયોગથી, દુખ થાય અપારરે;
જોઇ મૂખ, કહું અચૂક, પામું સુખ, તજું છું દુઃખ,
મળોછો આપ જ્યારેરે. ચેન ના પડે.

**ભર્તૃહરી**— સાંહાના કનરો રાહ.

પ્રાણ પ્રિયા નવ રાખું જુદાઇ, નવ ગભરાતું રહિશ હું આંઇ. પ્રાણ.
ચંચળ ચતુરા ચતુર છો પ્રિયા, તુમ વિણ રહેવું ગમે નહી કાંઈ. પ્રાણ.
જોબન તારૂં જલકી રહ્યું તે, દેખિ ઠરૂં પ્યારી દીલનીમાંહી. પ્રાણ.
વાણિ મનોહર રૂપે તું રંભા, સ્વર્ગ મુકી કેમ આવિ તું આંહી. પ્રાણ.
મધુર વચન તારાં સુણીને પ્યારી, આનંદ સાગર મુજ જાય છલકાઈ.પ્રાણ.
પ્યારી મારી તું ન રહે મુજથી ન્યારી, તુજ વિયોગ લાગે દુઃખદાઈ. પ્રાણ.
ત્રણસો સાઠમાં છે તું પટરાણી, માનવતી તું ન જઈશ મુંઝાઇ. પ્રાણ.

**પિંગળા**—પ્રાણનાથ ! આપેજ હમણા આપની વિતિ કહી તો મને કેમ વિતતું નહીં હોય !! આપના કરતાં પણ મને વિયોગનું વધારે દુઃખ લાગે છે. એક પળ એક વરસ સમાન લાગે છે માટે સ્વામિનાથ (આંખમાં આંસુ લાવી) આ તમારી દાશીને અલગ કરતા નહીં.

**ભર્તુહરી**—પ્રિયા, આમ ગાંડી ન થા. તારા સુખને માટે તો મેં મારૂં બધુ કાર્ય છોડી દીધું છે. તેમ રાજકાજની પણ કાંઇ દરકાર રાખી નથી. વાહાલી ? તેં તો મને તારા પ્રેમરૂપી ઘરમાં બંદીવાન કરી લીધો છે. મનહર મુખની બેડી એવી તો સજડ જડી છે કે તે તોડી કાંઇપણ દૂર જવાતું નથી. વથી ગુલાબ પુષ્પો એજ મોહીત થઇ તમારા મુખ ઉપર વાસ કર્યો છે. તમારૂં ગૌર બદન જોઇ બિલરજે વક્ષઃસ્થળમાં વાસ કર્યો છે. નેત્રના કટાક્ષ પ્રહારથી શુક પોતાની નાશિકા અમે ભુલી ગયો છે. મુખાકૃતિ જોઇ પરવાળાએ ખુશી થઇ. પોતાનો રંગ અરપણુ કર્યો છે. ચંદ્રમાએ પણ મોહિત થઇ તમારા ભાલમાં વાસ કર્યો છે. એવી રીતે ફળો, ફુલો, અને દેવો તમારાથી મોહ પામી દુર રહી શકતા નથી ? તો મારૂં ગજાું તમારાથી દુર રહી શકું ? ? ? ?

**પિંગળા**—પ્યારા પ્રિતમ ! આપનું કહેવું યથાર્થ છે. આપે પણ મોહજાળમાં એવી ગુંફેડી છે કે જરાએ હાલી ચાલી શકતા નથી. નિરૂપાય છું કે આપને બહાર જતાં મારાથી અટકાવી શકાતા નથી. હવે તો કૃપા કરી વિયોગ દુઃખ ન દ્યો તો સારૂ.

**ભર્તુહરી**— પ્રિયા ! હું હવે તમારાથી દૂર નહી રહું. દુઃખ ન થાઓ.

**પીંગળા**—સ્વામિનાથ, સ્ત્રિઓનો એવોજ સ્વભાવ હોય છે કે વિયોગ દુઃખ તેનાથી ઘડીભર પણ સહન થઇ શકતું નથી. મુર્ખ પુરૂષો વરસોના વરસો સુધી પરદેશમાં પડી રહે છે તેની સ્ત્રિઓની શી દશા થતી હસે ? મદન મહારાજનો અમલ બહુ જોરાવર છે.

**ભર્તુહરી**—તેઓ બિચારી વગર અગ્નિએ બળતી હશે, અને પ્રધુ મનમાં સર્વ શસ્ત્રોથી વિંધાઇ જતી હશે. મુર્ખાને એ સંબંધીનું ક્યાં ભાન હોય છે કે સંસારમાં સ્ત્રિઓ સુખનું સ્થાન છે. અને તે વિરહ દુઃખથી દુઃખી થતી હશે.

**વળી**— નારીના કટાક્ષ પાશે પુરૂષ છે ગુલામ. એ રાહ.

**જગમાં જેને જન્મ ધરી, લાવો ન લીધો લગાર;**
**કામળાંગી માણી નહી, ધરીને આ અવતાર.**
**પ્રિયા સંગે બેશિને, કર્યુ ન પ્રેમપાનઃ**
**મોજ વિલાસ સુખ તેણું, દિધુ ન જેણે દાન.**

જન્મ્યો પણ ના જન્મ્યા જેવો, જાણ્યો ન કામ શૃંગાર;
તેને જન્મ ધરીને દીધો, વૃથા ભૂમિને ભાર.
મનુષ્ય તણા સુખને માટે, નારી નિપજાવી;
તેને તજી દૂર રહે તે, છે મહા પાપી.

**પીંગળા**—યથાર્થ છે પ્રાણનાથ! દાશી, એ દાશી! (દાશી આવીને)
**શુશીલા**—(નમન કરીને) શો હુકમ છે બાઇ સાહેબ?
**પીગળા**—માહારાજાને માટે ગુંથેલા હાર. અને છુટા પુષ્પો લાવ. (દાશી ફુલના હાર વિગેરે લાવે છે તે લઇ પિંગળા ભર્તુહરીના કંઠમાં હાર આરોપવા જાય છે. તેને.)

**ભર્તૃહરી**--કોમળાંગી! તમારા કરને તસ્તી ન આપતાં લાવો મારા હાથેજ પહેરી લઉં.

**પિંગળા**—સ્વામીનાથ! આપ એ શું બોલોછો? દાશીની દેહ પછી શું કામ આવવાની છે? (પિંગળા, ભર્તુહરીના કંઠમાં હાર નાંખે. છે, તેને ભર્તુહરી ચુંબન કરેછે. સામી ઉભી રહી છુટા પુષ્પોથી મહારાજાને વધાવે છે.)

**ભર્તુહરી**--(બહુ ખુશી થઇ) વાહવા: પ્રિયા? આજતો તે આનંદ સાગરને ઉગલાવી નાંખ્યો.

**શુશીલા**--બાઇ સાહેબ; બીજો શો હુકમ છે!

**પિંગળા**--જા, પેલાં નવિન આવેલા સુંદર ફળો લઇ આવ.

**સુશીલા**--વારૂ બાઇ સાહેબ, (કહી ફળ લેવા જાય છે. તેને દ્વાર પાસે વિક્રમ મળે છે તેને મહેલ અંદર જતો અટકાવે છે તેથી)

**વિક્રમ**—કેમરે? મને અટકાવ કરવાનું શું કારણ છે?

**સુશીલા**—(નમનતાઇથી)બાઇ સાહેબ! પિંગળા રાણી સાહેબનો એવો સખત હુકમ છે કે કોઇ જંતુ સરખાને પણ આંહી પ્રવેશ થવા દેવો નહીં. અને જો કોઇ પ્રવેશ કરશે તો તેને સખત શીક્ષા કરવામાં આવશે.

**વીક્રમ**--(આ સાંભળી મનમાં) અહોહો આટલી બધી તેની સત્તા? અને મારા ભાઇને શખ્ત કેદખાનું? શો જુલમ? શો જુલમ બિચારા ભોળા નરને કયાં ખબર છે કે મહેલમાં, અને રાજ્યમાં શું થાય છે. ક્યાંથી ખબર પડે. લેશ માત્ર પણ બહાર નીકળવાની તેની સત્તા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે અતિશય તે વરજીતંમ. તેમ

આમાંથી કોક દીવસ વિપરીત પરિણામ થવાનું, અને રાજ ધુળ મળી જવાનું. જ્યાં સ્ત્રિઓનું રાજ્ય ત્યાં નખોદની પાટી. કોણ જોનાર કે કોણ પુછનાર? ધાર્યું કરવું અને સ્વાર્થિઆનું પેટ ભરવું. પણ મારે હવે ખચિત મહારાજાની આંખ ઉઘાડવી અને બહેર મારી ગયેલી સઘળી ઇંદ્રીયો ને પાછી સતેજ કરવી (ચાસન) કેમ મને પણ જવાની મના છે?

**સુશીલા**—સાહે! એ તો હું આપને પ્રથમજ કહી ચુકી છું કે ગમે તે આવે અને ગમે તેટલું કહે પણ તેને આંહી આવવા દેવો નહીં તેમ તેની અરજ પણ આંહી આવી કરવી નહીં.

**વિક્રમ**—(ક્રોધથી) શો જુલમ! કેમ મને જવા દે છે કે નહીં?

**સુશીલા**—ના સાહેબ? મારાથીએ નહી બને (એટલું કહેતાંજ દાશીને ધક્કો મારી મહેલ અંદર દાખલ થાય છે. વિક્રમ ને આવેલો જોઇ બંન્ને જણા ચકીત થાય છે. બંન્ને વિક્રમ નમન કરે છે.)

**પિંગળા**—(સક્રોધ) કેમ! તમને આંહી આવતા કોઇ એ અટકાવ્યા નહીં? અમર્યાદશીલ કેમ થયા? શું તમોને ખબર કથી કે મહારાજા રાણી વાસમાં બિરાજેલા છે? છેક શરમ કેમ તજી! તમારે આવવું હતું તો પ્રથમ કોઇની સાથે કહેવરાવીને રજા મંગાવવી હતી.

**વિક્રમ**—(નરમાશથી) માતુશ્રી! મારે માટે રજા?? હું તો તમારો છોરૂં વળી બચ્ચાંને માબાપ આગળ આવવું તેમાં શરમશી નેમર્યાદા છોડવી શી? અને રજા લેવાનું પણ શું કારણ?

**પિંગળા**—મહારાજા અત્રે બિરાજેલા છે એટલે કોઇ વાતની હરકત નથી. પણ આજનો સમય બહુ ખોટો છે સહેજ વાતમાં પણ લોક આળ ચડાવવા ચુકતું નથી.

**વિક્રમ**—માતુશ્રી, આપની વાત સત્ય છે. મારે માટે મના હશે એ હું નહોતો જાણતો.

**પિંગળા**—સમજુ થઇને આશું બોલ્યા? દંપતિ જ્યાં બિરાજેલાં હોય ત્યાં હરેક કોઇને જવા આવવાની શાસ્ત્રનીજ બંધી છે. સમજુ થઇ છેક છોકરવાદી કરવી એ કાંઇ ઠીક નહીં.

**ભર્તુહરી**—છોકરાંઓની ભુલ ચુખ લક્ષમાં લેવી નહી. એતો આપણું બચ્ચું.

**પિંગળા**—ત્યારેજ કાંઇ ઉપાય નથી ને ( આસન બતાવીને વિક્રમને ) બેસો ભાઇ આ આ સનપર ( બેસે છે )

**ભર્તુહરી**—પ્રિય બંધુ વિક્રમ! આજે તારૂં એકદમ અને ઉદ્ધતાઇ ભરેલું આવવું કેમ થયું ?

**વિક્રમ**—( હાથજોડી નમન કરીને ) પ્રિય ભ્રાતા ! આજ અત્રે પધારવા સબંધી હકીકત શી કહું. આપે હવે રાજની લગામ તદ્દન છોડી દીધી છે તેથી જયાં જોઉછું ત્યાં આપના વિના અંધારૂં ઘોર લાગે છે. રાજમાં એટલી ઉથલપાથલ થઇ છે કે જે કહેતાં જીભ ઉપડતી નથી. ખંડીઆ રાજાઓ, દરબારીઓ, તથા સર્વ પ્રજા મંડળ પોતપોતાની મરજી મુજબ વર્તે છે, અને તેઓને માથે કોઇ ધણી ન હોય તેમ વિચરે છે. વધારે શું કહું ભ્રાતા હવે તો કૃપા કરી કચેરીમાં પધારો અમે રાજ સુધારો એક હાથે ખાબોચીયું પણ તરાતું નથી. પણ બે હાથ સાથે મથી મોટું સરોવર તરાય છે નિરૂપાયે અને બહુ સહન નહીં થવાથી છેવટે મર્યાદા મુકી આંહી આવ્યો છું.

**ભર્તૃહરી**—કેમ પ્રિયા ! આ વાતમાં તમારી શું સલાહ છે?

**પિંગલા**—તમે કહેતા હતા ને કે મારો વિક્રમ ભાઇ રાજ્ય વિગેરેનું સર્વ કામ કરવા શકિતમાન છે. પણ જોવું ?‥? ? ભરૂસાની ભેંસે પાડો જણ્યો. એ તો જેના કામ જે કરે. છોકરેથી છાશ પીવાતી હોત તો પછી મોટાનું કામ ન પડત? (મનમાં) આંહી હવે ઓછો સમય રોકાય તેજ સારૂ અને તેવોજ ઉપાય લઉં વિક્રમે કર્યું તો ખોટું પણ મારા લાભમાં ફાયદો થયો. આ પીડાને ટાળવાની મને મહેનત પડત તે હવે સહેજમાં પીડા ટળી જશે તે રાજકાજમાં રોકાશે તેટલા વખતમાં મારા વાહાલા રસીકથી હું મોજમજા માની લઇશ. જ્યાં પુન પાધરાં ત્યાં ચોર આંધળા. નશીબ સીધું ત્યાં સર્વ સીધુંજ થયા કરે. ગૃહ ઘેર ત્યાં સર્વ લીલા લહેર અને સુખની મહેર, ભાગ્યશાળીને ઘેર ભૂત રળે અને વિના અડચણે સર્વ વિધ્ન ટળે ધન્ય છે પ્રભુ તારા મહીમાને, તારી મરજી મારા ઉપર અપાર છે એજ મારા સુખનો સાર છે. (પ્રકાશ) તોયે પણ ધન્ય છે તેમને જે આટલું કાર્ય જેમ કરી ચલાવી શકે? તેમનું કહેવું ખરૂં છે. અને તે સબંધી બંદોબસ્ત કરવોજ જોઇએ.

**ભર્તૃહરી**—બંધુ વિક્રમ ? તું કોઇ વાતે મુંઝાઇશ નહી તેમ ગભરાઇશ નહીં હું થોડો થોડો સમય કચેરીમાં આવ્યા કરીશ.

**વિક્રમ**—તો તો મારાં મોટાં ભાગ્ય ? રાજ્યનો અને પ્રજાના સૂર્યનો પુનઃ ઉદય થયો ગણાશે. અને હજારોના શુભ આશિરવાદ આપવાને મળશે,ભ્રાતા હવે મને જવાની આજ્ઞા છે ?

**ભર્તૃહરી**—પ્રિય વિક્રમ ? ઘણા દીવસે મેળાપ થયો છતાં આમ ઉતાવળ શું કરે છે ? દાસી ફળ લેવા ગઇ છે તે આરોગીને પછી જા.

**વિક્રમ**—બહું સારૂ ભ્રાતા જેવી આપની આજ્ઞા. (દાશી ફળ લઇને આવે છે. તે પિંગળા લઇને બંનેને પિરશે છે. અને પોતે પણ તેમાંથી વધેલા ફળ ખાય છે ખાતાં ખાતાં )

**વિક્રમ**—અહાહા ??? શી ફળની સુંદરતા અને મધુરતા ? આવી મીઠાશવાળા ફળ તો આજ સુધી પામે કોઇ દીવસ જોયાં નથી તે પ્રાસન કર્યાની તો વાતજ શી ?? માતુશ્રી, આવાં ફળ તો આપણા રાજની હદમાં થતાં હોય તેમ મને તો લાગતું નથી.

**પિંગળા**—આપનું કહેવું ખરૂં છે દીયરજી ? આ ફળતો મારા પિતશ્રીને ત્યાંથી આવેલાં છે.

**વિક્રમ**—( આશ્ચર્યતાથી ) એમ કે ? !!!

**ભર્તૃહરી**—ચાલો બંધુ વિક્રમ ? આપણે મહાકાળેશ્વરના મંદીરે દર્શન કરવા જઇએ.

**વિક્રમ**—ચાલો ભ્રાતા.

**ભર્તૃહરી**—પ્રિયા હું સત્વર પાછો આવું છું, તમે વિયોગ દુઃખ ધરતા ના.

**પિંગળા**—બહુ સારૂં સ્વામિનાથ ! પણ જેમ બને તેમ પાછા જલદીથી પધારજો બહુ વખત રોકાશો નહીં. ( ગદગદ કંઠે ).

**ભર્તૃહરી**—પ્રિયા ગભરાઓ નહીં. હુંતો આ આવ્યો. (વિક્રમ તથા ભતૃહરી જાય છે.)

**પિંગળા**—(હોઠ પીશીને) કાશ ગઇ હાશ ! હવે નિરાંત થઇ. ( આને ઉછરંગથી ) પ્યારા સંગે, અતિઉ મંગે, મોજ માણીશું વિધ વિધ રંગે. પણ દાશી હજુ સુધી કેમ કાંઇ ખબર લઇને આવી નહીં. વિચાર વમળમાં પડે છે એવામાં કામલતા હયપાળને સ્ત્રી વેશે લઇને આવે છે તેને જોઇ કામલતાને) કેમ કામલતા ! શું

ખબર લાવી ? નાઇ પત્તો મળ્યો કે? વળી આ નવિન બાઇ કોણુછે?

**કામલતા**—( મોં હાવકુ રાખીને ) બાઈ સાહેબ બધે તપાસ કર્યો અને આખા નગરમા ફરી ફરી થાકી ગઇ તો પણ તેનો કાંઇ એ પત્તો લાગ્યો નહીં, આખરે થાકી પાછી ફરી અત્રે આવતાં રસ્તામાં મારી સખી મળી તેને લઇ અહિં આવીછું.

**પિંગળા**—(કામલતાના વેણ સાંભળી ભુતના વળગાડની પેઠે બહોશ થઇ વ્યાધ ગૃહસ્ત થયેલી હોય તેમ દીન વદને ધીમે સાદે) ત્યારે તું આવી ચતુર છતાં મારે દુઃખ સાગરમાં ડુબવું ? તારી મહેનતનો બદલો નહીં ભુલું, મારી ઉપર કૃપા કરી ફરી તપાસ કર. અને ગમે તેમ કરી વિરહાગ્નિથી મને બળતીને ઉગાર. (ગભરાટથી) હું બળુ છું. મને કોઇ બચોવો. મારાથી કામાગ્નિ સહન થઇ શકતો નથી.

**કામલતા**—બાઇ સાહેબ આમ છેક શું ગભરાઓ છો ? એ. તે કાંઇ બજારૂં ચીજ છે તે ઝટ લાવી હાજર કરૂં. આ કામ કેવી રીતે કરવાનું છે તે તો તમો સારી રીતે જાણો છો સમજુ થઇ આમ કરો તે ઠીક કહેવાય ? બીજું કામ હોય તો પુછતાંએ પત્તો મેળવાય. પણ આનો તો એક અક્ષરે ના ઉચરાય. જો મેં તેને નજરે દીઠો હોત તો તેને ઘેર જઇ બોલાવી લાવત. પણ હવે મારે શા રીતે કરવું. (વિચારમાં પડી હોય એમ ડોળ કરે છે.)

**પિંગળા**—( ગળગળે સાદે ) ત્યારે શું તું હવે દુઃખમાંજ રાખવા ચાહે છે ? ( જરા ગુસ્સાથી ) તું ઉંધો જવાબ દઈ મને અધીરી ન બનાવ ! તારા પ્રત્યેક બોલ મારા કર્ણને ભેદે છે. આ વખત મસ્કરીનો નથી. ડોળ કરવું મુકી દે. ખરૂં હોય તે કહી દે.

**કામલતા**—(સ્મિત મુખે) વાહ બાઇ વાહ ? ? તમે તો પુરા કામાધિન થઇ ગયાં છો ને શું ? તમે ક્ષત્રાણી બહાદુર કહેવાઓ તો કયાં ગઇ તમારી હિંમત ?? ફક્ત એકનેજ વશ કરી નથી શકતા તો રણમાં હજારોને શું હઠાવશો ???

**પિંગળા**—વાહાલી દાશી ? બહુ મને ન સતાવ હવે તો હું છેક લાચાર થઈ ગઇછું. જો તું મને દુઃખસાગરથી કાંઠે લાવવ ચાહતી હોય તો તારો વચન પ્રહાર રહવા દઇ કાર્ય સાધવાની હીંમત રૂપી દોર ફેંક કેજે ગૃહી હું સુખરૂપી નાવમાં બેશીકાંઠે આવું.

**કામલતા**—બાઇ સાહેબ? આપ ધીરજ ધરો આજ સુધી હું કોઇ કામમાં પાછી પડીશું? તે આ કામ કરવામાં અશક્ત થાઉં. લાવો મારૂં ઇનામ ! ! !

**હુળપાળ**—(સ્ત્રી વેશે મનમાં) રાંડ કેવી લુચ્ચી છે. પોતાના માલીકને કેવી ફસાવે છે. બડી જબરી.

**પિંગળા**—(અધીરાઇથી) તે ક્યાં છે ?

**કામલતા**—જ્યાં છે ત્યાં છે. ઇનામ આપવું છે કે કેમ ?

**પિંગળા**—(નરમાશથી) તે કોણ ના કહેછે. પણ તેને આંહી લાવ્યા વિના.

**કામલતા**—આપે લાવવાનું સારૂ ક્યારે કર્યું હતું. ફક્ત શોધ કરવા કહ્યું હતું.

**પિંગળા**—ખોળવાનું ને લાવવાનું જુદું કહેવુ પડે ખરૂં કે ?

**કામલતા**—અમને ચાકર માણસને શું ખબર પડે કે બંન્ને ભેગું કહેવાતું હશે આપે ખોળવાનું કહ્યું હતું તે ખોળીલાવી લાવવાનું કહ્યું હોતતો સાથે તેડી લાવત.

**પિંગળા**—(છેક કાયર થઇ હું તો હવે તારાથી થાકી હવે તારા સામે એક શબ્દ બોલવાની પણ મારી શક્તિ નથી. જેમ તેને મારૂ બહેતર જણાય તેમ કર્ય, પણ આ તારી સાથે સખી આવેલી છે તે કાંઈ બોલતી નથી તેમ કોઇ પુરૂષ આંહી નહી છતાં લાજ કાઢી આમ તેમ ગુચ્યા કરેછે એ શું ?

**કામલતા**—બાઇ સાહેબ એ મારી સખી બહુજ શરમાળ છે. તે કોઇના બોલાવ્યા વિના બોલતી નથી. પણ જ્યાં તેનું મન મળે છે ત્યાં શરમ કે લાજ જરાએ રાખતી નથી. એ મારાં કરતાં એટલી ચાલાક છે કે આપ એને ઘડી પણ સુની મુકવા ચાહસો નહી. એને હરેક રીતે ખુશી રાખશો તો તે તમારો સંગ મુકશે નહીં. પણ હદથી વધારે ખુશી કરશે. પણ કદાચ કોઇ વાતનું વચકુ પડશે તો ફરીથી તમારા મુખ સામું તો શું પણ તમારા દ્વાર સામું પણ જોશે નહી. એવી હઠીલીને અડંગી છે. માટે સાવચેતથી કામ લેજો અને સભ્યતાથી વરતજો બીજી દાશીઓ ઉપર આપ હુકમ કરોછો તેમ તેના ઉપર આપનો હુકમ કે આજ્ઞા ચાલશે નહી. હુકમ ઉઠાવવામાં તથા આજ્ઞા પાળવામાં હઠીલી અને

આળસુ છે. તમારાથી બરાબર જળવાય તો સ્નેહ ધરજો મીજાસની ભરેલી છે મેં ખુશામત કરવામાં ખામી રાખી નથી. ને પછી જેવી આપની મરજી.

**હળપાળ**—(મનમાં) કેવી જાળા પુંઠે ફેરવે છે માકડાની પેઠે નચાવે છે ને બાળકની જેમ બહેકાવે છે. પણ હજી પોતાના ભરમ ફોડતી નથી. વાહરે વાહ !

**પિંગળા**—તું તારે હમેશ તારી સાથે લેતી તો આવજે એ તો બધું ઠીક થશે.

**કામલતા**—બાઇ સાહેબ ! મારી સાથે લાવવા કરવાની કાંઇ એ જરૂર પડે તેમ નથી સ્નેહ થયો અને તમારૂં તથા તેનું મન મળ્યું એટલે મારો એ ભાવ પુછશે નહી એ તો આપ પોતાની મેળે આવશે જ્યાં મોજમજા માહાલવા મળે ત્યાં મુરખ હોય તે ન આવે જે વૃક્ષ શીતળ છાયા આપતું હોય તેને ત્યાગી મુર્ખ તજી તડકાથી તપતા વૃક્ષની ગરમ છાયા નીચે બેસે છે હવે હું આપનું કાર્ય બજાવજો તેના કૃત્ય ઉપર ગુસ્સે થશો નહીં કારણકે તે ગાગામડાની અંદર હલકા લોકમાં રહેલી તેને રાજકાજના નિયમની શી ખબર જો આના ઉપર ગુસ્સો કરી એને ખીજવશો તો તમારૂં સઘળું કામ ધુળ મળ્યું સમજો પછી મારા હાથમાં કાંઈ બાજી રહેશે નહીં.

**પિંગળા**—બહુ સારૂ તેની જરાએ તારે ફીકર કરવી નહીં હવે તું તારા કામે શીધાય ( કામલતા જાય છે અને હયપાળ સ્ત્રી વેષે છે તેને ) આવ ! બાઇ આવ ? આંહી બેશ. ( ધીરે ધીરે જઇ પિંગળાની સોડમાં બેસે છે તેને ) અને લાજ કાઢેલી કાઢી નાંખ આંહી કોઈ પુરૂષ નથી જે શરમાય છે શાને? ( લાજ કાઢી નાંખતી નથી તેથી ) ગાંડી ! આંહી તે વળી સ્ત્રિઓના આગળ લાજ હોય ? પિંગળા, હયપાળે કાઢેલી લાજ કાંઢી નાંખે છે, અને હયપાળને જોઇ અચંબો પામી ઉભી થઇ ) કોણુ મારા વા'લા પ્રિતમ !!!! ( એમ કહી ભેટે છે ) ક્રીડાધાનમાં બાણુ મારી ગયા હતા તેજ કે ! ( હસતા વદને ) લુચ્ચી કામલતા એમને છેતરી ! મેં મુર્ખિએ તેના મર્મ વાકયનો ભેદ ન કળ્યો.

**હયપાળ**—ત્યારે પ્રથમ મને ક્યારી મારી હતી તેજકે ?

ઠીક થયું કે મારા ગુનેગારને કામલતા એ મને મેળવી આપ્યો.

**પિંગળા**—ત્યારે તો તમારોને મારો બંન્નેનો ગુનો એક સરખો થયો માટે બંન્નેમાંથી એકેને સજા ન થવી જોઇએ.

**હયપાળ**—(પિંગળા ઉભી રહી છે તેને) પ્યારી હવે ઉભી થઇ રહી શું કરીશ ? અત્યાર સુધી તો મારૂ ચિંતવન કરવા જરા એ અચકાતી નહોતી અને મળવા ઉત્સુક થઇ રહી હતી તો હવે સરમાય છે શું કરવા ?

**પિંગળા**—સ્ત્રિઓને શરમ તો હોયજ! પણ ફક્ત હું તો આપની આજ્ઞાની રાહ જોતી હતી. હવે આપની આજ્ઞા થઇતો આ બેઠી ( બેસે છે ) પ્યારા ! જ્યારથી 'તમારૂં મને દર્શન થયું હતું ત્યારથી મારૂચીત આપની પાછળ ભમરાની પેઠે ફરતું હતું સઘળી વસ્તુઓ ઉપરથી મારૂ ચિત ઉઠી ગયું હતું મને આ મહેલ અને અવાસ સુળી સમાન લાગતા હતા શંગારની પેઠે બાળતો હતો મારી સઘળી ઇંદ્રિઓ તથા અવયવો પોતાનું કામ કંટાળા ભરેલી રીતે કરતાં હતાં મારૂં મન કમળ સંકોચાઇ ગયું હતું અને તન પુષ્પકામ તાપથી કરમાઇ ગયું હતું આજ આપના દર્શન થવાથી મારૂં સઘળુ દુઃખ દર્દ નાશ પામ્યું છે, ભ્રમણુતા મટી ભાન ઠેકાણે આવ્યું છે જેને હું દુઃખમય જાણુતી હતી તથા અરૂચી ધરાવતી હતી તે સર્વ સુખકારી અને અમૃત તુલ્ય થઈ ગયું છે. પ્યારા! હવે હું હરેકવાતે સુખી થઇ છું.

**હયપાળ**—પ્રેમનો એવોજ મહિમા છે પ્યારી ભલા ભલાના ભાન ભુલાવે છે, ને ચતુરને ચગડોળે ચડાવે છે.

**પિંગળા**—કોઇ હાજર છે કે ! ( અંદરથી )

**સુશીલા**—બાઇ સાહેબ શો હુકમ છે ?

**પિંગળા**—મીઠાઇ, મેવા અને દ્રાક્ષરસ લાવ અને તેની સાથે તાંબુલની પેટી લેતી આવજે.

**સુશીલા**—( અંદરથી ) વારૂં બાઇ સાહેબ આ લાવી. ( સર્વ સામાન લઇ ધીરે ધીરે ચાલતી લંગડાતી આવે છે તેને)

**પિંગળા**—કેમ સુશીલા ! આજ આમ કેમ ચાલે છે ? શું કાંઇ દર્દ થયું છે કે ?

**સુશીલા**—બાઇ સાહેબ, દર્દ બર્દતો કાંઇ થયું નથી, પણ આપની આજ્ઞા પાળવાની આ પ્રસાદી મળી છે. ( આંખમાં આંસુ

લાવે છે ને મીઠાઇ વીગેરે તો થાળ નીચે મુકે છે. )

**પિંગળા**—શું તું પડી ગઇ છે ?

**સુશીલા**—પડી નથી ગઇ પણ પાડી નાંખી છે.

**પિંગળા**—કોણે ?

**સુશીલા**—આપના દીયરજીએ.

**પિંગળા**—શામાટે ?

**સુસીલા**—આપની પાસે નહીં આવવા દેવાથી.

**પિંગળા**—ગાંડી, પુરૂષ સાથે એવડી હુજત કરીએ ?

**સુશીલા**—ત્યારે શું આપના ક્રોપના તાબે થઇએ ?

**પિંગળા**—જા જા જઇને દવા બાવા લગાડ.

**સુશીલા**—વારૂ બાઇ સાહેબ. ( જાય છે જતાં જતાં ) બાઇ સાહેબની મતી બગડી છે બાણું લક્ષ માળવાના ધણીને તજી આવી અઠાણીઆ સાથે યારી કરી એ ખુવાર થવાની નીશાની છે. મોટા માણસને કોણ કહે ? હવે આંહી આપણો ચાકરી કરવાનો ધર્મ નથી ( અફસોસ કરતી જાય છે. )

**પિંગળા**—( હયપાળને ) પ્રિતમ ! આરોગો આ સુંદર ફળોને સ્વાદીષ્ટ મીઠાઇ ! !

**હયપાળ**—શું હું એકલો ખાઉં ? આટલું બધું મારા એકલાથી ખવાય ?

**પિંગળા**—હું તેમાંથી મારા માટે અલગ કાઢી લઉં છું પછી તો વરસેને ?

**હયપાળ**—એમ કેમ ? અલગ કાઢી લેવાનું કાંઇ કારણ ?

**પિંગાળ**—આપની સંગે બેશી ખાતા વટલાઇએ.

**હયપાળ**—( જરા રક્ત નેત્ર ) ત્યારે પ્રિત કરતાં નહીં વટલાય ? એમ,હતુ ત્યારે તો પ્રથમ વિચાર કરવો જોઇતો હતો.

**પિંગળા**—(હાથજોડી) આપ દાસી પર ગુસ્સે ન થાઓ આ દાસી આપનો સર્વે હુકમ ઉઠાવવા તૈયાર છે.

**હયપાળ**—પ્યારી ! વહાલામાં વટાળ હોય નહીં. લે આવી જા (બંન્ને જણુ ભેગાં જમવા બેસે છે. પિંગળા એક હાથે હયપાળને પંખો નાંખે છે અને એક બીજાને આમણુ સામણુ ખવરાવે છે.) પ્યારી ? આ ફળ તો બહુજ મીઠું છે ( પોતાના ખાધેલા ફળને )

તે જરા ચાખતો ખરી. (પિંગળાના મુખમાં પોતાને હાથે મુકે છે.)

**પિંગળા**--પ્રાણવલ્લભ ! (મીઠાઇનો કટકો લઇ) જુઓ તો ખરા આ મીઠાઇની મીઠાશ (એમ કહી હયપાળના મોઢામાં ખોશી ઘાલે છે મને હાથથી મોહ દાબે છે.

**હયપાળ**—( પિંગળાનો હાથ પકડી ) આં! આં! આં! આતો મરવાનાં લક્ષણ.

**પિંગળા**--આટલામાં ગભરાઇ ગયા કે? ચાલો ત્યારે હાથ ધોઇ નાંખો. (પિંગળા પોતાના હાથે હયપાળના હાથ ધુએ છે અને ભીના હાથ પોતાની સાડીથી લોહી નાખે છે. પછી દ્રાક્ષા રસની શીશીમાંથી એક ગલાસમાં દ્રાક્ષા રશ કાઢીને ) પ્રિતમ માનીતો મજા ઓરજ છે. (દ્રાક્ષ રસનો પ્યાલો હયપાળના હાથમાં આપીને.)

**ડરમાં તું દીલ સાથ છોકરા દરમાં તું દીલ સાથ એ રાહ.**

તમો પિઓને મારા પ્રાણ, મધુર રસ પિયોને મારા પ્રાણ.
મારા છોજી તમે જીવજાન. મધુર.
પ્રેમ નિશાની, છે દીલજાની; પિયોને પ્યારા મારા,
આજ ઉમંગે, મોજ મજા માણો દાશીની સંગે; પ્યારીને ન્યારી
ન રાખો કદીએ, વાલા વિવેકી છો વધુ શું વદિએ;
મારી અરજ માની, મને વિયોગ દુઃખના આપશો;
આપવિણ જાશે મારો જાન, ખરે આપવિણ જાશે મારો જાન.
મધુર રસ.

**હયપાળ**--(દ્રાક્ષરસનો પ્યાલો બતાવીને) આની મજા ઓર છે તો તારી મજા ક્યાં કમ છે ? ! ! (પ્યાલો પીએ છે ને પોતે દ્રાક્ષ રસનો પ્યાલો ભરી પિંગળાને પાય છે. દ્રાક્ષ રસ પી, પાન બીડાં એક મેકના હાથનાં ખાયછે. એ સર્વ થઇ રહ્યા પછી શીશીમાથી ઉત્તમ અત્તર કાઢી હયપાળના આખા શરીરે ચોળે છે. પછી દાશીને.)

**પિંગળા**--દાશી !

**સુશીલા**—(અંદર) હાં બાઈ સાહેબ શો હુકમ છે ?

**પિંગળા**—આંહીથી આ સર્વ સામાન લઇ જા.

**સુશીલા**—આવી બાઇ સાહેબ. (આવીને સર્વ સામાન લઇ જાય છે. )

**પિંગળા**—મારા મન મોહક ! (હિંચોળા ખાટ બતાવીને ) પધારો આ હિંચોળા પર. (હયપાળ હિંચોળા ખાટ પર બેસે છે. તેને પિંગળા પોતાને હાથે હીંચકા નાંખે છે.)

કસુંબી રંગ હો ગયે એ રાહ

ઝુલાવું (૩), પ્રિતમ પ્રેમથી;
મમ કોમળ કરથી આજ ઝુલાવું (૨)
ઓ રશિયા (૩), રંગમાં ઝુલો,
પ્રેમ હિંડોળે આજ. ઝુલાવું (૨)
પ્રેમ ઘેલી (૩), થઇ છું વાલમા;
સોવું તનમન હું આજ. ઝુલાવું (૨)
બિરાજો (૩), હૃદય મંદીરે;
ગાઉં ગુણ કિર્તન શિરતાજ. ઝુલાવું (૨)
વધાવું (૩), કુસુમ નેત્રથી;
ધરૂં ધ્યાન તમારૂં દિનરાત. ઝુલાવું (૨)
વાલમજી (૩). વા'લી ન વિસરો;
ધારી અરજ હૃદય મોઝાર, ઝુલાવું (૨)

**હયપાળ**—પ્યારી તેં તો હદ કરી ? પ્રેમ રસથી પુર્ણ બિંજવ્યો. કોમળ કરને થોડી તસ્દી આપો. શ્રમિત થઇ હઇશ; આવ બેસ આ હિંચોળાપર.

**પિંગળા**--(હીંચોળા પર બેશીને એક બીજાના કંઠમાં કરનાંખી હિંચકા ખાય છે.) નયન વિલાશી; હવે, શ્રમને ઉભો રહેવા દેતોજ નથી. જ્યાં પ્રેમની ખોટ, ત્યાં શ્રમની ચોટ.

**હયપાળ**--વાહ મધુરી! શું તારૂં મધુર ભાષણ ? કાનને કેવો આનંદ આપે છે!

સાર્દુલ વિક્રીડીત છંદની રાહ,

**જેને કિધો વિલાસ જગતમાં, તેનેજ સુખ ભોગવ્યું;**
**રાખી રામા સંગ રંગ ધરીને, જન્મિને સાર્થક કર્યું;**
**નિપજાવી છે નાર જગતમા, સર્વેના સુખ કારણે;**
**ધન્ય ધન્ય છે અવતાર નાર ફરતી, (જે) પૂરૂષના બારણે.**

**(ભગ) પ્યારી ! અત્રે મને આવવાને ઘણો સમય થયો છે, માટે હવે જવાની મને રજા આપ.**

પણ આપના હુકમ આગળ હું લાચાર છું વિક્રમભાઇએ આપના દુશ્મનની ગરજ સારી છે. ચતુર કાગડો વિષ્ટાપર બેઠો શું કાંઇ નગરમાં ખોટ હતી. તે ઘરમાં આવું કામ કરવા તૈયાર થયા ઉંડા વિચારમાં પડે છે,

**ભર્તૃહરી**—વિચાર શું કરે છે ? જેવી રીતે બાત બની હોય તે મુજ અક્ષરે અક્ષર કહે છુપાવીશ તો સજાને લાયક થઇશ.

**કામલતા**—( વાત કહેવામાં શરમાતી હોય તેમ ) મહારાજ ! વિક્રમભાઇએ આજરોજ આંહી આવી મારી બાઇને એકલાં જોઇ મને ધમકાવી કાઢી મુકી તેઓ એકદમ શયન ગૃહમાં દાખલ થયા હું નીચે ઉતરતી તેમના નિચકૃત્યની રીત જાણી હું દાદર નીચે લપાઇને બેઠી બાઇ સાહેબે જેવી બુમ પાડી કે હું તરત દોડતી શયન ગૃહ પાસે ગઇ તો અંદર ધમ ધમા થતી હતી મેં બહારથી કહ્યું કે બાઇ સાહેબ શું છે શું છે. તે સાંભળમાં હીમત આણી તેમને અંદરથી સાંકળ ઉઘાડી એકદમ બહાર આવ્યાં ને તેઓ એટલાં બધાં ગભરાઈ ગયાં કે એક કલાક સુધી કાંઇ પણ બોલી શક્યાં નહીં જ્યારે ઘણી આસના વાસના અને ઉપ્ચાર વિગેરે કર્યા ત્યારે કાંઇક શુદ્ધીમાં આવ્યાં ને વિક્રમભાઇના કરેલાં કૃત્યથી ડરી ઘડીએત્રડીએજબકી ઉઠી બિહીકનામાર્યામારો શોડમાંસંતાવા લાગ્યા ઘણી રીતે ધીરજ દેતાં જ્યારે બરાબર શુદ્ધીમાં આવ્યાં ત્યારે વિક્રમભાઇએ કરેલા બળાત્કારની નીશાની બતાવી આ વાત કરવાની બાઇ સાહેબ મને આપને આ વાત કરવાની સખત મનાઇ કરી હતી; પણ જ્યારે આપે સખ્તાઇથી પુછ્યું ત્યારે લાચારીથી કહેવું પડયું છે. આગળ પણ આ વાત માટે કેટલો માર મારે ખાવો પડયો છે. વળી જતાં જતાં વિક્રમભાઇ એટલું બડબડી ગયા કે ઠીક છે હું બીજી વખત જોઇ લઇશ એમ કહી ક્રોધમાં ને ક્રોધમાં એકદમ ચાલ્યા ગયા આગળ મને પડેલા મારને લીધે આજરોજે હું કાંઇ કરી શકી નહીં અમો બૈરાંનું કેટલું જોર !

**ભર્તૃહરી**—( ક્રોધથી ધમ ધમી ) શું તે દુષ્ટ તેની માતુસમાનપર ધસ્યો અરે ઝેરી સર્પ ? મેં જો તને પ્રથમથી આવો જાણ્યો હોત તો તને દુધ પાઇ ના ઉછેરત ? ધીક્કાર છે તેને કે જેને દુધ પાઈ તને ઉછેર્યો તેનેજ તું કરડવા ઉભો થયો તારાં કપટી વાક્યોથી લોભાઇ તારા ઉપરમેં પુરતો વિશ્વાસ રાખ્યો, તેનું આ

ફળ ! અરે દુષ્ટ દગાખોર આ વખતેજ તને ઠાર મારવો ઘટે છે.

પિંગળા—(મનમાં) આપણી બાજી હવે બરાબર જામી. (ચા-સન) પ્રાણનાથ ! ક્રોધ સમાવો એના ઉપર તે આટલો ક્રોધ કરવો ઉચિત છે ? એતો આપણું છોકરૂં છે. એતો એણે અણસમજણમાં આમ કર્યું.

ભર્તૃહરી—( સક્રોધ ) નહીં નહીં પ્રિયા ! હવે કાંઇ તમે ન બોલો. હું તે દુષ્ટને સખત શિક્ષા કર્યાં વિનાં છોડનાર નથી. કોઇ હાજર છે ? (સિપાઇ અંદર આવીને સલામ કરી).

શિપાઇ—શો હુકમ છે મહારાજ !

ભર્તુહરી—જાઓ. જ્યાં હોય ત્યાંથી વિક્રમને તેડી સત્વર પાછા આવો. (શિપાઇ જાય છે. વિક્રમને તેડી લાવે છે. વિક્રમ આવી નમન કરે છે. ભરતુહરી પલંગપરથી એકદમ ઉઠી તરવાર મ્યાન-માંથી કાઢી વિક્રમને મારવા દોડે છે તેને પિંગળા અને દાશી જોરથી પકડી રાખે છે.)

**જુઓ જુઓ વિપ્રે ભીડી હામ એ રાહ**

અરે દુષ્ટ દુરાચારી ચંડાળ, કૃત્ય તેં પાપી આ શું કીધું રે;
તુજ મુખ જોઇ ચડે મુને કાળ, કૃત્ય,
હું જાણુતો તો ભ્રાત પવિત્ર, કૃત્ય;
સારી દેખાડી તેં ભ્રાંતની રીત, કૃત્ય
માતુ કહી દોડયો કરવા વ્યભિચાર, કૃત્ય;
ધીક: અવતાર તારો નાદાર, કૃત્ય.
પાળ્યો પોષ્યો રાખી બહુ પ્યાર, કૃત્ય;
તેનો કીધો આ મુજપર ઉપકાર, કૃત્ય.
બંધુ જાણી તને કરૂં નહીં ઠાર, કૃત્ય;
નવ ઘડી રહે જા માળવાથી બહાર, કૃત્ય.

(તરવાર મ્યાનમાં નાંખી) સીપાઇઓ ! જાઓ. તેને એકદમ લઇ જાઓ ને માળવાની હદ બહાર મુકી આઓ.

વિક્રમ—(આ સાંભળી ચકિત થઇ ભરથરી પ્રત્યે)
હે ભ્રાત મારા (૨), તમે આ શું ઉચાવાત;
નથી કાંઇ હું જાણુતો, તમ આગે કહું સાક્ષાત.
કહી નેવનીર (૨), મોભે થઇને તે વહે;
સમુદ્ર માઝા મુકે પણ નહી, હાંસ એવું દીલ લહે,

કદી પ્રગટે ભાણુ (૨), પુર્વથી પશ્ચિમ ભ્રાત;
ફુટેલ ઘડો ભરાય તો પણ, કરૂં ન એવી વાત.
આ દેહ તણા (૨) સાત કટકા જો થાય;
કરૂં નહીં કદી કૃત્ય એવું આ, દેહમાંથી પ્રાણ જાય.
મુજ માતુ સમાન મુજ માતુ સમાન, જાણું પિંગળાને ભાઇ;
વિચાર દીલમાં આવ્યો ક્યાંથી, કહો તે મને ભાઈ.
કરૂં આપ સેવ (૨) લક્ષ્મણની પેઠે ભાઇ;
મિષ્ટ ભોજનને ત્યાગીને, કેમ વિષ ચાહુ મનમાંહી.

**ભર્તૃહરી**—(રક્તનેત્ર) અરે દુષ્ટ દગા બાજ ! હવે તું તારાં કપટી વાક્યો વધારે વદવા રહેવા દે ! ક્રોધથી બળતી દેહમાં તારા વચન રૂપી કાષ્ટ ન નાંખ તારા પર પુર્ણ વિશ્વાસ રાખી રાજ્યની સઘળી લગામ તારા હસ્તગત કરી તેનું આ ફળ કે ! ! અરે નાદાન કુત્રા ! તને તારી માતુ સમાન પર કુદ્રષ્ટી કરતાં જરા પણ શરમ ન આવી ? ધીઃક્કાર છે તને. જા તારૂં કાળુ મોહું હવે મને ના બતાવ !

**વિક્રમ**—(નમનતાઇથી) ભ્રાતુ ! આપના દરેક બોલ બાણ સમાન મારા દેહને ભેદે છે. આપ કરતાં મને આપની સમશેરથી જીવન મુક્ત કરે

**ભર્તૃહરી**—(ક્રોધથી) અરે ભોળાને ભરમાવનાર ! ગુનો કરી ઉલટો મને દબાવે છે ? હું તારાં કાલાવાલાંકે કાંઇ પણ સાંભળવા માગતો નથી. (સીપાઇઓને) જાઓ સિપાઈઓ ! આ કાળ મુખાને એકદમ મારી નજરથી દુર કરો. (શીપાઇઓ પકડવા જાયછે તેને ધકેલીને)

**વિક્રમ**— **રાગ સીતાના મહીનાનો**

હે બંધુ શાને કરો રીશ, વાંક વિના મુજ પરે;
થર થર કંપે મુજ કાય, આવાં વેણ સુણી અરે.
તમ વેણુ પાડેછે છેદ, શરિરમાંહી આજરે;
પાછળ પસ્તાશો એ ભ્રાત, કહું શુંભ આજરે.
અરે વડીલ બંધુ તમે, મમ પિતાની સમાન છો.
જાણું આપ પ્રિયાને માત, કેમ અપમાન દ્યો;
ભ્રાતા ઉંડો કરો વિચાર, ભરમાવ્યા નવ ભમો;

મુકી આરોપ કાઢો વિદેશ, પસ્તાશો પછી તમો.
જાણુશો જ્યારે ભરમનો મરમ, થશો દુઃખિ બહુ તમે
યાદ આવશે મારાં વેણુ, વિચારોને આસમે.

**ભર્તૃહરી**—(જરા ધીરા પડી પિંગળા પ્રત્યે.) જોયું પ્રિયા ! હજી પણુ કેવાં પ્રપંચ લડાવે છે ? ને શાણો થઇ કેવી શિખામણુ આપે છે. પ્રપંચી માણુસો પ્રપંચમાં પુરાજ હોય છે.

**પિંગળા**--સ્વામીનાથ ! એ શું કહેછે ? એમનું કહેતું બ્યાજબી આપ સમજુ અને ચતુર છો પણુ હવે.

**ભર્તૃહરી**--હવે ને બને કાંઇ પણુ તમારે એ વાતમાં બોલવું નહીં. ગુનેગારને શિક્ષા કરવી એ મારો ધરમ છે ? પછી ગમે તે હોય.

**વિક્રમ**—ભ્રાતા ! જ્યારે આપ આટલા કાલાવાલાથી નથી માનતા તથા મારા વચન ઉપર વિશ્વાસ નથી લાવતા તો હું આપનો હુકમ ઉઠાવવા તૈયાર છું. મને કાંઇ આંહી રહેવાની જરૂર નથી. પણુ મને એમ લાગે છે કે માળવાની ગાદીનું હવે અશુભ થવાના ચિન્હો જણુાય છે. માહારાજા ! આપ એમાં શું કરો. આમાં કોઇની કસુર નથી. ફકત વિનાશ કાળે વિપરીત બુદ્ધિ. ભ્રાતા હું જાઉંછું ? હું તમારા રાજ્યની હદબહાર જાઉંછું ? હજી વિચારો ? સમજાય છે ? પાછળ પસ્તાવો ન કરવો પડે તો ઠીક ! !

**ભર્તૃહરી**--(ક્રોધથી) નફ્ટ ! નથી જોઇતી મારે તારી અક્કલ કે શીખામણુ અમારૂં ગમે તે થશે તેની તારે શી પરવા છે? અમારાં લાગ્યાં અમારે ભોગવવાં છે. તું તારૂં કાળું કરી ચાલ્યો જાને.

**વિક્રમ**--શાંત થાઓને ક્રોધને સમાવો. કામાંધ થઇ અકાર્ય કરોછો. તેનો બદલો તમને પરમેશ્વર જલદી દેખાડશે. ફીકર ન રાખો માળવાને તથા તમોને છેલ્લી સલામ છે. જગદીશ્વર તમારૂ કલ્યાણુ કરે ને મહાકાળેશ્વર માળવાને આબાદ રાખો. (વિક્રમ પ્રણામ કરી જાય છે )

**પિંગળા**—(મનમાં રાજી થતી લાંબા હાથ કરી ભર્તૃહરી ન દેખતાં, નાશી ગઇ. હાશ ! હવે નિરાંત થઇ. મારી દાઝ ઓલાઇ. સાલ ગયુંને ચોખ્ખું થયું. હવે મારૂં મન ગમતું કરીશ, પ્યારાની સંગે હરીશ ફરીશ ને કોઇથી નહીં ડરીશ પ્યારની અડચણુ ટળી કપટ કળા નહીં કળી, આશા સર્વે ફળી, ને હવે મન ગમતી મો-

જ મળી. ફતેહ ! ફતેહ !! બાજી સઘળી જીતિને હવે કોઇ ન રહી બિતી.

**ભર્તૃહરી**—(પિંગળા તરફ) કેમ પ્રિયા ! શા વિચારમાં છો? કેમ ઠીક થયુંને ?

**પિંગળા**—(દીલગીરી બતાવી) પ્યારા ! આપે બહુ અઘટીત કર્યું. લોકાપવાદ શી રીતે સહન થશે ? થોડા ઘણો ઠપકો દઇ આહીજ રહેવા દીધા હોતતો સારૂં હતું.

**ભર્તુહરી**—નહીં નહીં પ્રિયા ! એતો મેં યોગ્યજ કર્યું છે. ગુનેગારોપર સજડ છાપ બેસારવાનો આ સારો દાખલો છે. પ્રપંચી વેણુ વદી મને ઠગવા કેવા ઉપાય કરતો હતો ?

**પિંગળા**—છોરૂ કછોરૂં થાય પણ માવિતરે અમાવિતર ન થવું જોઇએ. ( એટલામાં અંદરથી)

**દાશી**—બાઇ સાહેબ ! રસોઇ તૈયાર થઈ છે માટે જમવા સારૂ પધારો.

**ભર્તૃહરી**—ચાલો પ્રિયા ! (જાય છે)

# અંક ૩ જો.

## પ્રવેશ ૧ લો.

**સ્થળ—ભર્તુહરીનું આનંદ ભુવન.**

**પાત્ર**—ભર્તૃહરી તેમના મિત્રો અને પાછળથી અનંગસેના અને હયપાળ તથા સીપાઇઓ વીગેરે.

**નિતીસાગર**—મહારાજ ! આપ મહારાણી પર બહુ પ્યાર રાખોછો અને સ્નેહના લીધે આપ હર ઘડી તેમની સામે પરહોછો એ ઠીક ? પણ નારી જાતનો બહુ વિશ્વાસ રાખવો એ ઠીક નહી.

**ગુણસિંહ**—વળી શૃંગારનું ઘરપણુ થવાથી તેમાંથી અંગાર ઝરે છે અને તે અંગાર આખા દેહને પ્રજવલિત કરે છે. મહારાજ !

**મદનપાલ**—તેમાં તમે મોટી ભુલ ખાઓ છો ભુલ ! જો એમજ હોય તો શંકર, પાર્વતીને શું કરવા સાથે રાખે ? અને વિષ્ણુ, લક્ષ્મિજી ઉપર સ્નેહ શું કામ દાખવે ? ઇશ્વરને સ્ત્રિ સુજવાનું કારણ શું ? મૃદુ વચન બોલનારી, પ્રસન્ન મુખ વાળી, વિશાળ

વેણીવાળી, કંદર્પથી ભરપુર છે દેહ જેની એવી જે સ્ત્રી તેને જે પુરૂષે નીહાળી નથી તેનો જન્મ આ જગમાં વ્રથા સમજવો.

**વિલાશી**—કોકીલ કંઠ સમાન, અગણીત લીલાએ કરીનીજ સ્વામીને પ્રસન્ન કરનારી વીનોદ રસથી ભરપુર, શણગાર સજવામાં બહુ રાગવાળી. વળી બીલા સમાન સ્તનવાળી, કોમળ અને ગૌર અંગવાળી, મુખના સુગંધવાળી, એવી જે નારી જેને આ જગમાં ભાવ ધરીને તરૂણ પુરૂષે ભેટી નહીં તેનો જન્મ આ જગમાં વ્રથા જાણવો.

**શાસ્ત્રીબાવા**—પણ તમે બધા કેમ અંધારામાં ગોથાં ખાઓ છો? જુઓ સાંભળો! કે સ્ત્રીથી મળેલું સુખ નાશવંત છે. તેનું ન તે ધણું સેવન દુ:ખદાઇ છે. તેની સાથે સ્નેહ, નર્કથી ભરેલી હાંડી સમાન છે વળી તે સુકૃત્યને તજનારી છે; અને મનુષ્યનું હરેક રીતે ખંડન કરનારી તથા તપને મટાવનારી એવી જે નાર, તેને જે પુરૂષે રાત દીન સેવી તેણે પોતાનો જન્મ વ્રથા ગુમાવ્યો. વળી મનુષ્યને મોહમાં ફસાવનાર, ધર્મ કાર્ય નઠારા મંત્રી સમાન, સમાધીમાં ભંગ પાડનાર, કપટનું તંત્ર એવી નારી ની તમે પ્રસંસા કરોછો કે?!! વાહ! ભાઇ વાહ!!

**ભરતુહરી**—પણ શાસ્ત્રિ મહારાજ! સદા આનંદમાં રહેનારી અને રાખનારી, વસંતરૂતુના જેવી શુંદર, ચરણેનેપુર અને કરે કંકણના ઘોપ કરી મન આ કર્ષનારી, ઇંદુસમાન મુખવાળી, આનંદસહ નિચું જોઇને ચાલવા વાળી, સધર્મને સાધનારી, તથા જગતનો વિસ્તાર નારી, એવી જે મોહના? તેનાથી કોણ મુર્ખ પુરૂષ દુર રહે?!

**નિતીસાગર**—મહારાજ! શાસ્ત્રિબાવા આપને કહેવા શરમાતા હશે! પણ હું તો સ્ત્રિઓ કેવા ગુણવાળી હોય છે તે કહું છું ચિંતા ઉપજાવનારી પિડા અને દુ:ખને આપનારી, દોષથી ભરપુર, ભવના પાસરૂપ, સંતાન, ભંડાર રૂપ, કપટ વેશ કરીને માનુષ્યોને સપડાવનારી, પાપમાં પ્રવર્તનારી, મળ મુત્રના દુરગંધે ભરેલી. એવી મલીન, યુવાની રૂપ મદિરા પીને મસ્ત બની ને ઉન્મત પણે ચાલતારી, પાપને પરાણે વળગાડનારી, યોગ્ય ને મુકાવનારી, અંગે અશુદ્ધ, નઠારા સ્વભાવ વાળી, કામ સમયે પ્રૌઢ પણ મનની પાત-

ળી, બહુ લોભિષ્ટ અને હમેશાં જુઠું બોલનારી, એવી જે નારી તેનાં તમે આટલાં બધાં વખાણ કરોછો કે?

**મદનપાળ**—અરે વાહરે વાહ !! આ તમારે ઘેર કાલી કુબજા જેવી નારી છે તેથી તેની અત્રે નિંદા કરતા હશે, ના પણ મને કોઇ દી તમારે ઘેર આવવા ઘો પછી તમારી વાત છે? મારાં ભાભીને સઘળું સમજાવી તમારી ફજેતી લુંટાવું તોજ ખરો!! (મુછોના આંકડા પાળતો)

**નિતિસાગર**—મદનપાળ? મહારાજા સમક્ષ મારી મસ્કરી કરતાં જરા એ લજવાતો નથી કે? આમાં મેં શું ખોટું કહ્યું? આ જો મેં ફક્ત દુનીઆની રૂઢી કહી બતાવી પણ શી રીતે વર્તવું એતો સૌ સૌના હાથમાં છે ને!

**કામસેન**—એતો ખરી વાત છે. પણ તમારી તો હવે જુવાની જતા બેઠી એટલે સ્નગારની વાતથી વિરક્ત હો તેમાં શું આશ્ચર્ય?!! પણ અમે તો ઉગતા જુવાનિઆ એટલે અમને એ વાત પસંદ ન આવે.

**વિલાશી**—જુવાનીમાં તો જરૂર સંગાર રસની લહેજત લેવી જોઇએ. પાતળા ઉદરવાળી, હંસના સમાન ચાલ વાળી, મધુર વચનથી આનંદ આપવા વાળી, ચંચળ ચિતવાળી, વળી જેનું સૌભાગ્ય સુંદર છે એવી જે નારી તેને અમે જુવાનિઆ કેમ તજીને વેરાગી થઇએ વળી એક કવિ કહ્યું છે કે.

### ઈંદ્ર વિજય છંદ.

સહેજ સુવાસિત હોય સુકુલથી, સુંદરી તે પર હોય રૂપાળી
હોય મિલેલ વસંત રતુ વળી, પુનમનો શિર પુર્ણ તમાલી.
પુરૂપને પુરષાતન જો, પ્રગટ્યું નહીં તે સ્થળ આ સૌ ભાળ
પ્રેમ કહે પછી શું પછી શું, પછી શું ગુમાવ્યો નિજ જન્મ

**ભર્તૃહરી**—નવ યોવનમાં પ્રવેશ કરીને ચંદ્ર સમાન મુખવાલી, મનહર તરૂણીને પરણીને ઈંદ્ર ઇંદ્રાણી સમાન સુખ ભોગવ્યું નહીં તેને આ જગતમાં અવતરી ફોકટ ફેરા કર્યા એમ જાણવું.

**મદનપાળ**—આપનું કહેવું યથાર્થ છે મહારાજ! જેના અંગને વિષે કસ્તુરી અને ચંદનનું વિલેપન કરેલું છે; વળી કેશપાસમાં સુગંધીદાર તેલો બેકારલાં છે, કુમ કુમ ટ્રિલડી કપાળમાં ચળકી રહી છે, કામના સ્નેહના પાલનની કીમત જેને પુરેપુરી મન વિશે

કરી છે, એવી જે નારી પોતાના ભાગ્યે કરીને ભોગવી છે તેનું સુખ આ જગતમાં અવધિ છે.

**શાસ્ત્રિ**—એ બધુ ખરૂં ! પણુ મુક્તિનું સુખ તો તેનાથી નહીં મળે પણુ જે પુરૂષે પોતાના હાથે કરી દાન આપ્યું, વિનયથી વરત્યો, મુખથી સત્ય વચન ઉચર્યો, ધર્મમાં પરાયણુ થઇ પ્રભુ ભક્તિમાં પ્રેમ રાખ્યો અને વિદેશમાં કીર્તિ વધારી તે પુરૂષને ધન્ય છે અને તેનોજ જન્મ આ દુનિઆમાં સફળ છે.

**નિતિસાગર**—અને તેનેજ મોક્ષ સુંદરી આપો આપ વરેછે. વળી દેવ પુજાના બધા સાધનો મેળવીને સુંદર પિતાંબર પહેરીને દયાળું પ્રભુને પુજ્યા નહીં તેઓનોજ જન્મ વૃથા સમજવો કૃપા નિધાન !

**ભર્તુહરી**—તમારા બંન્નેનું કહેવું વ્યાજબી છે. પણુ યુવાન પુરૂષોને પરવડે તેમ નથી. કારણુ કે શૃંગારના અનુભવ તમે વૃધ થવા આવ્યા છો. અને અમારા જેવાને તેનો અનુભવ કરવો છે, માટે તમારી નિતિ, રીતિની વાત ગળે કેમ ઉતરે ?

**કામસેન**—નાજ ઉતરે મહારાજ ! તેઓ તો સંસારનું સુખ ખુબ અનુભવી તૃપ્ત થયા એટલે હવે તેમને તે સુખની ઇચ્છા રહી નથી. અશક્તિમાન ભવેત સાધુ. તેથી આપણુને રોકવા માગે છે તે કેમ બને ?

**વિલાષી**—નાજ બને નાજ ! જે પુરૂષો યુવાન સ્ત્રિને નિંદે છે તે વ્યર્થ છે. અને આ લોકને અને પરલોકને ઠગે છે. કેમકે તપનું ફળ સ્વર્ગવાસ છે અને સ્વર્ગ આસરાઓનું ક્રિડાસ્થાન છે.

**મદનપાળ**—મસ્તિમાં આવેલા હાથીનું ગંડ સ્થળ છેદવા પૃથ્વિ ઉપર શુરા ઘણુા છે. તેમજ બળવાનસિંહને મારવામાં પણુ કેટલાક કુશળ છે. પણુ મદનને વશ કરનાર હું કોઇ પુરૂષ જોતો જ નથી.

**સાસ્ત્રિબાવા**—મદનપાળ ! તમે એવું ના બેલો ! મદન ઘણુા જનોએ વશ કર્યો છે. આ સમયમાં પણુ માઇજાયો કોઇ નહીં હોય કે શું ? આ દેહ છેક તિરપયોગી છે, શરીર મળમુત્ર અને વિષ્ટાથી ભરેલું ગંદુ છે તથા હાડથી ઉભુ કરેલું પાંજરૂં છે અને તેને ચામડાથી મઢેલું છે તેના શિર મરણુનો ભય છે અને તે જ્યારે પડી

જશે તથા અંદરનો પોપટ ક્યારે ઉડી જશે તેનો કાંઇ ભરૂસો નથી. માટે જ્ઞાની પુરૂષોએ સદાકાળ ઇશ્વર ભજનમાં તત્પર રહેવું યોગ્ય છે.

**ગુણસિંહ**—મહારાજ!

નારી વિષની વેલડી, નારી નર્કની ખાણ;
જ્ઞાની પુરૂષ ચાહે નહીં, ગોથાં ખાય અજાણ.

**નિતિસાગર**—રાજેંદ્ર!

નારી દર્શને ચિતહરં, સ્પર્શે હરંતિ બલં;
સંભોગે હરતિ વિર્યમ, નારી પ્રત્યક્ષ રાક્ષસી.

માટે મારૂં માનો તો મહારાજ તેનાથી તો દૂર રહેવુંજ સારૂં છે.

**કામશેન**—મહારાજ! આનો કોઈ શૃંગારની વાતમાં સમજતાજ નથી. અને આડી આડી વાતો કરી ગુંચવણમાં મને નાંખે છે. સરસ પ્રેમ અને રતિ સુખને નહીં જાણનારા દામ વગરના મજુર જેવા છે; તેમજ ચપળા નારીના ચરણની લાત ખાનારા ગુનેગાર છે.

**નિતિસાગર**—(આ સાંભળી ક્રોધાતુર થઇને) મહારાજ હવે હદ થઇ! અમારાથી આવા અપશબ્દો વધારે વખત નહીં સંભળાય? શું અમારૂં અપમાન કરવા આજે અમને તેડાવ્યા હતા? (શાસ્ત્રિબાવાને અને ગુણસિંહને) ચાલો ભાઇ! શું મહારાજા સામું જોઇ રહ્યા છો? મહારાજાની સમક્ષજ આ લોકો આપણું અપમાન કરે છે તો મહારાજાની પાછળ કોણ જાણે કેવાએ કેર વરતાવતા હશે?!!

**કામસેન**—(હાથ જોડી કરગરી પડી ત્રણેને) માફ કરો કાકા સાહેબ માફ કરો આમ છોકરાં ઉપર તે રીશ હોય કે? ભુલ્યો હવેથી નહીં બોલું (પરાણે પાછા નીચે બેસાડે છે)

**ગુણસિંહ**—ભાઇ જે બોલીએ તે વિચાર કરીને બોલીએ એવી રીતે બોલીએ કે જે બોલ્યાથી કોઇને ક્રોધ ઉપર જે નહીં સાપ મરે નહીં ને લાકડી ભાંગે નહીં તેવી રીતે વર્તવું જોઇએ. (ભર્તૃહરી તરફ જોઇ) સ્ત્રિઓ સંસારમાં ભાવ વાળી પણ પ્રભુની ભક્તિથી રહિત; પુરૂષના ચિતને ચોરનાર પણ પ્રેમમાં શાહુકાર, મનની કઠોર પણ વિલાસસુખમાં દયા શરીરે સરૂપા, મધુર પાણી વાળીને વિષય સુખને આપવા વાળી છે ખરી, પરંતુ હરીનાચરણ-

માં જેનું ચિત લાગ્યું નથી તેને આ જગમાં જન્મી તે પછી શું કર્યું?

**નિતિસાગર**—( નિતિ સાગર, ગુણુ સિંહના કાનમાં ) ભાઈ હવે આપણું આંહી કાંઇ ચાલવાનું નથી માટે વધારે બોલી વ્રથા માથા ફોડે શામાટે કરવી ચુપ રહેવામાંજ મજા છે.

**શાસ્ત્રિ બાવા**—ગુણુસિંહભાઇ ! અમે તો પાણી રેડી રેડી ને થાકી ગયા હવે તમો નકામો શું કરવા પ્રયત્ન કરો છો ? સાત સમુદ્રનું પાણી રેડશો તો પણ ઢાળ વાળી જમીન ઉપર જરાએ જળનું બિંદુ ઠરવાનું નથી ( એવામાં પ્રતિહાર આવી નમન કરીને)

**પ્રતિહાર**—મહારાજ ! વારાંગના પ્રવેશ કરવાની આજ્ઞા માગે છે ? હુકમ હોયં તો પ્રવેશ કરાવું.

**ભર્તૃહરી**—ઠીક ? આવવા દે,

**ગુણુસિંહ**—( શાસ્ત્રિ બાવા તથા નિતિસાગર સામા દ્રષ્ટી કરી મનમાં ) અરે ! વળી આ પિડા કયાંથી આવી ? જે રસ્તો કરવા ખમો કવારની કોશેશ કરીએ છીએ પણ તેતો વધારે વધારે ખુલતો જાય છે. ( નિશ્વાસ નાંખી ) અફસોસ ! અફસોસ ! !

**નિતિસાગર**—(ધારેથી)વિનાશકારે વીપરીત બુદ્ધી આ વખતે આપણું કથન કાંઇ કામ આવે તેમ નથી લાચાર, ભાવી, ભાવ, જે બને તે ખરૂં છતી આંખે જોવા અને છતે કાને સાંભળવા શિવાય કાંઇ અવર ઉપાય છે?

**ગુણુસિંહ**—( ધીરેથી ) સોબત તેવી અસર સઘળાના નારીબ સાથે છે આ લોકોની સોબતથી તથા શગારમાં અતિ મગ્ન થવાથી કાંઇ સારૂ પરીણામ આવે એવું કાંઇ મને દીશતું નથી

**મદનપાલ**—(ખુશી થતો) વાહ! વાહ! તે પણ આ અવસરે ઠીક આવી પહોંચી? (વારાંગના પ્રવેશ કરેછે તેને )

**ભર્તૃહરી**—કેમ અનંગસેના? એવા શા કામમાં ગુંથાયા હતાં કે જે મુદલ દેખાયાંજ નહીં ??

**અનંતસેના**—શિરતાજ? દેવના દર્શનની સમાન આપના દર્શનજ દુલભ હતાં ને? હું તેકોની પાસે આવું? આજ રોજ સાંભળ્યું કે મા'રાજા સાહેબ થોડો થોડો સમય આનંદભુવને જો પણ પાવન કરે છે તે સાંભળી આપના દર્શનના અભિલાષથી અત્રે આવીછું ગરીબ નિવાજ?

**ભર્તૃહરી**—તમે પણ સમયોચિત વર્તનારાંછો ? ચાલો તમારા મુખચંદ્રમાંથી વાણી રૂપી શીતળ ચંદ્રિકા દરસાવો અને અમારા આનંદમાં વધારો કરો.

**અનંગસેના**—જેવી મહારાની આજ્ઞા ?

પ્રેમનો રંગ, કોઈ વિરલા જાણે;
શુદ્ધ પ્રેમી તેહ પિછાણો પ્રેમનો
પ્રેમનો અજબ રંગ, પ્રેમનો અજબ ઢંગ;
નહીં જોડાશે, તાણે તાણે, પ્રેમનો
પ્રેમ મેળવવો, નથી કાંઈ સહેલજે;
નહીં મળશે, વેચાતો દુકાને પ્રેમનો
પ્રેમ છુપાવ્યો, નહી રહે છાનો;
મુરખશું? પ્રેમ પિછાને પ્રેમનો

**કામસેન**—મહારાજ! શું તેનો મધુર સ્વર કાનને કેવો આનંદ આપેછે? સુંદર વદનમાંથી જાણે બરફ ઠારી શરીરને ઠંકકરે છે કેવો તેનો આંખનો ચટકો ને મુખનો મટકો નેતે સાથે હાથનો લટકો આવી જે હૃદયને આલ્હાદ કરનારી જે નારીતેને અવરે શું જોઈ વારી હશે?

**ભર્તૃહરી**—શૃંગારની ખુબી અપાર છે ને તેજ સંસારનો ખરો સાર છે જે તેને જાણુતા નથી તેજ ખરા ગમાર છે સ્ત્રિઓજ શૃંગારનું સ્થાન છે ?

**મદનપાળ**—મહારાજા! શૃંગારનો સદા જયકાર છે ને તેનો બેડો દીન પરદીન પાર છે હાચાર છે કે તપસ્વિઓ અને વૈરાગીઓના શરીરમાં પ્રવેશ કરી શકતો નથી બાકીનો તેની કીર્તિ આડે જામજળાકી રહીછે.

**અનંગસેના**—( સ્ત્રિઓના વખાણુ સાંભળી ખુશી થતી ભર્તૃહરી પ્રત્યે. )

**છપ્પાની રાહ**

અચળ રહો તમ સ્થાન, રાજ્ય રિદ્ધિ સંભાળો;
અદલ કરી ઇન્સાફ, પુત્ર સમ પ્રજાને પાળો.
ફળ લઇ આ અમુલ્ય, હેતથી આજ આરોગો;
અમર થઇ મહારાજ, ભોગવો સર્વે ભોગો.
આપ મુખ દર્શન થકી, આશા સર્વે મારી ફળી;
કહે દાશી કરજોડીને, દુઃખ દાળિદ્રે ગયાં ટળી.

ફળ ગુણુયા પાસે જોઇ ભર્તૃહરી વિસ્મય પામે છે ને

**ભર્તૃહરી**--(મનમાં) **ગીનિ શાહ**

ફળ દીધેલું પ્રિયાને, આવ્યું ગણીકાને હસ્તે ક્યાથી;
છે ફળ મેંજ આપેલું, પુછું હું એ તે લાવી ક્યાંથી.

(ચાસન) અનંગસેના ! આ ફળ તમે ક્યાંથી લાવ્યાં? લાવો જોઇએ. (ફળ વઇ ચારેબાજુ તપાસી મનમાં ) નક્કી એજ ફળ છે એમાં કાંઇ સંદેહ નહીં. (ચાસન) ફળતો બહુ સંદર છે હો ! ! !

**અનંગસેના**--આપની દાસીના બાગમાં એનું વૃક્ષ છે.

**ભર્તૃહરી**--એમકે ?!( અચરીત હોય તેવું ડોળ કરી ) તેનું ઝાડ કેટલું ઉચુ થાય છે? અને તેના પાદડા કેવા આકારના ને કેટલા લાંબા થાય ? અને તેને ફળ પણ બહુ થતાં હશે નહીવારૂ?!!

**અનંગસેના**--( આ સવાલથી ગભરાઇને મનમાં ) હવે શો જવાબ દઉં! મહારાજા એતો પુરી બાંધી લીધી. (જરા હીમત લાવી ચાશન) નૃપતિ ! એતો દીવસમાં એકજ ફળ આપે છે.

**ભર્તૃહરી**--(મનમાં) અહં ! કેવી સ્ત્રિઓની ચતુરાઇ ! ! (ચાસન) ત્યારે તેના પાદડાનો નમુનો મગાહશો કે ? (આ સાંભળી અનંગસેના સ્તબ્ધ થઇ વધારે ગભાઇ ને કાંઇ જવાબ આપતી નથી એટલે ) કેમ કાંઈ બોલતાં નથી ? આમ સ્તબ્ધ કેમ બની ગયાંછો?

**અનંગસેના**--( નિસ્તેજ વદને) કાંઇ નહી મહારાજ ! જરા મને પેટમાં દર્દ થઇ આવ્યું છે (હાથેથી પેટ દાબીને) તેથી આપને જવાબ આપવામાં વિલંબ થયો માફ કરજો (જાણે ઉંઘમાંથી જબકી જાગૃત થઇ હોય તેમ) ભુલી ભુલી મહારાજ ? એતો મારા સગા પરદેશથી આવેલા છે તેઓ તેમના દેશથી લાવેલા છે તેમણે મને આ ફળ ખાવા સારૂં આપ્યું પણ તે અલૌકીક જોઇ આપને ભેટ કરવા સારૂ આવી. ( પેટમાં બહુ દર્દ થતું હોય તેવો ડોળ કરી. વાંકી ચુકી થાય છે અને ટહકાં કરે છે, મહારાજ સાહેબ? મને પેટમાં બહુ દર્દ થાય છે માટે મને જવાની આજ્ઞા છે?

**ભર્તૃહરી**--(સક્રોધ) જ્યાં સુધી આ ફળ સબંધી સત્ય હકીકત નહીં કરો ત્યાંથી તમને જવા નીરજા ભમળશે નહીં,

**અનંગસેના**-(નમ્રવચનથી) તે તો હું આપને કહીચુકી છું મહારાજ ? તે સિવાય બીજી શી હકીકત પુછો છો? ( પેટ વધારે દાબતી જાય છે ) અરર ! હાય હાવરે ! ઓ બાપ.

**ભર્તૃહરી**—(રક્ત નેત્રે) ખરી વાત કહેવી છે કે નહીં? આમ ઢોંગ ક્યાં સુધી કરવા છે? ખરો ખુલાસો લીધા શિવાય છોડનાર નથી.

**અનંગસેના**—રાજાધિરાજ? મેં તો ખરીજ વાત કહી છે. કયારે આપણે અહીં આવા ફળ થાય છે?

**ભર્તૃહરી**—(ક્રોધથી) તે હું નથી પુછતો? આડાવળા જવાબ દઇ શું કરવા નાહક બધાને હેરાન કરેછે ને તું હેરાન થાયછે. બીજી વાતો બાજુએ કરી જે સત્ય વાત હોય તે કહી દે કે જેથી તારો ઝટ છુટકારો થાય. કીધા શિવાય ક્રોડો ઉપાયે અહીંથી એક ડગલું ભરવાની પણ આજ્ઞા થશે નહીં.

**અનંગસેના**—(આ શાંભળી વધારે મુઝવણ પડે છે ને હવે શો જવાબ દેવો તે કાંઈ સુઝતુ નથી) માહારાજા સાહેબ આપ વૃથા હક શા સારૂ કરોછો? શું હું ખોટું બોલું છું. (પેટ ખુબ બે હાથે દાબીતી) મરી ગઇ. હવે નથી રહેવાતું. પેટ કપાઇ ચાલ્યું. હોય હોય હાય હાય ઓ બાપરે (એમ કહી બુમો પાડે છે) સાહેબ હવે તો મને ઉભું નથી રહેવાતું. મારો જીવ જાયછે.

**ભર્તૃહરી**—(આવા ઢોંગ કરતી જોઇ વધારે ગુસ્સો લાવી શિપાઇઓ પ્રત્યે) બાંધો આને મુસ્કેટાટ! ખરી બીના કહેવાની હા, ના પાડે ત્યાં સુધી એને કારા ગૃહમાં રાખજો જાઓ સત્વર લઇ જાઓ. (શિપાઇઓ તેને બાંધવા જાય છે.)

**શાસ્ત્રિબાવા**—(ગુણકા પ્રત્યે) ભલી બાઇ! નાહક શું કરવા હેરાન થાય છે? જે સત્ય વાત હોય તેજ હેજાર કરી કીધી! એતો રાજ હઠ છે બાપુરાજ હઠ!!

**અનંગસેના**—(બે હાથ જોડી) મહારાજ સાહેબ! દાશીને અભય વચન મળે તો સર્વ વાત સાચે સાચી કહી દેશે.

**નિતિશાગર**—હવે કેવી ઠેકાણે આવી? નાહક અત્યાર સુધી મહારાજા સાહેબને તસ્દી આપી? ચૌદમા રત્નનો જબરો પ્રભાવ છે!!

**ભર્તૃહરી**—જા! તને અભય છે. જે સત્ય વાત હોય તે કહી દે.

**અનંગસેના**—(હાથ જોડી શિર જુકાવી) ગીતીની રાહ

કરો મહારાજા માફ, હયપાળ આવ્યો મુજ ઘર આજે;
તેણે મુજને આપ્યુ, લાવી આપને અમર થવા કાજ.
આરોગી થાઓ અમર, પ્રજા પાળો પૂત્ર તુલ્ય આપ;
ન્યાયાવંત થઇ રાજા, કાપો પ્રજાનાં આપ પરીતાપ.

**આ સાંભળી ભર્તૃહરી ચકિત થાય છે ને ગુણકાનો પ્રત્યે)**

**ભર્તૃહરી**—(ઇનામ આપતી વખત) લ્યો આ તમારી મહેનત નો બદલો પણ મને જુઠું બોલી અત્યાર સુધી ઠગ્યો તેના બદલામાં તમને તમારે તમારૂં સરસ્વ લઇ માળવા છોડી એકદમ ચાલ્યા જવું. જો તે હુકમનું અપમાન થશે. તો ઘર બારલુટી બે ઇજતે હદબાર કરવામાં આવશે.

**અનંગસેના**—(નમીને) બહુ સારૂ! જેવી મહારાજાની આ-જ્ઞા (જાયછે ને જતાં જતાં મનમાં) લેને ગઇ પુતતો ખોઇ આવી ખસમા ઉપકાર કરવા ગઈ તો અપકાર થઇ આવી. ખરે જે થઇ તે ખરી પણ જીવતીતો રહી જખ મારેતે. (એમ કહી એકદમ ચાલી જાય છે.

**ભર્તૃહરી**—(સિપાઇ પ્રત્યે) જાઓ! હયપાળને એકદમ જ્યાં હોય ત્યાંથી મુસ્કેટાટ બાંધી આંહી લાઓ.

**શિપાઇ**—જી. જેવો હજુરનો હુકમ (જાય છે તે હયપાળને બાંધીને લાવે છે. હયપાળ નમન કરે છે.)

**ભર્તૃહરી**—(હયપાળને ફળ બતાવીને) બોલરે! આ ફળ તું કયાંથી લાવ્યો?

**હયપાળ**—(જાણે કાંઇ ન જાણતો હોય તેમ.) શું મહારાજા ફળ શું? વાત શી? એ સબંધી હું શું જાણું? મેંતો સ્વપ્નમાં એ મે ફળ જોયું નથી મહારાજ?

**ભર્તૃહરી**—ગુસ્સે થઇને) અજાણ્યો બની વાત છુપાવવા ચાહે રે છે કેમ? બોલ સાચું બોલ!!

**હયપાળ**—શું સાચું બોલાવો છો મહારાજ! જે વિશે હું બિલકુલ અજાણ્યો છું તેનો કેમ કરી જવાબ આપી શકું!

**ભર્તૃહરી**—(વધારે ગુસ્સે થઇ) અરે દુષ્ટ! લંપટી? જુઠું બોલી મને વધારે ક્રોધ શું કરવા કરાવે છે. બોલ ઝટ બોલ!

**હયપાળ**—(માથું ધુણાવીને મનમાં) બુરી થઇ ગુણકાએ દા-ટવાળ્યો. પુરા ફસાયા, હવે શું કરવું? (જરા વિચારીને) જખ મારે છે. (ચાસન) રાજેંદ્ર શું બોલું? જે વાત હું જાણતો ન હોઉં તે કેમ કરી વાત જાહેર કરૂં. બે ગુનેગારને ગુનેગાર બનાવો તો આપ મા બાપ છો.

**ભર્તૃહરી**—(આસનથી નીચે ઉતરી તલવાર મ્યાનમાંથી કાઢી હયપાળની ગરચી પકડી) કેમરે પાખંડી? ઠગારા! હમણાજ ગુણકા કહી ગઇ કે આ ફળ મને હયપાળે આપ્યું છે. તે શું ખોટી વાત કે?

**હયપાળ**—મહારાજા! વેશ્યાઓનો શો વિશ્વાસ! અને એના બોલવાપર શો ભરૂસો વેશ્યાઓના ગુણદોષ તો આપ સારી રીતે સમજો છો ?! પ્યારમાં ફસાવનારી, ધનને હરનારી, નરકકુંડના દ્વાર જેવી, પ્રપંચી, લોભી, પૈસાની સગી, નિરધનને તજનારી, એવી જે વેશ્યાંઓ તે જો સત્યવાત ઉચરતી હોય તો પછી પુછવું શું?

**ભર્તૃહરી**—(ક્રોધથી ધમધમી) અરે પ્રપંચી પાપિઆ, વ્યભિચારી, પોતાના દોષ ( ઢાંકવા બીજાનો નિર્દોષ ઉઘાડા કરે છે! અરે નિચ! નિમકહરામ કુત્રા! તારૂં વાચાવીપણું બતાવી તારા કરેલા કૃત્યને ઢાંકવા ચાહે છે કે શું? લંપટી, વિષયાધ? બોલ! સત્ય બોલ!! (આમ તેમ ખુબ હલાવે છે તેથી હેરાન થઇ.)

**હયપાળ**—(મનમાં) સાચું કહેવા શિવાય હવે છુટવાનો એકે રસ્તો નથી. (ચાસન) આપની રાણી પિં. ( કહીને બોલતો બંધ થઇ જાય છે. ને થરથર ધ્રુજે છે ને આ સાંભળી બીજા બેઠેલા જનો સ્તબ્ધ થઇ એક બીજાની સામું જુંએ છે. અને મહારાજના મુખ ઉપર પણ એકદમ શ્યામ શેરડો પડે છે. અને આખા અંગમાં અનગળ વ્યાપિ જાય છે )

**ભર્તૃહરી**—અરે નાદાન! હવે ગભરાય છે કેમ? જે હોય તે ઝટ જણાવી દે.

**હયપાળ**--મહારાજા! આપની પટરાણી પી–પી ( બોલતો બંધ થાય છે તેને.

**ભર્તૃહરી**—બોલ પૂરેપુરૂં બોલી દે, નહીંતો આ સમશેરને શરણુ થા (તરવાર ઉગામે છે તે જોઇ થરથર ધ્રુજતો હાથ જોડી.

**હયપાળ**— **મહેર કર મારી ઉપર બારા એ રાહ.**

કૃપા કરો નૃપ મુજ, ઉંપરઆજ;
ગુનેગાર છું, આપનો મહારાજ. કૃપા.
દયા કરજો આ રંક ઉપર;
લાવ્યો છું ફળ આ, પિં–ગ–ળા–ની–ગાસ–કૃપા.

**ભર્તૃહરી**—તેને ગળામાંથી છોડી દઇ તરવાર મ્યાનમા કરી.)

**ક્ષત્રિ કલંકના રાહ,**

ધિક: ધિક: પાપી ચંડાળ, કૃત્ય આવુ. તેં કેમ કીધું રે;
હવે આવી બન્યો તાહરો કાળ, કૃત્ય૦

સિંહ ગુફામાં તું કેમ પેઠો ધાઇ; કૃત્ય૦
હવે કેમ નહી કાડી ખાશે સાપ, કૃત્ય૦
ફણિધરના દરમા ઘાલ્યો હાથ. કૃત્ય૦
શું વિચાર કરી મન સાથ, કૃત્ય૦
ઝુંડ ઝાડ સાથે ભીડી તેં બાથ; કૃત્ય૦
કયાં સુધી પોચશે તુજ હાથ, કૃત્ય૦
થયો નિમકહરામ નાદાર. કૃત્ય૦
નવ જાણ્યું આંપ, પરઘર બાર, કૃત્ય૦
અરે દુષ્ટ જા તારૂં મુખ બાળ; કૃત્ય૦
તુને દેખી પ્રગટે અંગ જ્વાળ, કૃત્ય૦
તું મુજ દેશ છોડી જા બહાર, કૃત્ય૦
મારી જ્યાં સુધી વરતાય આણ, કૃત્ય૦
ત્યાં સુધી ન કરીશ રહેઠાણ. કૃત્ય૦

(ગદ્ય) જાઓ સીપાઇઓ આ દુષ્ટનું ઘરબાર લુંટી લેઇ તેને માળવની હદ બહાર લઇ જાઓ. સિપાઇઓ હયપાળને લઇ જાય છે. આ બનાવથી ભર્તૃહરી તથા ત્યાં બેઠેલા સર્વ જનો શોકાતુર થાય છે.

**નિતિસાગર**—મહારાજા સાહેબ ! જોવો આપ શૃંગારનો સાર! જે રાખે સ્ત્રીપર વિશ્વાસ તેનો આવી રીતે થાય નાશ?

**ભર્તૃહરી**—(શોકાતુર ચહેરે અને ખિસ્તેજ વદને) ખરી વાત ભાઇઓ ! અત્યાર સુધી હું જે કુંભકરણની ઉંઘમાં ઉગતો હતો તે આપ નેત્રના નાહકથી જાગૃત થયો છું. હવે મારા લાંબા વખતની ઉંઘ જતી રહી છે! મારાં કરેલાં કૃત્યોનો આજે મને પુરો પશ્ચાતાપ થાય છે. ઘડી પહેલાના આપના બોલો મને કડવા ઔષધ સમાન લાગતાં હતાં તે હવે અમૃત સમાન જણાયાં. ધીઃકારછે આ સંસારને ! ભાઇઓ હવે આ સભા વિષે મારૂં ચિત લાગતું નથી, માટે હવે આ સભા વિસરજન કરવા ઇચ્છુંછું. (સૌ શોકાતુર વદને જાય છે)

## પ્રવેશ ૨ જો.

### સ્થળ પિંગળાનો મહેલ.

**પાત્ર**—પિંગળા-કામલતા અને ભર્તૃહરી

**કામલતા**—(ગભરાતી ગભરાતી દોડી આવી) બાઇ સાહેબ ! બાઇ સાહેબ ! બહુ માઠું થયું. અને હવે તો મરવાનો વખત આવ્યો.

**પિંગળા**—(ગભરાટથી) શાથી? શાથી!!! તું આમ ગભરાય છે કેમ?

**કામલતા**—શું પુછોછો! હવે તો મોતજ આવ્યું! આખા નગરમાં તો વાત પ્રકાશ થઈ ગઇ છે ને આપતો હજી અજાણ્યાં છો એ શું?

**પિંગળા**—શું છે? શું છે? કહે તો ખરી. હું તો હજી કાંઇ પણ જાણુતી નથી. શું રાજપર દુશ્મન ચઢી આવે છે?

**કામલતા**—એવું તો કાંઇ નથી. આતો આપણું અનિષ્ટ થવાનો વખત આવ્યો. કાળની સ્વારી આપણા ઉપર ચઢી આવશે એમ મને તો લાગે છે.

**પિંગળા**—(ચીરડાઇને) પણ શું છે કહે તો ખરી. એવી શું વાત બની છે ને સાંભળી છે કે જેથી તું આટલી બધી ગભરાય છે, ને થથરાટ કરી મુકે છે.

**કામલતા**—નાશવું હોય તો એકદમ નાસો. નાસશો તો બચશો. નહી તો મહારાજાની શમશેરને શરણુ થશો. તમારી સઘળી વાત મહારાજા પાસે જાહેર થઇ છે ને તે હમણાજ આપની પાસે તે વાતની તપાસ કરવા આવશે.

**પિંગળા**—(જરા હશીને) ઓ હોહો! એમાં તું આટલી ગભરાય છે? વાહરે મુર્ખિ! ભલે ને તે આવે ને તપાસ કરે પણ કળવા નહીં દેવાની કળા તો આપણી પાસેજ છે ને? ભલે ને આખે ગામે જાણ્યું; પણ મહારાજાને સમજાવતાં શી વાર? એતો ભોળા ભટને ચોખા ચટ જેવા છે. એમના મનમાં પેઠેલો સલકાડતાં શી વાર લાગવાની છે. પણ આ વાત રાજાજીએ કયાંથી જાણી?

**કામલતા**—હયપાળજીને આપેલુ અમરફળ ગુણકાના હાથમાં આવ્યું ને ગુણકાએ એ ફળ મહારાજા સાહેબને આપ્યું. હયપાળજી પાસેથી મળ્યું છે એવું ગુણકાએ કહ્યું.

**પિંગળા**—પછી.

**કામલતા**—પછી શું કે ગુણુકાને તથા હયપાળજીને દેશનિકાલની સજા!

**પીંગળા**—(આ સાંભળી એકદમ મુર્છીત થઇ જાય છે. કામલતાની આસના વાસનાથી સુદ્ધિમાં આવે છે એટલે વિલાપ કરે છે) અરે દુષ્ટ ગણુકા! શું તને મારા સુખની અદેખાઇ આવી? તું મારી વેરણુ કેમ થઈ? મેં તારૂ શું બગાડ્યું હતું?

તારા પાસે આવેલું ફળ મને આપી જવું હતું તો હું તને નહાલ કરત અને સુખે રહી સુખ ભોગવત મહારાજાને માનીતી થઇ સું- લાહાણુ કહાડયું ? બીજાનું ખુરૂ કરતાં તારૂંજ ખુરૂ થયું અરેરં ઘ્રતે કીયા જનમનું વેર વાળ્યું ! ( હયપાળને આદેશી ) અરે પ્રિય પ્રાણુ હવે તમારો વિયોગ મને કેમ સહન થશે ? ( ખુબ રૂવે છે મોજ મજા કોણુ કરાવશે ? વિલાસના સુખો હું કયાંથી પામીશ? તમારી શી અવસ્થા હશે? તમો આ વખતે કયાં ભમતા હશો ? તમો ભુખથી ટળવળતા હશો ? આ વખતે પ્રભુ શિવાય તમારી સંભાળ લેનાર કાંઇ નથી. મને જો પરમેશ્વરે પાંખ આપી હોતતો હું ઉડીને જરૂર તમારી સંભાળ લેવો આવત. પણુ લાચાર જતાં જો સમાચાર કહાવ્યા હોત તો તમોને નહીં જવા દેતાં ગમે તેમ તમારી ગોઠવણુ કરી મારી નજર આગળજ રાખત ( ચોધારે આંસુએ ) અરે હોય હવે મારા દીવસ દુઃખમાં શી રીતે જશે ! ( એમ કહી મુર્છિત થાય છે વળી થોડી વારે શુદ્ધિમાં આવે છે એવામાં ભર્તૃહરી આવવાની નેકી સંભળાય છે એટલે )

**કામલતા**—બાઇ સાવધ થાઓ અને સ્વસ્થ થાઓ મહા- રાજાની સ્વારી આવે છે.

પિંગળા—કામલતા ! તું કહેતી તે ખરી વાત પણ જો કે મહારાજાને ગોળાની માફક કેવા ગબડાવું છું ( આંસુ લુછી નાંખી તથા મોહો સાફ કરી ઠાવકી થઇ બેસે છે ને મહારાજા પ્રવેશ કરે છે એટલે ઉભી થઇ પ્રણામ કરી બેસારે છે ને જોડમાં પોતે બેસે છે કામલતા બાનુ કાઢી જતી રહે છે ) પ્રાણુનાથ ! આજતો બહુ રોકાયા ને?

**ભર્તૃહરી**—હાં ! આજ બહુ જરૂરીયાતનો કેશ હોવાથી આ ટલુ મોડું થઇ ગયું ને પરિશ્રમ ઘણો પડયો છે દુષ્ટો કેવા દગલ- બાજને પ્રપંચી! હાવ તોબા! ! (પિંગળા ભર્તૃહરીના પગ દાબવા જાય છે અને અંગ દાબવા જાય છે એટલે ) રહેવાદો રશીલી ! તમારા કોમળ કરોને ક્યાં તસ્તી આપો છો એતો આ શરીર દાબવા યોગ્ય છે ! એતો મોજ મજાને વિલાસ સુખના ભોક્તા છે

**પીંગળા**—પ્રાણુનાથ ! એ સઘળો આપનો પ્રતાપ છે ને?!

**ભર્તૃહરી**—હાં હાં ! ! પણુ એ બિચારા આપના સ્પર્શ કર- વા બહુ ચાહે છે.

**પીંગળા**—( સ્મિત હાસ્યથી ) એ બિચારા આપના સ્પર્શ વિના અવરનો સ્પર્શ કરતા તો નથી.

**ભર્તૃહરી**—પણ એ અધો મુખે રહેવાવાળાને નિચ કામની પ્રવર્તિ બહુજ ગમે છે. પણ મેં તમોને આપેલું અમર ફળ લાવોને

**પિંગળા**—કેમ વળી તેનું આજે શું કામ પડયું છે ? શું આજ સુધી તે બેશી રહેતું હશે ? તમે તે ખાવા આપ્યું હતું કે રાખી મુકવા ?

**ભર્તૃહરી**—ના, ખાવા આપ્યું તો હતું.

**પિંગળા**—ત્યારે તો હું ખાઇ ગઇ મને શી ખબર કે તમે પાછું માગશો. આવી ખબર હોત તો હું ભુંડી આરોગી શું કરવા જાત રહેવાદેત નહી.

**ભર્તૃહરી**—વારૂં તમે પ્રાશન કરી ગયા! એ તો ઠીક કર્યું અમે તેજ માટે તે ફળ તમને મેં આપેલું હતું પણ તમે તે ફળ દાંતે તોડીને ખાંઇ ગયાં કે કાંઇ હથિઆરથી કાપીને ખાઇ ગયાં ! અને તેનો ઠળીઓ તથા છાલટાં વીગેરે રહેવા દીધા છે કે ?

**પિંગળા**—( આશ્ચર્ય જેવા ડોળ કરી જરામંદ હાસ્યથી ) પ્યારા નાથ આજ આપ આવા વિચિત્ર સવાલ કેમ કરોછો ? આજ કાંઈ કેફી વસ્તુ ખાધી છે કે શું ?

**ભર્તૃહરી**—હાં ! હાં ! ખાધી નથી પણ કહો, તમને શી રીતે તે ખાધું.

**પિંગળા**—( સક્રોધ ) જે રીતે ખવાતું હશે તે રીતે ખાધું એમાં આટલી બધી શી પંચાત !

**ભર્તૃહરી**—(મનમાં) કેવો કરપ બજાવે છે ? પણ ખબર નથી કે હમણા તે સઘળું હવાની માફક ઉડી જશે (પ્રાશન) આમ છ-ણુકાઓછો શું ? કહો તો ખરાં.

**પિંગળા**—( નસકોરાં ફુલાવી ) છરીથી, વળી બીજા શાથી ખાધું હશે ?

**ભર્તૃહરી**—છરી લાવો જોઇએ.

**પિંગળા**—( ગુસ્શાથી ) વળી છરીનું શું કામ ? કોણ જાણે તે તો કયાંયે પડી હશે,

**ભર્તૃહરી**—તમેં કેમ આજ વિચિત્ર સ્વભાવ વાળાં જણાં ઓછો ? જે પુછુંછું તેનો બરાબર ઉત્તર આપતા નથી અને ઉલટા

સામા છણુકા કરોછો છરીનું કામ ફક્ત એટલુંજ છે કે, તે ફળ આપનારે કીધું છે જે જે હથિઆરથી તે આ ફળ કાપસે ને હથિઆરજ કોઇ અમુલ્ય ચીજ થઈ જશે એવો તેનો પ્રભાવ છે માટે હું છરી માગું છું વાહાલી!

**પિંગળા**—(મનમાં) હવે શો જવાબ દેવો? (વિચારીને) ભુલી ભુલી સ્વામિનાથ! એ તો હું એમને એમ છોલ્યા છાલ્યા વિના જ ખાઇ ગઇ ને ઠળિઓ ફેંકી દીધો.

**ભર્તૃહરી**—કેવાં અકરાંતિઆને એકલે પેટાં!! કટકો એ મારા વાસ્તે ન રાખ્યો? પણ તેનો ઠળિઓ ફેંકી દઈ મુરખામી કરી. તે તે ઠળીઆને આપણી વાડીમાં વપરાવતતો તેનું ઝાડ થાત એને તેના ફળ થાત તે આપણા બંન્ને નિરાંતે બેશીને ખાત.

**પીંગળા**—પણ ભુલી ગઇ તો શું કરૂં?

**ભર્તૃહરી**—હશે જે બની તે ખરી પણ તેવો સ્વાદ કેવો હતો?

**પીંગળા**—(મનમાં) અહિંઆં ખાધુ છેજ કોને જે તેનો સ્વાદ જાણો પણ લાવને ગમે તેમ અડાવી તો દઉ (ચાસન) મહારા.

**ભર્તૃહરી**—( મનમાં ) કુલટા કેવી ઉડાવે છે. ફીકર નહીં હમણાંજ તારૂં આવિ બન્યું છે. ( ચાસન ) જે ધણીએ ફળ ખાય તેના મુખમાંથી આઠ દીવસ સુધી તેની વાસના જતી નથી. માટે તમારા મુખમાંથી તેની વાસના આવતી નથી માટે તમે તે ફળ ખાધુ હોય તેવું મને લાગતુંજ નથી.

**પિંગળા**—ખાધેલું તો છે પણ દીવસ વધારે થયા તેથી એની વાસ આપને આવતી નથી.

**ભર્તૃહરી**—તોયે શું થયું થોડી થોડી થોડી તો આવવી જોઇએ. તમારૂં મુખ સુંધવા દો વારૂં ??

**પીંગળા**—( મનમાં ) હવે તો પુરી સપડાઇ! કેમ કરવું ( વિચારમાં પડે છે વિચારીને ) સુંઘવા તો દે જોઉ છું ( ચાસન લ્યો સુંઘી જુઓ!

**ભર્તૃહરી**—( પિંગળાનું સુંઘી માથું ધુણાવે છે તે તમેખાધુ હોય તેવું જણાતું નથી.

**પીંગળા**—મેં તો ખાધુ છે. તમને વાસ ન આવે તે હું શું કરૂં?

**ભર્તૃહરી**—તમે જરૂર ખાધુ છે?

**પિંગળા**—હાં! હાં! ત્યારે શું સ્હેવા દીધુ છે? આપ આ શું બોલો છો,

**ભર્તૃહરી**—( જરા રક્ત નેત્ર ) આમ ક્રોધાતુર ન થાઓ ? હું પુછું તેનો બરોબર જવાબ આપો ખાઓ જોઇએ મારા સમ.

**પિંગળા**—ન ખાધું હોય તો આપના સમ છે.

**ભર્તૃહરી**—મારે ગળે હાથ મુકો તો ખરૂં માનું.

**પિંગળા**—( ભર્તૃહરીના ગળે હાથ મુકી ) લ્યો હવે કાંઇ ! ! આવા વહેમી ક્યાંથી થઇ ગયા ? જાઓ મારા સાહેબ છેક તે અવિશ્વાશી થતા હઇશું ?

**ભર્તૃહરી**—( આવા ઉડાઉ જવાબ સાંભળી એકદમ ક્રોધથી રક્ત થઇ ફળ બતાવીને ) બોલ ત્યારે આ ફળ ક્યાંથી આવ્યું ?

**પિંગળા**—( ફળ જોઇ ગભરાય છે પણ હીમત રાખી ) શું દુનીઆમાં આતું એકજ ફળ થતું હશે ? બીજે નહીં થતાં હોય ? ? ( ક્રોધથી ) ક્યાંથી આવ્યું એમને શું પુછોછો ?

**ભર્તૃહરી**—( ક્રોધથી ) પ્રપંચની પુતળી, તારો દમાક જવાહોને સાચે સાચું કહે કે આ ફળતે કોને આપ્યું હતું ?

**પિંગળા**—( જરા રક્ત નેત્ર ) આવા કડુ બોલ બોલી કેમ મારા દેહને દમો છો ? હું શું કરવા બીજાને આપુ ? આપના કરતાં બીજો કોણ મને વાહાલો છે ?

**ભર્તૃહરી**—( ક્રોધથી ) છાની રહે કાળાં કૃત્ય કરનારી કુતરી ! તારાં નિચ કૃત્યને છુપાવવા મને હવે વધારે ના છેતર ?

**પિંગળા**—( જોસથી ) આ શું બોલો છો સ્વામિનાથ ? આપ કોઇ ભરમાવ્યા ભમી શાને ભુલ ખાઇ આમ વચન પ્રહાર કરો છો.

**ભર્તૃહરી**—અરે ! બસ ! બસ ! ! નિચ વ્યભિચારણી ! તારી ઝેરી ? ઝબાન બંધકર ? પોતાની કસુર કબુલ નહીં કરતાં બિજાને શિરશાને આરોપ મુકે છે ? બોલ ! સત્ય બોલ ! આ ફળ તેં કોને આપ્યું હતું.

**પિંગળા**—( ભર્તૃહરીના ક્રોધથી દમ નહીં ખાતાં ) મેં તો કોઇને નથી આપ્યું. આપ્યા વિના શું બોલું ?

**ભર્તૃહરી**—ત્યારે ક્યાંથી આવ્યું.

**પિંગળા**—મને શી ખબર પડે ? (નરમાશથી) કદાચને અહીથી કોઇ ચોરી ગયું હોય તે તે આપની પાસે કોઇ લાવ્યું હોય તો કોણ જાણે.

**ભર્તૃહરી**--તે તો તું પ્રથમ કહી ચુકી કે મેં ખાધુ છે તો પછી ચોરાઇ ક્યાંથી જાય ?

**પિંગળા**--બિજાં ફળોની સાથે તેને મુકેલું હતું. તે ફળોમેં રાતના સમય ખાધેલાં તેથી તે કદાચ તે રહી ગયું હોયતો શી ખબર.

**ભર્તૃહરી**—( ક્રોધથી ધમધમી ) અરે દુષ્ટ આશય વળી ! તારૂ કપટ બધું ટળાઇ ગયુંછે શા શારૂ અવળું બોલી પ્રપંચ લડાવે છે ? બોલ ઝટ બોલ ? હજી બચવા વિચાર હોય તો સાચે સાચું બોલ ? સાચું બોલીશ તો શિક્ષાથી મુક્ત થઇશ. પિંગળા નહી બોલવાથી કેમ મુગી રહી હમણાં તો તડાક તડાક જવાબ દેતીથીને ?

**પિંગળા**--(નરમ બની રડવા જેવો ચહેરા કરી) સ્વામીનાથ અબળા પર આશો અપરાધ ! ખોટી હઠ કરી બિન ગુનેગારને જોર જુલમથી ગુનો કબુલ કરાવી ગુનેગાર બતાવવી એ કયાંથી રીત ! આપ શાણા થઇ શું આદરી બેઠા ?

**ભર્તૃહરી**—( આવાં વચન સાંભળી મ્યાનમાંથી તરવાર કાઢી)

ક્ષત્રિકલંકની રાહ.

એ દુષ્ટ પાપીણી ભૂંડીનાર, વ્યભિચારી તું કેમ થઇરે ?
તારા જીવતરને ધીઃકાર. વ્યભીચારી૦
કેમ વીસારી તેં માતને જાત ? વ્યભીચારી૦
વળી લજાવ્યા તેં સસરા તાત, વ્યભીચારી૦
તુંને કેમ સુઝ્યું આવું કામ ? વ્યભીચારી૦
તે કેમ બિડી કરવા હામ ? વ્યભીચારી૦
મને તજી નિચથી માન્યું સુખ, વ્યભીચારી૦
નહોતો તજતો ઘડી તારૂં મુખ, વ્યભીચારી૦
લુબ્ધ થયો તારામાં હેનાર, વ્યભીચારી૦
તેનો બતાવી આપ્યો તે મુને સાર. વ્યભીચારી૦
કહી નિચ સ્ત્રીની જાત, વ્યભીચારી૦
એવી ઘણા ગ્રંથોમાં છે વાત, વ્યભીચારી૦
તને કેમ ન આવી કાંઇ શર્મ ? વ્યભીચારી૦
કેમ ભુલી તું સ્ત્રિનો ધર્મ ? વ્યભીચારી૦
તુંજ વેણુથી તજ્યો મેં ભ્રાત, વ્યભીચારી૦
હવે આજથી છે તું મુજ માત, વ્યભીચારી૦

(ગદ્ય) કાળાં કૃત્યને કરનારી કુલટા ! સ્ત્રિ હત્યાના દોષને લીધે તને આ સમશેરને શરણ કરતો નથી. પણ આજથી તારૂં પાપી મુખ જોવું મારે હરામ છે તેમ રાજપાટ અને સર્વે સંસાર સુખ સર્પની કાંચળીની જેમ તારા દુષ્ટ કૃતવ્યથી તજુંછું. માળવાની જમીનને જળાં જળી આપુંછું. દુષ્ટા હવે તારી મરજીમાં આવે તેમ ચાલજે હું જાઉંછું (ભર્તૃહરી જાય છે ને પિંગળા મુર્છિત થઇ જમીન ઉપર પડે છે.)

## પ્રવેશ ૩ જો.

### સ્થળ-વિચાર ભુવન.

**પાત્ર**—ભર્તૃહરી એકલો.

**ભર્તૃહરી**—(સોરઠ ગજલ) અગર નથી પદ્મણી જેના ઘર વિષે ધિકાર છે તે જનને એ રાહ.

પ્રિયા તુને ધિઃકાર છે, સત કોટીવાર ધિકારરે;
પતિવ્રતા તુને જાણતો, અરે નિવડી તું નાદારે. પ્રિયા.
નથી નારી સગી કોઇની, જાણજો જનતે નકી;
વિષયમાં એ અંધ થઇ, ન જાણે ઉજળ અંધારરે. પ્રિયા.
સ્ત્રિની મતિ પાનિએ, એ છે અજ્ઞાની જાતરે;
મન ગમતો નર નક્કિ તે માણે, મનમાં નહીં કંઇ વિચારરે.
ઉંચ નિચ જુએ નહીં, ફક્ત રમવા તેયાર જાયરે;
લાજ વહાલી નહીં તેહને, છે બુદ્ધિહીન ગમારરે.
અશ્વોના રક્ષણહારની, સાથે રમી તું નારરે;
મુજ ભૂપને તું મુકીને, નીચ સાથે કેમ થઇ તેયારરે. પ્રિયા.
નહીં આવી કાંઇ શર્મ તુને, કે આ શું કરૂં કાજરે;
તુંજ માટ ભ્રાતને મેં તજ્યો, એ દુષ્ટ તુને ધિઃકારરે. પ્રિયા.

(ગદ્ય) અરે કુલટા ! આવી સઘળી સાહ્યબીના સ્વામિને તજી; અશ્વોની લાદ અને મુતર ઉઠાવનારના પ્યારમાં પડી ? અરે કુકર્મને કરનારી તારો આવોજ આશય હતો તો પ્રથમ મને મને જીવતો મારી નાંખી તારે ગમે તેમ કરવું હતું. તારી નિચ વૃતિને લીધે મને રમકડાની પેઠે રમાડી મારૂં સર્વસ્વ હરી લીધું છે. તારા રતિ સુખને માટે મારા શિર અતિ દુઃખનો બોજો મુકયો છે. અરે દુષ્ટા તેં કાળો કેર કરી મારી સુદ્ધ બુદ્ધ હરી મને ચેતન રહીત કર્યો છે.

તું નારી નહીં પણ જંગલમાં વશી જીવોના પ્રાણ હરનારી નાહારી સમાન છું. તારા ચરીત્રરૂપી પાટા મારી આંખે બાંધવાથી હું કાંઈ કળી ન શક્યો. તારા ખોટા હાવભાવને હું સાચા માની એક બંદીવાન તરીકે તારી હાજરીમાં રહ્યો. વિશ્વાસને વશ થઇ તેં નચાવ્યો તેમ નાચ્યો. અરે દુરા ચરણી ! તેં તારી મન કારોડીથી મારા સુખ વૃક્ષનું છેદન કર્યું. અરે અધમા અધમ ! પાપિણી ! સહોદર દ્રોહી ! મારા ભ્રાતનો તારા દુરાચારના યોગે વિયોગ કરાવ્યો. અરે પિશાચણી તારા કેટલા અવગુણ લક્ષમાં લાવું. તારાં આવા કૃત્યથી વગર અગ્નિએ મારૂં અંગ ભડ ભડ બળે છે.

સ્ત્રિઓના ચરિત્ર અજાયબ છે. તેઓ તેમાં કુશળને પાયરધી છે. તેઓના ચરિત્રથી ગમે તેવા હીમતવાન પુરૂષને પણ લડાવી નાંખે છે. નિચ સ્વભાવી વાણીને જે હરનીશ પર પુરૂષના ધ્યાનને ધરનારી પોતાના પુરૂષને મારી નાંખવામાં ચુકતી નથી. અસત્ય વદવામાં પુરેપુરી પ્રવિણ અને સહેજ કહેતાંમાં આંખે પાણી લાવવામાં અતિ હુશિયાર હોય છે ગમે તેટલી ડાહી હોય પણ જ્ઞાની પુરૂષોએ તેની શિખામણ વગર વિચારે ગૃહણ કરવી ઉચિત નથી. લાખો ચરિત્રથી ભરેલી, નિચ્ સાથે પ્રિતને જોડનારી, કઠણ હૃદયવાળી, કુમતિથી ભરેલી મમા કરવામાં મશહુર, ગરજ વખતે ગરીબાઇ બતાવનારી, પોતાના સ્વામિ સાથે બાથ ભીડનારી, સહેજ વાતમાં શ્રાપ દેનારી, શિરપર આળ ચડાવવા પાછુ વળી નહી જોનારી, પોતાની જુંવાનીમાં પુરૂષોને વશ રાખનારી, રીઝમાં ચરણને ચાંપનારી, રીશમાં મરણને સરણ કરનારી, ભોળવીને સર્વ હરનારી તેમજ કામવશ થઇ ન્યાલ કરનારી, મર્કનુંધાર, કલેશનું ઘર, પાપનું સ્થાન, સ્વર્ગનું આડોશણ, નિચવૃતિનો ભંડાર, કુથલીનો કોઠાર, એવી નિચ ત્રિયાઓની તરાપમાં જે પુરૂસ સપડાયા છે તેઓનું જીવતર ફોગટ છે. વિષની વેલી, અને અનેક અવગુણોથી ભરેલી એવી પ્રેમદાઓનો પ્રિતમાં પડશે તે મારાથી પણ અધિક દુઃખના ડુંગર તળે ચગદાઇ મરશે માટે કુલટાસ્ત્રિઓનો સર્વથા ત્યાગ કરવો એજ ઉતમ છે. ( આંખમાં આશું લાવી ) અરે હાય ! દુષ્ટા હું તારા કેટલા અવગુણો સંભારૂં ? તારા કૃત્યનું સમરણ થતાં મારૂં ચીત ચીરાય છે. અને રોમે રોમે ક્રોધાનળ પ્રગટી મારી નસેનસ

હેલા મારો બંદોબસ્ત કરો પછી તમારૂં મન ગમતું કરો. જો તમે થશો મારા તાબેદાર તો તમારો બેડો પાર. જો મને લટકાવી તો તમને દઇશ અટકાવી.

**હયપાળ**—પણ હવે કાંઇ બોલીશ કે માથું કુટાવીશ.

**કામલતા**—પહેલા તમે બોલો કે હું ? આતે કેવો ન્યાય? સારૂ કેમ થાય તે જાણોછો કે નહીં ?

**હયપાળ**—જો મારૂં કામ કરીશ તો હું તને ખુશી કરીશ પછી કાંઇ ?

**કામલતા**—હું કાંઇ પૈસાની ભુખી નથી તે પૈસો લઇ ખુશી થાઉં.

**હયપાળ**—તારા કામનો બદલો શાથી ચાહેછે?

**કામલતા**—જે હું ચાહુંછું તે તમે નથી ચાહતા.

**હયપાળ**—(જરા ક્રોધથી). હવે કાંઇ બોલીશ કે મશ્કરી, કર્યા કરીશ ?

**કામલતા**—(લટકો કરતી નિસ્તેજ મુખે) જાઓ મારે કાંઇ નથી જોઇતું હુ તો મારે આ ચાલી.

**હયપાળ**—(મનમાં) વળી છુટકી (હાથ પકડી જતી અટકાવીને ) (ચાસન) વાહરે! મારી લટકાળી, મટકાળી આ શું? કેવું દીવાનાપણું.

**કામલતા**—હા હા. હું દીવાની, નાદાની. હેવાની પણ ગુમાની ખરી હોકે!! પણ હવે તો હું જઇશ બહુવાર થઈ મને છોડો વેચનાર તૈયાર પણ લેનારની મરજી નહી તો દલાલ શું કરે ખાલી માથાફોડ કરવીને નકામો વખત ગુમાવવો. છટ. ચાલવા માડેછે એટલે હયપાળ તેનો હાથ જોરથી પકડે છે તેથી, છોડો મારો હાથ તુટશે તો કામ કરતી અટકીશ. તમારામાં શું શુકરવાર વળવાનો છે? આટલી મહેનતના બદલામાં ઉલટો હાથ ગુમાવવો. વાહરે ! લેને ગઇ પુતને ખોઇ આવી કસમ એવી રીત કરવા ધારી છે કે શું? અજબ ? અજબ ? વાહરે દુનિઆના ઢોંગ સોંગ ( હળપાળને ) છોડો મારો હાથ. સાર નહી વાતમાં તો વળવું શું પંચાતમાં.

**હયપાળ**—ગુનો પોતે કરે ને કલંક બીજાને લગાવે આ રીતનું ઠીક શીખી લેત દેત બંન્ને તૈયાર છે ફક્ત વાંધો દલાલીનો

**કામળતા**—બીજી વાત કેમ કરૂ. જે વાત જે સમયે ચાલતી હોય તેજ વાત થાય કે બીજી?

**હળપાળ**—(મનમાં) રાંડે નક્કી વાત જાણી, એમાં કાંઇ પણ સંશય નહી. જો બીજાની પાસે વાત કરશે તો મારૂ જરૂર ફાસળ નીકળશે. માટે આ વાત તેના મનમાંથી દુર થાય એવો યત્ન કરવો જોઇએ, એ તે ઉલાવી ફુલાવી ખુશી કરી તે પેઠેલા શાલને દુર કરૂં (ચાશન) અરે ગાંડી આતું શું લવે છે? આજ તને કાંઇ પ્રેત બ્રેત વળગ્યું છે કે કાંઇ ઘેલી થઇ છે?

**કામલતા**—પ્રેતતો તમને વળગ્યું છે, અને તેના લીધે તમે ગાંડા બની ગયા છો. હું જે કહુંછું તે ખરૂંજ કહુંછું. જે હશે તે થોડા સમયમાંજ ખબર પડશે.

**હળપાળ**—તું આવા વહેરી માણસ ક્યાંથી થઇ? તારા સમજો હું કાંઇ જાણતો હોઉ તો.

. **કામલતા**—મારા સોગન જુડા ન ખાઓ? હવે તો મને મરવાને ચાહશો તો હું મરૂં એટલે તમારે વચમાંથી પીડા ટળી જાય. પણ યાદ રાખજો કે મારા વિનાને કામ બનવાનું નથી. પછી તમને ગમે તેમ મને ઉડાવો. હું બધું જાણુંછું હો !!!

**હળપાળ**—(મનમાં) ખરેજ? તે મનહર મુરતીએ મોકલેલી તેની આ દાશી છે એમ જણાયછે. નહીંતો આ બધી વાત ક્યાંથી જાણે. (ચાસન) બોલતું શું જાણે છે?

**કામલતા**—જે હું જાણુંછું તેના કરતાં તમે ઓછું જાણો છો? પણ હવે મારે મુખેથી કહેવરાવાને શું કરશો? તમારા મનને પુછીનેજ ખાત્રી કરોને? લ્યો હું હવે જાઉછું કારણ કે મારા ખોટી થવાથી તમારા મનને દુઃખ થતું હશે (જવા માંડેછે એટલે હયપાળ તેનો હાથ પકડી ઉભી રાખે છે તેથી) શું કામ મારો હાથ પકડો છો? તમારા કહેવાથી જાઉછું માટે જવા દયો. નકામો મને રોકવાથી તમારા દર્દમાં વધારો થશે.

**હયપાળ**—અરે ગાંડીરે ગાંડી તું તો મશ્કરીમાં ઠંડો કરતી જણાયછે ને શું! (મનમાં) આનાથીજ મારૂ કાર્યું સધાસે એમ જણાયછે માટે હવે તેને પાસમાં લઇ કામ કાઢી લઉ. પછી છેવટે વાત (ચાસન બોળ તું જે જાણે છે તે કહીશ?

**કામલતા**—એ એમ કહેવાનું રસ્તામાં નથી પડ્યું હો. પ-

નિઓકી પાસસે ભીક્ષા લેકર હાલ જીસ હાલતમે ઓર ઉમંગમે હયે વઇસાઈ પીછે આવે તો ગુરૂમંત્ર દેના

**માણેકનાથ**—હાહાસચ બાત હે ગુરૂ મહારાજ ! મછેંદ્રનાથકા કહેના ઠીક હયે ભેખ દીજીએ, અરજામત કીજીયે

**કંથડનાથ**—ઇતની જે મત ઉઠાનેકા કયા હાંસલ હયે ! એસેકું દીક્ષા દેની ઓર ઉસ કીતકે દારીકરની ? અપની જમાતમે એક કમતી હુવા તો કયા ઓર એક જાસતી હુવા તો કયા ! કહાં ભીક્ષા લાને વાલા કમતી હયે કે ઇતની ઉનકી જે મત ઉઠાને કું તૈયાર હુવે હો.

**મછેંદ્રનાથ**—કપડનાથ ! અપની જમાત બડાનેકે લીયે કુછ અપને ઇતની તકલીફ નહીં ઉઠાતે હય મગર વો જીવકા કલ્યાણ હોવે તો અપને હુંબી કુછ હીસ્સામી લે ઇસ વાસ્તે ગુરૂ મહારાજ ઇતની તકલીફ ઉઠાનેકું ચહાતે હય.

**ગોરખનાથ**—અબ કુછ તકરાર મત કરો લાઓકફની ! ( એક સાધુ કફની લાવે છે તે લઇ ભર્તૃહરીને ) યસબ પહને હુવે કપડે ઓર ઝેવર ઉતારડાલો ઓર પહેનલોએ એસ ( કફની વિગેરે લઇ પહેરી તૈયાર થાય છે એટલે બીજા સાધુઓ પ્રત્યે ) બોલો ! ઉનકી સંગ કોન જાતા હય ?

**માણેકનાથ**—આપકી આગ્યા હોવે તો મેં ઉનકી સંગ જાને કું તૈયાર હું.

**ગોરખનાથ**—બહોત અચ્છા જાઓ તુમ ઉનકી સંગ ઓર કયા બાત હોતી હયસો સબ ધ્યાન રખના વૈરાગ્ય સેંણુગને મત દેના ( માણેકનાથ તથા ભર્તૃહરી પ્રત્યે જાઓ આનંદ કરો.

**ભર્તૃહરી**—ગુરૂ મહારાજ ! આ કપડા તથા ઘરેણાં ( બ્રાહ્મણને બતાવીને ) આ બ્રહ્મરૂપિને લેવાની આજ્ઞા કરો.

**ગોરખનાથ**—બહોત અચ્છા ( બ્રાહ્મણને ) ઉઠાલે સબ,

**બ્રાહ્મણ**—કલ્યાણ મસ્તુ શુભ ભવતુ ( કહી સર્વ ઉઠાવી લઇ ખોળામાં લઇ લે છે. )

**પેથડનાથ**—( આવીને ) ગુરૂ મહારાજ ! ભોજન સર્વ તૈયાર થયું છે પધારો.

**ગોરખનાથ**—હાં ચલો ( બ્રાહ્મણને ) તુમબી ઇધર જીસકે જાના

**બ્રાહ્મણ**—બહુ સારૂ ગુરૂમહારાજ ! ( સર્વ જાય છે. અને પાછળથી ખુશી થતો ) હાશ ? આજ તો ખુબ મજા પડી આજ તો શકન સારા થયેલા ( કાંઇ વિચારીને ) બસ ! ઘેર ગયા પછી તેની વાત (જાય છે )

**ભર્તૃહરી**—યોગિશ્વર ! આપનું કહેવું યથાર્થ છે. પણ મને તો સંશારનો પુરે પુરો અનુભવ થઇ ચુક્યો છે તેથી હવે હું વૈ. રાગથી ડગવાનો નથી. માટે આપ કોઇ જાતનો સંદેહ નહીં રાખતાં મને ખુશીથી યોગ આપો.

**કંથડનાથ**—ગુરૂ મહારાજ, એસે રાજાઓકું યોગ દેના વ્યાજબી નહીં હય જ્યાં તક અપના ધર્મકા અનુભવ હુવા નહીં હેવાં તક યોગ લે નેકી હીંમત રખેગા મગર જ્યાં રાતો દીન ક્રિયા કરની પડેગી ઓર શાસ્ત્ર પઢના પડેગા, ઓ સબ બાતકી મહેનત દેખ કે ચુપ ચુપ ભગ જાયગા ઓર આપકી જન્માતકા નામ બદનામ હોગા આલોરીએગા પીછે આપ માલીક હો

**ગોરખનાથ**—( વિચારીને ) હાં હાં સચ બાત હે સચ ! ( ભર્તૃહરીને ) જાઓ તુમ ઓરતકી પાસ. અમશે તો તુમારે લોગશે ભેખ દીયા નહી જાયગા.

**ભર્તૃહરી**—( ના કહેવાથી નિરાસ થઇ બે હાથ જોડી વિંનય છે. )

દયાળુ દેવ કૃપાળુ તું. એ રાહ.

અરે સાધુજન, આવ્યો તુમ પાસ;
કરો નહીં મને, તમેરે નિરાસ ।અરે
આપીને યોગ, ઉતારો પાર;
નથી ચાલ્યો આ, મુને સંસાર અરે
ખરૂં ઇશનું, છે સાચું નામ;
જપું હું સદા, હવે રામ રામ અરે
નથી લાગતું, કંઇ વાહલું;
ધરીને ભેખ, માહા જાહલુ અરે
કરીને કૃપા, આપો આપ ભેખ;
ભજી ઇશ હું, જગાવું અલેખ અરે
સમાધિ કરૂં, જરા નહીં ડરૂં;
કરો આગ્ના તે, ઝટ હું કરૂ અરે
કરો જેમ પાર, થાઉં દીલગીર;
આપો યોગ આપ, ચડાવું તે શીર અરે

**મછંદ્રનાથ**—ગુરૂ મહારાજ ! જબ વો ભેખ લેનકા કોઇ ઇતના ઉત્સુ કહે તો ઠીકહે અબ ભેખ દેદો, ઓર જબ ઉનકી રા-

**ભર્તૃહરી**—યોગેંદ્ર ! હું માળવાનો રક્ષપાળ ભર્તૃહરી છું. ભર્તૃહરીનું નામ સાંભળતાંજ બધા સ્તબ્ધ થઇ અરસ પરસ એક બીજાના મુખ સામુ જુએછે.

**કંથડનાથ**—જબતો તુમારેસે કુછ નહોતા.

**માણેકનાથ**—અરે વો ક્યા ભેખ પાલેગા.

**નારણભારથી**—સત્ય હે માણેકનાથ ! વો ચાર દીન રહે કર અપની કીયા દેખકર ભગ જાયગા.

**ગુલાબદાસ**—હાં હાં. સચ બાતહે યોગપાલતા ઓર ક્રિયા-વાન હોતા વો કુછ લડકેકા બેલ નહીં હય. વોતો બડા શ્રધાવાન નરોકા કામ હયે.

**બ્રાહ્મણ**—મહારાજ સાહેબ ! તમારે તેમાં શું ? આપને તે યોગ શોભે ? આપતો રંગ મહેલમાં રહેવા વાળા તે આવી ઝુપડીમાં રહી શકાય ! જાઓ મારા સાહેબ ! જેવા આવ્યા તેવા સિદ્ધા ઘેર.

**ગોરખનાથ**—(બ્રાહ્મણને ધમકાવીને) ચુપ બેઠ રહો (ભ-ર્તૃહરીને ) તુમ રાજા બાબાણુસેં યોગપાલના બડા મુશકીલ હોગા તુમ લોગ બડે બડે સુંગારે હુવે મહેલમેં રહેને વાલેસે અયઇ ટુ-ટી ફુટી ઝુંપડીમેં કેસા રહા જાયગા ઓર સુંદર સુંદરીઓ કે સંગ અનેક બિલાસ સુખ ભોગે હોંગે ઉસકું સ્રિકા સર્વથા ત્યાગ કયેં કર હોગા ઉંચે ઉંચે દામકે કપડે ઓર ઉમદા ઉમદા રૂઇસે ભરે હુવે ગદે ઓર ઉપર અચ્છી બારીક ઓર મુલાયમ કપડે કીમતી બિછાકર બેટે હોંશે ઉસસે કયું કર એક ફટી ટુટી ધાબ-લી બિછાકે કેસા સોના ઠીક પડેગા ? ઓર કીશ તરહસેં નિંદ આયગી. અછે અછે સ્વાદિષ્ટ, મધુર ભોજન ખટરસકે સાથ જીમેં હોંતો ઉસસે એહી વનકા કયા નિરશફલ કૈશા ખાયા અયગા ! જીને ઝેવર ઓર ઉમદા કપડા અંગપર કીયા હે, ઉસસે કયુંકર ફટી ટુટી ગેરૂ રંગસે રંગી હુઇ માદક કપડેકી કફની પેરી જાય-ગી ? ખુલ્લા પાંઉસેં ફીરના, શિર ખુલ્લા રખના, વસ્તીમેં ચલકે જાકર ભિક્ષા મંગકર લાગે હાથસે બના કે રોટી ખાના વો તુમારે સે કેસા હો શકેગા ? બિચાર દેખો ! પિછે પસ્તાના ઓર ગૃહે હુવે કુ છોડના એ અચ્છી બાત નહીં. જો કાર્ય કરો પહેલા બિચાર દેખો પસ્તાવા નહીં હોગા; ઓર જગમેં હાશી ન પાઓ-ગે. યોગ સાધન કુછ સેંજ બાત નહીં હે પછી તુમ જાને.

**ગોરખનાથ**—વો ફોકટ તો નહીં જાતા હે. અગર જાનકાર હોકે પિછે જો કામ કરના વો જાસ્તી ઓર ત્વરિત ફળ દેને વાલા હોતા હે. બિછુ ઓર સર્પ વિગેરે ઝેરી જાનવરોંકે કાટે હુવે કાદર્દ બિધિ સહીત મંત્ર પઢનેસે ત્વરિત દુર હો જાતા હે. ઉસ મુજબ ક્રિયા જાનકર યોગ બિધી સહીત જો ધર્મ કાર્ય કરેગા વો બરાબર ઓર જલદી ફળ પામે.

**ભર્તૃહરી**—(ગુપ્ત ઉભો રહી ચર્ચા જોતો હતો ને મનમાં) જણાયછે તો મહાત્મીઓ અને ધર્મ મુર્તિઓ. આમની પાસે યોગ લેવામાં કોઈ જાતનો સંદેહ નથી. લાવ ઝટ જાહેર થઈ તેમની પાસે જઇ યોગ ગૃહણ કરી આત્માનો ઉદ્ધાર કરૂં. ( જોગીઓની નજીક જઇ બે હાથ જોડી સર્વને નમસ્કાર કરે છે ) નમો નારાયણ ! (રાજ્ય પોશાકમાં ભરથરીને આવેલો જોઇ બધા અજબ પામે છે. )

**ગોરખનાથ**—કયું બચ્ચા ! ઇધર કાયકું આયા હે ?

**ભર્તૃહરી**—આપના ચરણની હરનિશ સેવા કરવા માટે.

**ગોરખનાથ**—અમારે આશ્રમમેં સંસારી જીવકા કુછ કામ નહી;

**ભર્તૃહરી**—ગુરૂ રાજ ! એ સંસારનો ત્યાગ કરૂં તો તો રહેવા દેશોને ?

**મછેંદ્રનાથ**—કયા અરજ ! અગર સંસારકી મોહ જાલસેં નિકળના બડા મુસ્કીલ હે. કહેના સીધા હે અગર ચલના બહોત ભારી હે.

**ભર્તૃહરી**—યોગીરાજ ! આપનું કહેવું યથાર્થ છે. પણ સંસારથી કંટાળેલો પ્રાણી ફરીવાર તેને ગૃહતો નથી.

**ગોરખનાથ**—જ્યાં તક લગા હુવા દુઃખ કાસપર ન હોતા હે વાંહાંતક સંસાર પર વૈરાગ આતા હે પન જ્યાં દુઃખ ભુલા પિછે વોહીકા વોહી.

**ભર્તૃહરી**—બધા એવા નબળા ન હોય.

**નારણભારથી**—અચ્છા. અગર તુમારેસે હમારા ધર્મ પળા જાયગા ?

**ભર્તૃહરી**—ઇશ્વર કૃપાથી અને ગુરૂ મહારાજની સમદ્રષ્ટીથી સૌ થશે. મહારાજ !

**ગોરખનાથ**—તુમ કોન હો ઉસકા પહેલા બરનન કરે પીછે બિચાર યોગ દીયા જાયગા.

રાત અપની સેવા બજાવેગા મગર અપની પાસધન નહી હોગાતો અપને ઉનકું નજીક જાકે બોલાઇએ તો પન વો લાંગ પુહ ફિરાકે દુર હડેગા રખ્ખે વલગ પડે ઔર ઉનકે ઘરકું જાયગે તોવો લોગ મુહશી નહી માંડે ગાતો આવકાર તો કહાંશે દેગા ઔર ઘરકી અંદરહી નહી ખાને દેગા કેસી સંસારકી ખુબી ?! જ્યાંતક અપને દેહ મે પુરતા નહોગા વાંતક સ્ત્રિ અપની હોગી બાદ અપના મન ચાહે ઉસ મુજબ ચલેગી.

લક્ષ્મી અગલહે કીસીકે ઘરમેં વો અખંડ રહેતી ઔર રહેગી પણ નહીં. તો ઉસીપર કયા મોહ રાખતા. સંસારમેં ધનહીંજ દુઃખકા મુલહે. ઉનસેજ દુઃખકી ઉત્પતિ હોતી હે. બિચાર દેખીએ વોહી સગા સોંદરાસેં વિરોધ કરતી હે, દુનિઆમેં અપકીર્તિ દેતા હે, ઔર નર્કમેંબી લે જાનેવાલા વોહી હે ઔર રાતો દીન ઉનકી ફીકર કરની પડતી હે. એસા દુઃખદાહી ધન પરકયા મુર્છના રખની.

એ દેહકું બહોત પાલોગે પોસોગે મગર વોહી તુમકું નર્કમેં લે જાને વાલી હયે. વો એસા નહીં જાનેગી કે મેરેકું અછા અછા ખિલાયા પિલાયા ઔર પહેનાયા ઓઢાયા તો ઉશકા મેં બહેતર કરૂં. જ્યું જ્યું ઉશકી શાર વાર કરો વેસેહી તુમકુ દુઃખ દેને વાલી હે. ઔર રોમસે પરભુર ભરી હુઇ હે ઉસીપર જો ગુમડ રખતા હે વો બડા મુર્ખ હે ઉસકું તો હરતરહસે સોસના જીતના બને ઇતના કષ્ટ દેના, જબ વોહ દેહ તુમકુ સુખદાઇ ઔર સ્વર્ગ સુખ દેને વાલી હોગી. એ દેહકા ભરોસા મત રખો કીસ બખત ઢુક જાયગી વો નહીં ચેતાતી કોઇ કામ કલપર મત રખો ઘડી પીછે કરને કાવો. અબ કરો કાલ ચક્ર શિરપર ઘુમાતા હે. વો કીસ બખત આકે દબાવેગા વોહ કુછ ખબર નહી પડતી વાસ્તે ધર્મ સાધન કરો, પ્રભુકા શમરન કરો. પ્રતનિયમપાલો ઔર મનકું નિરમળ રખો. નાહે ધોયેસેં કુછ મન નિરમળ નહીં હોતા ! પ્રભુકા ધ્યાન રૂપી જલસેંહી પવિત્ર હોતા હે.

**મછેંદ્રનાથ**—વો બાતતો ઠીક કહી ગુરૂરાજ ! અગર સબ બાત જ્ઞાન પઢનેશી આતી હયે. તો પ્રથમ જ્ઞાન અને જાન હોના ચાહીએ. નહીં તો જ્ઞાન બિના પશુ સારીકા બીના જ્ઞાનસે જો કુછ કરતા વો ફળદાતા નહીં હોતા હે.

**કંથડનાથ**—તો કયા બિના જ્ઞાનસે જો કુછ કિયા હુવા ફોગટ જાતા હે ?

ખ તથા મરણુના શરણુ થાય છે તો મનુષ્ય ઇંદ્રીના વશ થવાથી મહા દુઃખ તથા મરણુના શરણુ થાય છે તો મનુષ્ય પાંચે ઇંદ્રીના વહેવારથી કેમ અસહ્ય સંકટ ન પામે.

આ સંસાર પણુ અસાર છે. તેમાં લુબ્ધ રહેનાર તે જમનો માર ખાઇ નર્કવેદના સહન કરવી પડે છે. તેમાં અનેક આપવાદો ના બોજો શિરપર આવી અપકીર્તિને આપવા વાળો છે. આ અથીર સંસાર કામ, ક્રોધ, લોભ, માન અને માયાથી ભરેલો છે, તેમ અનેક કષ્ટોને આપવાં વાળો છે, એવા સંસાર પરમમતાં રાખનાઓને ધિક્કાર છે.

આ નાશવંત સંસારમાં જે પ્રાણીઓ મારૂં મારૂં કરી મનને અતિ સંતાપે છે પણુ હે ચેતન એતો તારૂં તલભાર પણુ નથી. એતો જ્યાં છે ત્યાંનુ ત્યાંજ રહેવાનુ છે. ફોકટ ફાંશા મારે છે?

અરે પ્રાણીઆ સંસારમાં જન્મિ તેં શું શાર્થક કર્યુ? આખે ભવ કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા ને મત્સરને વશ થઇ એળે ગુમાવ્યો. કંચન, કામનીમાં લુબ્ધ થઇ પરમાત્માને ન પિછાન્યા એક ઘડી પણુ તેની ભક્તિ ન કરી. મરણુ હમેશાં પગતળે રહેછે. અને કાળ ચક્ર હમેશાં શિરપર ઘુમે છે. તેઓ ઓચિંતા આવી પોતાના સપાટામાં કયારે સપડાવી નાંખશે. તેની જરાએ ખબર પડતી નથી. આજ સુધીમાં મનુષ્યનો શો ધર્મ છે તે ના પિછાણ્યો અનેક રાગ રંગમાં દોરાઇ જે કરવાનુ તે ના કર્યું.? હાય હવે મારી શીવલે થશે? આખી જીંદગીમાં કાંઇ પણુ સુકૃત્ય કર્યું નથી તેમજ પ્રભુ ભક્તિમાં જરા પણુ વખત ગાળ્યો નથી. તેમ ચિતમાં જરા પણુ ચિંતવન કર્યું નથી. આખો ભવ મોજ મજામાં ને વિલાસ સુખમાં કાઢયો તેનું આ સંસારમાં તો આ ફળ મળયું; પણુ હવે પ્રભુ આગળ શિક્ષાને પાત્ર થઇશ? મેં બેવકુફે જરા પણુ વિચાર નહીં કીધો? અને છેકજ અંધ બની ગયો? આ ગંદકી કાયા ઉપર રાગ વાન થઈ તેને તેલ, અત્તર વિગેરે સુગંધી પદાર્થો લગાવી તથા સુ વસ્ત્રો અને અલંકારથી શોભાવાળી કરી, અને મિષ્ટ ભોજન અને નિરમળ જળથી સંતોષી છે. પણુ જરાએ તેને ધર્મ કૃત્યમાં જોડી નથી. તેમ ધન પણુ ઘણું એકઠું કર્યું અને વિષય સુખ વિગેરે મોજ શોખમાં લગાવ્યું પણુ ધર્મ કાર્યમાં જરાએ પણુ જોડયું નહીં. અરે ધિક્કાર છે મારી મનોવૃત્તિને સં-

## જાહેર ખબર.

| | | | |
|---|---|---|---|
| કી. મીરા સયદઅલી | ૦—૨—૦ | કી. મલેક મહમદ | ૦—૪—૦ |
| કીસ્સા તંબોલન. | ૦—૨—૦ | મજમુએ મરસીયા. | ૦—૨—૦ |
| કીસ્સા હાજી મંગલોરીસા | ૦—૨—૦ | મોજી જાહીરની વીગેરે. | ૦—૧—૦ |
| કીસ્સા શાહે ઝુકુમ. | ૦—૨—૦ | કીસ્સા સોપાક જાદા. | ૦—૧—૦ |
| કીસ્સા શાહેરમ. | ૦—૨—૦ | કીસ્સા સોનાગર બચ્ચા. | ૦—૨—૦ |
| કીસ્સા યુસુફે સાજા. | ૦—૪—૦ | કીસ્સા ચીત્રવાળી. | ૦—૨—૦ |
| કીસ્સા લાલ ગોહર. | ૦—૨—૦ | કીસ્સા સાહેયમન. | ૦—૨—૦ |
| દુવાએ ગન્જુલઅરસ. | ૦—૧—૦ | નાજની પઠાણકા કીસ્સા. | ૦—૧—૦ |
| કસફુલ ખુલાસા. | ૦—૨—૦ | ચુહા બીલ્લીકા કીસ્સા. | ૦—૧—૦ |
| સુબોકા સીતારા. | ૦—૫—૦ | બેરુલ અમલકા કીસ્સા. | ૦—૧—૦ |
| સખાવત નામા. | ૦—૧—૦ | બીબી મરીયમકા કીસ્સા. | ૦—૨—૦ |
| વફાતનામા બીબી ફાતમકા. | ૦—૧—૦ | છબીલી ભટીયારીકા કીસ્સા | ૦—૨—૦ |
| મદેનબી અને બાગે રસુલ. | ૦—૩—૦ | ગુલઝારે કબરસ્તાન. | ૦—૨—૦ |
| સાદીનામા બીબી ફાતમકા. | ૦—૧—૦ | મજમુએ જોગી નામા. | ૦—૧—૦ |
| મજમુએ મુનાજાત. | ૦—૧—૦ | ગુલજારે માતમ. | ૦—[illegible]—૦ |
| સકરાત નામા | ૦—૧—૦ | ફનાએ ફતેન માતમા. | ૦—૨—૦ |
| મજમુએ મદહાત. | ૦—૪—૦ | હેલ[illegible]ને મોહીનારાણી | ૦—[illegible]—૦ |
| મજમુએ નજ મુઝઝીયા. | ૦—૪—૦ | હાતમતાઇકા કીસ્સા. | ૦—૮—૦ |
| નુર નામે. | ૦—૨—૦ | લેલી મજનુકા કીસ્સા. | ૦—૧—૦ |
| ચાર દુરવસકા કીસ્સા. | ૦—૫—૦ | ઝવાહીર હીંદી. | ૦—૬—૦ |
| શાહેજહા શાહેરીકા કીસ્સા. | ૦—૨—૦ | તનકીપુરસલાત. | ૦—૪—૦ |
| જેતુન મોહમદ હનીફાકા. | ૦—૨—૦ | જંગનામા મોહોમદ નીફકા કીસ્સા. | ૦—૯—૦ |
| તમોમ અનસારીકા કીસ્સા | ૦—૪—૦ | ગુલઝારે પંજતન. | ૦—૩—૦ |
| કાલી ગોરીનો કીસ્સા. | ૦—૨—૦ | ગાયન સંગરે. | ૦—૨—૦ |
| જમજમાકી ખોપરી. | ૦—૧—૦ | ફસાનેઅજાયબ | ૦—૮—૦ |
| દાઇ હલીમા | ૦—૨—૦ | મજમુએ માતમ. | ૦—૪—૦ |
| હુજજતુલ ઇસલામ | ૦—૨—૦ | | |

આ સીવાય વારતાઓ તથા નાટકો તથા પુસ્તકો વીગેરે ઘણી જાતની ચોપડીઓ હમારી પાસેથી મળશે માટે સદ્‌ગૃહસ્થો તથા વેપારી ઓને ખબર આપવામા આવે છે કે હમો વ્યાજબી ભાવે મોકલીશું માટે એક વખતે મંગાવી ખાતરી કરશો.

**બુકસેલર—છોટાલાલ છગનલાલ.**

**ઠે. રીચીરોડ—મુ. અમદાવાદ.**

**બુકસેલર. ખત્રી. પરસોતમ મુલચંદ.**

**ગુલાલવાડી ત્રીજે ભોઇવાડા રેશમની દુકાને મુંબઇ.**